અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
જાહવી કપૂરે રેડ ગાઉનમાં કરાવ્યું હોટ ફોટોશૂટ

પેજ-09
વિરાટ કોહલી ઇંગ્લેન્ડ સામેની આગામી બે ટેસ્ટમાંથી...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 30.00 | 17.00 |
| સુરત | 31.00 | 18.00 |

પેજ 5



કરોડો યૂઝર્સ માટે RBIનો મોટો ખુલાસો, Paytm...

**10** FEBRUARY-2024 SATURDAY

શું તમે જાણો છો પાડોશી દેશને કોને નામ આપ્યું...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 71595.49 | ▲ | 167.06 |
| નિફ્ટી | 21782.50 | ▲ | 064.55 |
| સોનું | 62285.00 | ▼ | 158.00 |
| ચાંદી | 70850.00 | ▲ | 013.00 |

વર્ષ-13 । અંક-086 । વિક્રમ સંવત-2080 । મહા સુદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### બે પૂર્વ વડાપ્રધાન અને કૃષિ વૈજ્ઞાનિકને ભારત રત્ન, PM મોદીએ સોશિયલ મીડિયા પર આપી માહિતી

# નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ અને સ્વામિનાથનને ભારત રત્ન

નવી દિલ્હી । તા.09

કેન્દ્ર સરકારે પીવી નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ અને એમએસ સ્વામિનાથનને ભારત રત્ન આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. ચૌધરી ચરણ સિંહ દેશના પાંચમા અને નરસિમ્હા રાવ દેશના નવમા વડાપ્રધાન હતા. સ્વામિનાથનને હરિયાળી ક્રાંતિના પિતા કહેવામાં આવે છે. આ અમારી સરકારનું સૌભાગ્ય છે કે દેશના પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવી રહ્યા છે. આ સન્માન દેશ માટે તેમના અજોડ યોગદાનને સમર્પિત છે. તેમણે પોતાનું સમગ્ર જીવન ખેડૂતોના અધિકારો અને તેમના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હોય કે દેશના ગૃહમંત્રી અને ધારાસભ્ય તરીકે પણ તેમણે હંમેશાં રાષ્ટ્રનિર્માણને પ્રોત્સાહન આપ્યું છે.




પીવી નરસિમ્હા રાવ




ચૌધરી ચરણ સિંહ




એમએસ સ્વામીનાથન

### તમે દીલ જીતી લીધું.... દાદા ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન મળવા પર પૌત્ર જયંત ચૌધરીએ ખુશી વ્યક્ત કરી

આરએલડીના વડા જયંત ચૌધરીએ પૂર્વ વડાપ્રધાન સ્વ.ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન આપવાની કેન્દ્ર સરકારની જાહેરાત પર ખુશી વ્યક્ત કરી છે. જયંત ચૌધરીએ ટ્વીટ કરીને કહ્યું કે સરકારે દિલ જીતી લીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી. જયંત ચૌધરીએ ટ્વીટ કરીને કહ્યું કે સરકારે દિલ જીતી લીધું કેન્દ્ર સરકારે શુક્રવારે ત્રણ લોકોને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કરી હતી.

### 'હવે હું ક્યા મોઢે ના પાડું' RLD ચીફ જયંત ચૌધરીએ ભાજપ સાથે ગઠબંધનને આપી મંજૂરી

RLD ચીફ જયંત ચૌધરી તેમના દાદા અને દેશના પૂર્વ પીએમ ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન મળવાથી ખૂબ જ ખુશ છે. સરકારની જાહેરાત બાદ તેમણે કહ્યું કે આજનો દિવસ દેશ માટે મોટો દિવસ છે. હું લાગણીશીલ છું. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરું છું. દેશ તેમનો આભાર માને છે. વડાપ્રધાન મોદી દેશની નાડી સમજે છે. હવે જયંત ચૌધરી એનડીએમાં જોડાશે તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. શુક્રવારે મોદી સરકારે RLD ચીફ જયંત ચૌધરીના દાદા અને પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન આપવાની જાહેરાત કરી હતી. સરકારની આ જાહેરાત બાદ જયંત ખૂબ જ ભાવુક દેખાતા હતા, તેમણે પીએમ મોદીનો દિલથી આભાર માન્યો હતો. દરમિયાન જ્યારે તેમને ભાજપ સાથે હાથ મિલાવવાનો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે જયંતે કહ્યું, 'હવે હું કેવી રીતે ના પાડી શકું?'

## Quick Read

### PM મોદી સાથે આંધ્રપ્રદેશના CM જગન મોહનએ મુલાકાત કરી: રાજ્ય માટે વિશેષ દરજ્જો માંગ્યો

નવી દિલ્હી : વડાપ્રધાન કાર્યાલય (PMO)એ પણ જગન અને મોદી વચ્ચેની મુલાકાત વિશે X પર પોસ્ટ કરી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી શુક્રવારે 9 ફેબ્રુઆરીએ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સૂત્રોએ દાવો કર્યો છે કે CM જગને આંધ્ર પ્રદેશ માટે વિશેષ દરજ્જો માંગ્યો છે. જગન આ મુદ્દે વડાપ્રધાન અને ગૃહમંત્રી સાથે અનેક બેઠકો કરી ચૂક્યા છે. 2019માં CM જગને તેમના મેનિફેસ્ટોમાં આંધ્રને વિશેષ દરજ્જો આપવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના આધારે તેમને વિજય પણ મળ્યો હતો આંધ્રપ્રદેશમાં કોંગ્રેસની પકડ મજબૂત થઈ રહી છે. તેમજ, તેલુગુ દેશમ પાર્ટી (TDP) અને ભાજપ સાથે ગઠબંધનની સંભાવના વધી રહી છે.

### ફેસબુક લાઈવમાં ઉદ્ધવ જૂથના નેતાની હત્યા, હુમલાખોરે પોતે પણ આત્મહત્યા કરી, ચર્ચાનો દોર શરુ

મુંબઈ : મુંબઈમાં, શિવસેનાના નેતા અને ઉદ્ધવ જૂથના ભૂતપૂર્વ કાઉન્સિલર અભિષેક ઘોષાલકરની ગુરુવારે (8 ફેબ્રુઆરી) રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ફેસબુક લાઈવ પર ચર્ચા દરમિયાન અભિષેકને ગોળી મારવામાં આવી હતી. અભિષેક પર હુમલા બાદ આરોપીએ ખુદને પણ ચાર ગોળી મારી દીધી હતી. જેના કારણે તેનું પણ મોત થયું હતું. આરોપીની ઓળખ મોરિસ તરીકે થઈ છે. અભિષેક ઘોષાલકર શિવસેના (ઉદ્ધવ જૂથ)ના ભૂતપૂર્વ ધારાસભ્ય વિનોદ ઘોષાલકરના પુત્ર હતા. ઘટનાને પગલે ચર્ચાઓનો દોર શરુ થયો છે.

### 'રામલલાને આરામની પણ જરૂર', અયોધ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ પર ચંપત રાયની અપીલ

અયોધ્યા : અયોધ્યા રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. મંદિરના કપાટ 14 કલાક સુધી ખુલ્લા રહે છે. આ દરમિયાન શ્રી રામ જન્મભૂનિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું કે, 'ભાગવાન રામને આરામની જરૂર છે.' મીડિયા ઈન્ટવ્યૂમાં ચંપત રાયે જણાવ્યું કે, 'અયોધ્યા રામ મંદિરમાં રોજ એક લાખ ભક્તો દર્શન માટે આવી રહ્યા છે અને ભક્તોની ભીડ ઓછી કરવા માટે 24મી જાન્યુઆરીથી 14 કલાક સુધી દર્શનની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે. ઘણા લોકો કહે છે કે, હવે રામલલાની આરામની જરૂર છે. ભગવાનને 14 કલાક સુધી જાગ્રત રાખવા યોગ્ય નથી.

### સ્કૂલમાં થપ્પડ કાંડ મામલે સુપ્રીમકોર્ટ ગુસ્સે, આદેશની અવગણના બદલ યુપી સરકારનો લીધો ઉધડો

નવી દિલ્હી : ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરમાં એક મહિલા શિક્ષક દ્વારા મુસ્લિમ છોકરાને તેના સાથી વિદ્યાર્થીઓ દ્વારા થપ્પડ ખડાવવાનો મામલો ફરી વાર ચર્ચામાં છે. આ વખતે સુપ્રીમકોર્ટે યુપી સરકારનો ઉધડો લઈ નાખ્યો છે. મામલો એમ છે કે આદેશનું પાલન ન કરવા બદલ ટોચની કોર્ટે ઉત્તરપ્રદેશની યોગી સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમકોર્ટે હોમવર્ક ન કરવા બદલ મુસ્લિમ છોકરાને મહિલા શિક્ષકના કહેવા પર થપ્પડ મારનારા સાથી વિદ્યાર્થિઓનું કાઉન્સેલિંગ કરવા આદેશ આપ્યો હતો જેનું હજું સુધી યોગી સરકાર દ્વારા પાલન કરવામાં આવ્યું નથી. સુપ્રીમકોર્ટે બે અઠવાડિયાનો આપ્યો સમય સુપ્રીમકોર્ટે એ વાતની નોંધ લીધી હતી કે ઉત્તરપ્રદેશની સરકાર દ્વારા કોર્ટના આદેશોનું પાલન કરવામાં આવ્યું નથી.






### કાશ્મીરના ગુલમર્ગનું તાપમાન માઈનસ 12 ડિગ્રી

હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર-ઉત્તરાખંડમાં હાડગાળતી ઠંડીનો અનુભવ થયો હતો. હિમાચલ પ્રદેશના કુકુમસેરમાં ઠંડીનો રેકોર્ડ તોડયો હતો અને તાપમાનનો પારો ગગડીને માઈનસ 14.2 ડિગ્રીએ પહોંચી ગયો હતો.કાશ્મીરમાં પણ ઠંડીની એવી જ સ્થિતિ હતી. ગુલમર્ગ માઈનસ 12 ડિગ્રી સાથે સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું. પહલગામનું તાપમાન પણ માઈનસ 11.9 ડિગ્રીએ ગગડી ગયું હતું. કાશ્મીરમાં સંખ્યાબંધ સ્થળોનું તાપમાન માઈનસમાં રહેતા જનજીવનને અસર થઈ હતી. કોકણનાગનું તાપમાન માઈનસ 4.5, શ્રીનગરનું તાપમાન માઈનસ 5.2 ડિગ્રીએ રહ્યું હતું.

### 59 પાનાંનું શ્વેતપત્ર રજૂ કરવામાં આવ્યું હતું

# લોકસભામાં શ્વેતપત્ર પર ચર્ચા: નાણામંત્રીએ કહ્યું- તેઓ સત્યાનાશ કરીને ચાલ્યા ગયા



નવી દિલ્હી । તા.09

નાણામંત્રી નિર્મલા સીતારમણે શ્વેતપત્ર પર લોકસભામાં ચાલી રહેલી ચર્ચામાં જવાબ આપ્યો. તેમણે કહ્યું હતું કે અગાઉની સરકાર (યુપીએ) સત્યનાશ કરીને ગઈ, અમે એને સુધારી. આજે આ લોકો મગરમચ્છનાં આંસુ વહાવી રહ્યા છે. ડિસ્ટ્રિક્ટ મિનિરલ ફંડ લાવ્યા. વિદેશી ફંડિંગની શરૂઆત થઈ, કેમ કે અમે 100 ટકા FDI કર્યું છે. નિર્મલા સીતારમણે કહ્યું હતું કે તમે લોકોએ કોલસાને રાખમાં ફેરવી નાખ્યો, પરંતુ અમે અમારી નીતિઓના જોરે એ જ કોલસાને હીરા બનાવી દીધા. આજે એ જ હીરા ખનિજ વિસ્તારમાં પોતાની ચમક પ્રસરી રહ્યા છે. સીતારમણે એવું પણ કહ્યું હતું કે 2020થી 9 વાર ઓક્શનમાં કોલ બ્લોકનું એલોકેશન થયું. પાછલા બારણેથી મારા ભાઈ, મારી બહેન, મારા ભત્રીજાને ફાળવણી કરવામાં આવી નથી અને આજે તેઓ અમને ક્રોનિક કેપિટલાઈઝેશન વિશે જ્ઞાન આપે છે.

#### કોલસા બ્લોક ફાળવણીમાં ભ્રષ્ટાચાર, 1.86 લાખ કરોડનું નુકસાન

જેમાં સરકાર દ્વારા ખાનગી કંપનીઓને કોલ બ્લોકની ફાળવણીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયો હતો. CAGના અંદાજ મુજબ, આનાથી સરકારી તિજોરીને 1.86 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ બાબત 2012માં પ્રકાશમાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આવી 204 ફાળવણી રદ કરી હતી. 47 કેસમાંથી 14 કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપીઓને દોષિત જાહેર કર્યા છે.

#### કોમનવેલ્થ ગેમ્સમાં ભ્રષ્ટાચાર

રમતગમત સંબંધિત વિવિધ પ્રોજેક્ટના આયોજન અને અમલીકરણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. આ ઘટના પ્રભાવિત થઈ હતી. દિલ્હીની કોર્ટમાં પેન્ડિંગ એવા 8 કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

#### 2જી ટેલિકોમ કૌભાંડ, તેના કારણે 1.76 લાખ કરોડ રૂપિયાની આવકનું નુકસાન

આમાં સરકારને અંદાજે 1.76 લાખ કરોડ રૂપિયાની સંભવિત આવકનું નુકસાન થયું છે. કેગ દ્વારા 3જી સ્પેક્ટ્રમના દરના આધારે નુકસાનનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ભ્રષ્ટાચારના કેસ એપેલેટ કોર્ટમાં છે.

### 'બાલાસાહેબને પણ ભારત રત્ન આપવો જોઈએ' રાજ ઠાકરેએ કેન્દ્ર સરકારને માંગ કરી

મુંબઈ । તા.09

કેન્દ્ર સરકારે પૂર્વ વડાપ્રધાન નરસિમ્હા રાવ, પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ અને કૃષિ ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર એસ.સ્વામીનાથનને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કર્યા બાદ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે (Raj Thackeray)ની પ્રતિક્રિયા આવી છે. તેમણે કેન્દ્ર સરકારને બાલાસાહેબ ઠાકરે (Balasaheb Thackeray)ને એવોર્ડ આપવાની માંગ કરી છે. રાજ ઠાકરેએ કહ્યું કે, 'કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળની સરકારે પી.વી.નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ અને પ્રવણ મુખર્જીને ભારત રત્ન આપી રાજકીય ઉદારતા દર્શાવી છે. ત્યારે આવી ઉદારતા દર્શાવી બાલાસાહેબ ઠાકરેને પણ ભારત રત્નથી સન્માનીત કરવા જોઈએ.

### 97 કરોડ મતદારો નોંધાયા: ECએ કહ્યું- 5 વર્ષમાં 2 કરોડ નવા મતદારો ઉમેરાયા, મહિલા, યુવા અને વિકલાંગ મતદારો વધ્યા

# લોકસભા ચૂંટણી 2024માં નવો રેકોર્ડ સર્જાશે, ભારત સૌથી વધુ મતદારો ધરાવતો દેશ બનશે, દેશમાં મતદારો સંખ્યા વધી

નવી દિલ્હી । તા.09

2024ની લોકસભા ચૂંટણીમાં 97 કરોડ લોકો મતદાન કરી શકશે. ચૂંટણી પંચે શુક્રવારે તમામ 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોના મતદારોને લગતો વિશેષ સમરી રિવીઝન 2024 રિપોર્ટ જાહેર કર્યો. પંચે કહ્યું કે 18થી 29 વર્ષની વયજૂથના 2 કરોડ નવા મતદારો મતદાન યાદીમાં ઉમેરાયા છે. 2019ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યામાં 6%નો વધારો થયો છે. ચૂંટણી પંચે કહ્યું- 96.88 કરોડ મતદારો, જે વિશ્વમાં સૌથી વધુ છે,



લોકસભા ચૂંટણીમાં મતદાન માટે નોંધાયેલા છે. આ ઉપરાંત લિંગ ગુણોત્તર પણ 2023માં 940થી વધીને 2024માં 948 થયો છે. ભારતીય ચૂંટણી પંચે મતદારોના આંકડા જાહેર કર્યા છે. ચૂંટણી પંચ અનુસાર, ભારતમાં 96 કરોડ 88 લાખ મતદારોના નામ નોંધાયેલા છે. એટલે કે, 2024ની લોકસભા ચૂંટણીમાં કોની સરકાર બનશે તે નક્કી કરવાનો અધિકાર 96 કરોડથી વધુ લોકોના હાથમાં હશે. ચૂંટણી પંચના મતે વિશ્વમાં સૌથી વધુ મતદારો ભારતમાં છે. 6 ટકા નવા મતદારો જોડાયા આગામી લોકસભાની ચૂંટણી વિશ્વમાં સૌથી વધુ મતદારો ધરાવતો દેશનો રેકોર્ડ સર્જાશે.

### આજે સંસદના બંને ગૃહોમાં રામ મંદિર પર ચર્ચા, ભાજપે વ્હીપ જારી કર્યું

નવી દિલ્હી । તા.09

ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં રામ મંદિર નિર્માણ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરાયા બાદ કેન્દ્ર સરકારે આવતીકાલે સંસદના બંને ગૃહોમાં રામ મંદિર પર ચર્ચા કરાવવાનો નિર્ણય કર્યો છે. લોકસભામાં રામ મંદિરની ચર્ચા અંગે સીધી રજુઆત થઈ શકી નથી, તેથી આ માટે એક બિલ લાવવાની પણ તૈયારી કરાઈ છે. કેન્દ્ર સરકારે બંને ગૃહોના ભાજપ સાંસદો માટે વ્હિપ જારી કર્યું છે.

### વડાપ્રધાને સોશિયલ મીડિયા પર ચાર તસવીરો શેર કરી અને લખ્યું- આજે બપોરે શાનદાર ભોજનનો આનંદ માણ્યો

# PMએ સાંસદોને કહ્યું- સાથે આવો, હું તમને સજા નહીં કરું: BSP, TDP, BJP અને BJD સભ્યો સાથે કેન્ટીનમાં લંચ કર્યું

નવી દિલ્હી । તા.09

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સંસદની કેન્ટીનમાં અનેક રાજકીય પક્ષોના સાંસદો સાથે લંચ લીધું હતું. સૂત્રોને ટાંકીને કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ સાંસદોને બપોરે 2:30 વાગ્યે આ અનૌપચારિક લંચની માહિતી મળી હતી. જ્યારે વડાપ્રધાન કેન્ટીન પહોંચ્યા તો તેમણે સાંસદોને કહ્યું કે મારી સાથે આવો, હું તમને સજા નહીં કરું. વડા પ્રધાન સાથે લંચમાં ભાજપના સાંસદ હિના ગાવિત, એસ ફાંગનોન કોન્યાક, જામ્યાંગ નામગ્યાલ, એલ મુરુગન, TDP સાંસદ રામ મોહન નાયડુ, બસપા સાંસદ રિતેશ પાંડે અને બીજેડી સાંસદ સસ્મિત પાત્રા હાજર હતા. વડાપ્રધાન



અને સાંસદોની આ લંચ મીટિંગ લગભગ 45 મિનિટ સુધી ચાલી હતી. વડાપ્રધાને સોશિયલ મીડિયા પર ચાર તસવીરો શેર કરી અને લખ્યું- આજે બપોરે શાનદાર ભોજનનો આનંદ માણ્યો. વિવિધ પક્ષો અને દેશના વિવિધ ભાગોના સાંસદોના સહકારથી તે વધુ સારું બન્યું.

#### શરીફ સાથે મુલાકાત ઉપરાંત વિદેશ પ્રવાસ અંગે પણ વાત કરી

વડાપ્રધાને સાંસદો સાથે તેમના વિદેશ પ્રવાસો, નવાઝ શરીફ સાથેની મુલાકાત, સ્ટેચ્યુ ઓફ યુનિટી, અબુધાબીમાં મંદિર વિશે વાત કરી. અબુ ધાબીમાં પ્રથમ મંદિરનો પાયો 2018માં વડાપ્રધાન મોદીએ નાખ્યો હતો. તેઓ 14મી ફેબ્રુઆરીએ તેનું ઉદ્ઘાટન કરશે. તેમજ આ લંચનું બિલ પણ પીએમઓએ ચૂક્વ્યુ હતુ.

### 'હલ્દવાની ઘટના માટે CM ધામી જવાબદાર', IMCના વડાએ વીએચપી અને બજરંગ દળ પર સાધ્યું નિશાન

હલ્દવાની । તા.09

હલ્દવાની હિંસા અને જ્ઞાનવાપી પર કોર્ટના નિર્ણયનો વિરોધ કરતા ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલ (IMC)ના વડા મૌલાના તૌકીર રઝાએ બરેલીમાં સામૂહિક ધરપકડ અને જેલ ભરો આંદોલનની જાહેરાત કરી હતી. ત્યાર બાદ ઈએમસીના વડા મૌલાના તૌકીર રઝાની ઉત્તર પ્રદેશ પોલીસે અટકાયત કરી હતી. બાદમાં એક પત્રકાર પરિષદ કરીને તૌકીર રઝાએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું હતું. સાથે જ તેમણે હલ્દવાની ઘટના માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીને જવાબદાર ઠેરવ્યા હતા.



વીએચપી અને બજરંગ દળ પર પ્રહારો કરતા મૌલાના તૌકીર રઝાએ કહ્યું કે, 'હલ્દવાની હિંસા માટે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી જવાબદાર છે, તેમની ધરપકડ થવી જોઈએ. અમારા લોકોને બળજબરીથી રોકવામાં આવ્યા છે. અમારા યુવાનોને નિયંત્રણમાં છે. વીએચપી અને બજરંગ દળ જેવા સંગઠનો સત્તાના દમ પર અપ્રમાણિકતાથી કામ કરી રહ્યા છે. વીએચપી અને બજરંગ દળ જેવા સંગઠનો પર અંકુશ નહીં આવ્યો તો મુશ્કેલી થશે.'

### પહેલા પાકિસ્તાન દ્વારા ગુજરાતમાં ડ્રગ્સ આવતું હતું, પરંતુ હવે ગુજરાતની ધરતી પર જ પ્રતિબંધિત ડ્રગ્સની ફેક્ટરીઓ શરૂ થઇ ગઇ છે

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં 32,590 કિલોનું 5000 કરોડથી પણ વધુ કિંમતનું પ્રતિબંધિત ડ્રગ્સ પકડાયું છે: ઉમેશ મકવાણા

### પંજાબ પોલીસે ગુજરાતમાં આવીને એક ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી અને તેના માલિકની પણ ધરપકડ કરી હતી, 70 કેટલા લોકોના જીવ ગયા હતા એ બોટાદ લઠ્ઠાકાંડનો આરોપી આજે પણ ખુલ્લેઆમ ફરી રહ્યો છે: ઉમેશ મકવાણા

અમદાવાદ/બોટાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ વિધાનસભા ખાતે એક ગંભીર મુદ્દા પર મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સરકારી આંકડા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં 32,590 કિલોનું પ્રતિબંધિત ડ્રગ્સ પકડાયું છે. જેની બજાર કિંમત અંદાજિત 5000 કરોડથી પણ વધુ છે. પંજાબ પોલીસે ગુજરાતમાં આવીને એક ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી અને તેના માલિકની પણ ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ દ્વારા પ્રતિબંધિત ડ્રગ્સ સાથે જોડાયેલા સો જેટલા લોકોની પણ ધરપકડ કરવામાં આવી હતી.



જેમાંથી આજે 70 થી 80% લોકો બહાર ખુલ્લા ફરી રહ્યા છે. બે ત્રણ વર્ષ પહેલા અદાણી પોર્ટ પરથી 20,000 કરોડનું ડ્રગ્સ પકડાયું હતું.

પહેલા પાકિસ્તાન દ્વારા અને આતંકવાદી સંગઠનો દ્વારા ગુજરાતમાં ડ્રગ્સ પહોંચાડવામાં આવતું હતું, પરંતુ હવે ગુજરાતની ધરતી ઉપર જ પ્રતિબંધિત ડ્રગ્સની ફેક્ટરીઓ શરૂ થઈ ગઈ છે અને પંજાબ પોલીસે આ જ પ્રકારની એક ડ્રગ્સની ફેક્ટરીને ઝડપી પાડી હતી. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મહાનગરમાં નાઈટ પાર્ટીઓ યોજીને ગુજરાતના યુવાધનને બરબાદ કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. હું સરકાર સમક્ષ માંગણી કરું છું કે ગુજરાતમાં યુવાનોને બરબાદ કરવા માટે ચાલતી નાઈટ પાર્ટીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવે. ગુજરાતમાં એવો એક પણ દિવસ નહીં હોય જ્યાં ડુપ્લીકેટ સીરપ, દારૂ કે ડ્રગ્સ ન પકડાયું હોય. અમારો સવાલ છે કે એ કયા વાઈટ કોલરના લોકો છે જેઓ ખૂલે આમ ફરી રહ્યા છે અને કેમ તેમના પર ગુજકોક જેવી કલમ દાખલ કરવામાં નથી આવતી. 70 કેટલા લોકોના જીવ ગયા હતા એ બોટાદ લઠ્ઠાકાંડનો આરોપી આજે પણ ખુલ્લેઆમ ફરી રહ્યો છે. આવા અનેક મોટા માથાઓ ખુલ્લા ફરી રહ્યા છે અને ફક્ત નાની માછલીઓને પકડવામાં આવે છે.

સામાજિક સંગઠનો સાથે મળીને ગુજરાત સરકાર દ્વારા કોઈપણ પ્રકારના વ્યસન મુક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું નથી. જો ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓને સાથે જોડવામાં આવે તો ગુજરાતનું યુવાધન વ્યસનમુક્ત થઈ શકે છે. હું જનતાને કહેવા માંગીશ કે આપણા બાળકોને વ્યસન મુક્ત કરવા માટે આપણે સૌએ પણ પ્રયાસ કરવી પડશે. સરકારની સાથે સાથે તમામ ધારાસભ્ય સાથીઓએ પણ પ્રયાસ કરવો પડશે.

વ્યસન મુક્તિ માટે મેં એક નાનો પ્રયાસ કર્યો છે. જે અનુસાર જે ગામના 100 યુવાનો ગુટકા, દારૂ, પાન, મસાલા ખાવાનું છોડી દેશે, તે ગામને હું પાંચ લાખની ગ્રાન્ટ જાહેર કરીશ. મારું માનવું છે કે દરેક સાંસદ સભ્ય, ધારાસભ્ય અને સરકાર દ્વારા આ પ્રકારના અભિયાન ચલાવવામાં આવે તો ચોક્કસપણે ગુજરાત વ્યસનમુક્ત થઈ શકે છે.

### શ્રી ગોરધનભાઈ ઝડફીયાની ઉપસ્થિતમા જીબીયા વણાકબોરીની સામાન્ય સભા તથા વિદાય સમારંભ



ગુજરાત ના પુર્વ ગૃહ મંત્રી અને જીબીયા એસોસિયેશન ના પ્રમુખ શ્રી ગોરધન ભાઈ ઝડફીયા ની ઉપસ્થિત મા વણાકબોરી થર્મલ ખાતે જીઈબી એન્જીનીઅર એસોસિયેશન ની સામાન્ય સભા અને જનરલ સેક્રેટરી શ્રી આર.જી.પટેલ સેવા નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો આ પ્રસંગે શ્રી ગોરધન ભાઈ ઝડફીયા સાહેબે પોતાના ઉદબોધન મા કહ્યું હતું કે કર્મચારી પોતાની સર્વિસ લાઈફ દરમ્યાન વિપરીત સ્થિતિ માં કામ કરતા શરીર ને ઘસારો આપે છે તે દરમ્યાન સંસ્થા તેની મેડીકલ ટ્રીટમેન્ટ નો ખર્ચ ઉઠાવે છે પરંતુ નિવૃત્તિ બાદ જ્યારે ખરા અર્થમાં સારવાર ના ખર્ચ ની જરુર હોય ત્યારે તે બંધ થઇ જાય તે યોગ્ય નથી, તો નિવૃત્તિ બાદ પણ સારવાર ના ખર્ચ નુ પ્રાવધાન હોવું જ જોઇએ,તેવી લાગણી અને માગણી વ્યક્ત કરી હતી આ સમારંભ મા પુર્વ ગૃહ મંત્રી અને જીબીયા પ્રમુખ શ્રી ગોરધનભાઈ ઝડફીયા સાહેબે તથા સેક્રેટરી જનરલ શ્રી બી.એમ. શાહ સાહેબે,ભાજપ ના રાષ્ટ્રીય પરીષદ ના સદસ્ય શ્રી વિનુભાઈ પટેલ,વણાકબોરી થર્મલ ના ચિફ એન્જિનિયર શ્રી એચ.આર.મર્ચન્ટ સાહેબ તથા જીબીયા કમિટી ના હોદેદારો સભ્યો પરીવાર શાથે ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ નુ સુંદર સંચાલન શ્રી વી.એન.રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભાજપના તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા પરેશાન કરવામાં આવતા વિધવા માતા અને દીકરીઓની 'આપ' ધારાસભ્ય ચૈતર વસાવાએ મુલાકાત લીધી

#### ચૈતરભાઈ વસાવાએ પીડિત પરિવારને આશ્વાસન આપ્યું કે આગળ ન્યાય અપાવવા ન્યાયિક લડાઈમાં સાથે રહીશું

અમદાવાદ/ભરૂચ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાએ ઝાડેશ્વર ગામમાં રહેતા આદિવાસી વિધવા મહિલા અને ત્રણ દિકરીઓની મુલાકાત લીધી હતી. આ મહિલા પોતાની ત્રણ દિકરીઓ સાથે વસવાટ કરી રહ્યા હતા. તેઓ સૌ ઘર કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. એમની દિકરીઓ લગ્ન લાયક થતાં અને એમની દિકરીઓના રક્ષણ માટે જેમ તેમ કરી ચાર બાજુ દીવાલ બનાવી મકાન બનાવી રહ્યા હતા. ત્યારે થોડા દિવસ અગાઉ ભાજપના તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા બૌડામાં અરજી કરી કામ અટકાવી ગરીબ પરિવાર ને દબાવવાનું કાવતરું કર્યું હતું અને ત્યાર બાદ બૌડા દ્વારા નોટીસ મારી દીધેલ હતી. અગાઉ પણ આ પ્રમુખ દ્વારા જાતી વિષયક અપશબ્દો બોલી ગમે તેમ વર્તન કર્યું હતું. આ બાબતની ફરિયાદ કરવા જ્યારે ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશન ગયા ત્યારે એમની સાથે પોલીસ સ્ટેશનમાં પણ ગમે તેમ વર્તન થયું હોય એમ જાણવા મળ્યું હતું અને આજે આ પરિવારની મુલાકાત લઈ ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાએ આ પરિવારને આશ્વાસન આપ્યું હતું અને તેમને હિંમત આપી હતી કે આગળ ન્યાય અપાવવા ન્યાયિક લડાઈમાં સાથે રહીશું.

### પાલનપુર એરોમા સર્કલ પર હોન્ડા સેન્ટ્રો કારે બાઈક ફોર વ્હીલર અને એકટીવા ને અડફેટે લેતાં ત્રણ યુવાનો ઘાયલ થયા હીટ એન્ડ રન એક્સીડન્ટ

પાલનપુર ખાતે HR26BZ 7010 નંબરની સેન્ટ્રો કાર નાં નશામાં ધૂત ડ્રાઈવરે એરોમા સર્કલ ઉપર ટ્રાફિક જામ હોવાં છતાં પૂર ઝડપે કાર ચલાવી ચાર રસ્તા પર ફોર વ્હીલર કાર બાઈક અને એકટીવા ને અડફેટે લેતાં એકટીવા પર સવાર ત્રણ યુવાનો ઓસીયા મોલમાં કામ



કરે છે તેઓ બપોરે પોતાના ઘરે થી જમીને પાછા નોકરી જતાં હતાં તે સમયે પૂર ઝડપે આવી રહેલી સેન્ટ્રો કાર નાં ડ્રાઈવર નશામાં ધૂત હોવાનાં કારણે અડફેટે લીધા હતા ત્રણેય યુવાનો સદ નસીબે બચી ગયા હતા પણ ત્રણે ને ઈજાગ્રસ્ત થયા હતા તેમને આજુબાજુ થી લોકો દોડી આવતાં તાત્કાલિક સારવાર અર્થે 108ને બોલાવી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા કાર ચાલક ડ્રાઈવર ને પોલિસ હવાલે કર્યો હતો છેલ્લા ઘણા વર્ષોથી એરોમા સર્કલ ઉપર ટ્રાફિક સમસ્યાને કારણે અવાર નવાર એક્સીડન્ટ નાં કિસ્સા બનતાં હોય છે આ ટ્રાફિક સમસ્યાને તંત્ર દ્વારા ક્યારે ઉકેલ લાવશે તે જોવાનું રહ્યું.

## લાલપુર તાલુકાના સણોસરી ગામમાં બાળકો માટે તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

વિશાલ જે હરવરા - જામનગર

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સેલ જામનગરની ટીમ દ્વારા સમગ્ર જામનગર જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. લાલપુર તાલુકાના ભણગોર પી.એચ.સી.ના સણોસરી ગામ ખાતે શાઈનીંગ સ્ટાર પ્રાથમિક અને માધ્યમિક શાળામાં તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં, તમાકુથી થતાં નુકસાન વિષે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ તમાકુ નિયંત્રણ અધિનિયમ- 2003 અંતર્ગત કાયદા વિષે અને વ્યસન મુક્તિ વિષે માર્ગદર્શન, આઈ.ઈ.સી. એક્ટિવિટી વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના અંતે વિજેતા બાળકોને ઈનામ વિતરણ અને



પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો.

જી.જી.સરકારી હોસ્પિટલ, જામનગરમાંથી માનસિક આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બાળકોને માનસિક બીમારીઓ વિષે માહિતી, માર્ગદર્શન અને તેના ઉપચાર વિષે જાગૃત કરાયા હતા. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમના જિલ્લા કક્ષાના કાઉન્સેલર શ્રી નઝમાબેન હાલાએ 'tobacco free education institutions' કરવા માટેની કામગીરી વિષે શાળાના સ્ટાફગણને માર્ગદર્શન આપ્યું હતું.

### જામનગરમાં ખેલ મહાકુંભ 2.0 અન્વયે શહેર કક્ષાની સ્વિમિંગ સ્પર્ધા યોજાઇ



વિશાલ જે હરવરા - જામનગર

જામનગર તા.09 ફેબ્રુઆરી, સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત દ્વારા સંચાલિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમા કે.મદ્રાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ખેલ મહાકુંભ 2.0 અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર શહેર કક્ષાની બહેનોની (તરણ) સ્વિમિંગ સ્પર્ધા જામનગર મહાનગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અલગ-અલગ 6 એજ ગ્રુપ કેટેગરીમાંથી 150 થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

## અમદાવાદ ડિવિઝનને એપ્રિલ 2023થી જાન્યુઆરી 2024 સુધી વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશથી રૂ. 23.02 કરોડની આવક પ્રાપ્ત કરી

અમદાવાદ | તા.09

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં તમામ કાયદેસરના યાત્રીઓને આરામદાયક યાત્રા અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા તથા રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/અનિયમિત યાત્રીઓને નિયંત્રિત કરવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, અમદાવાદ શ્રી પવન કુમાર સિંહના નેનૃત્વમાં વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે,



જાન્યુઆરી 2024 ના અંત સુધીમાં, અમદાવાદ ડિવિઝન દ્વારા વધુ ને વધુ ટિકિટ ચેકિંગ સ્ટાફની મદદથી જેમાં મહિલા ટિકિટ ચેકિંગ સ્કવોડ સહિત ના સહયોગ થી મણિનગર-નડિયાદ, અસારવા-દહેગામ, મહેસાણા પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ પ્રકારની ટિકિટ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ મોટા પાયે થયેલ ચેકિંગ દરમિયાન 29885 કેસ નોંધાયા હતા અને રૂ. 2.01 કરોડથી વધુની વસૂલાત કરવામાં આવી હતી જે ગયા વર્ષની સરખામણીમાં 22.78 ટકા વધુ છે. આ વર્ષે ડિવિઝન દ્વારા એપ્રિલ-2023 થી જાન્યુઆરી-2024 સુધીમાં ટિકિટ વગરના, અનિયમિત ટિકિટ, બુક કર્યા વગરના માલના કુલ 3.21 લાખ કેસ અને રૂ. 23.02 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

તમામ યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ યાત્રા કરે, આનાથી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક યાત્રા પણ કરી શકશો.

### ઢોલ્યાંઉબર ગામે જમીનમાં છીદંણી કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી અપાતા 4 સામે પોલીસ ફરિયાદ

સુશીલ પવાર.ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં ઢોલ્યાઉંબર ગામ ખાતે રહેતા દંપતિએ સર્વે નંબર ૧૦૫ વાળી જમીનમાં ખેતી કરી હતી.અને તેઓ ઝાડોની છીદંણી કરી રહ્યા હતા.ત્યારે ચાર જેટલા વ્યક્તિઓ અહી આવ્યા હતા અને ખેતી કરનાર દંપત્તિને માર મારી ખેતી કેમ કરે છે કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના ઢોલ્યાઉંબર ગામના કોઊભાઇ ઉર્ફે કાળુભાઇ સીતરભાઈ દેશમુખ અને તેમની પત્ની ભારજુબેન સર્વે નં.૧૦૫ વાળી જમીનમાં ખેતી માટે છીદંણી કરી રહ્યા હતા.તે વેળાએ તેમના ગામના જ દિલીપભાઈ સુકીરાવભાઇ બરડે તથા દિપક ભાઈ સુકીરાવભાઈ બરડે તથા હનીફભાઈ સુકીરાવભાઇ બરડે તેમજ એબુબેન એમ ચાર વ્યક્તિ આવ્યા હતા અને કહેવા લાગ્યા હતા કે,આ તમારી જમીન નથી આ અમને લખી આપેલ છે.ત્યારે દંપતીએ કહ્યુ હતુ કે,આ જમીન બાપુજી સીતરભાઈ બયાજુભાઈ દેશમુખ અને મા ગંગુબેન સીતરભાઈ દેશમુખની છે.અને અમો વારસદાર છીએ.તથા જમીન સર્વે નં.૧૦૫ માં હકપત્રક દ્દમાં હકદાર તરીકે છીએ.અને સીધી લીટીનો વારસદાર તરીકે નામ ચાલી આવેલ છે. જે બાદ બંને પક્ષો વચ્ચે મામલો ઉગ્ર બન્યો હતો.અને ઝઘડો થયો હતો ત્યારે ચારેય વ્યક્તિઓએ આ દંપત્તિને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે સમગ્ર મામલો આહવા પોલીસ મથકે પહોંચ્યો હતો.

### સાપુતારા ઘાટમાર્ગમાં કપાસનો જથ્થો ભરેલ ટ્રક પલ્ટી મારી જતા ઘટના સ્થળે અકસ્માત



સુશીલ પવાર-ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર ગતરોજ સાંજનાં સુમારે મહારાષ્ટ્રનાં સોલાપુરથી કપાસનો જથ્થો ભરી રાજકોટ તરફ જઈ રહેલ ટ્રક નં.જી.જે.03.બી. ડબલ્યુ 4264 જે સાપુતારાથી શામગહાનને સાંકળતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગનાં યુ ટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા આ ટ્રક માર્ગની સાઈડનાં સંરક્ષણ દિવાલ સાથે અથડાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવના પગલે ટ્રક સહિત કપાસનાં જથ્થાને જંગી નુકસાન થવા પામ્યુ છે.સદનસીબે આ બનાવમાં ટ્રક ચાલક અને કલિનરનો ચમત્કારી બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે...

### પ્રધાનમંત્રી માર્ગ, રેલવે, વીજળી અને જળ ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ કરશે અને શિલાન્યાસ કરશે

# પ્રધાનમંત્રી આશરે રૂ. 7300 કરોડનાં મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે

### પ્રધાનમંત્રી ખાસ કરીને પછાત જનજાતિની આશરે બે લાખ મહિલા લાભાર્થીઓને આહર અનુદાનનો માસિક હપ્તો વહેંચશે, સ્વિમિત્વ યોજનાનાં લાભાર્થીઓને 1.75 લાખ અધિકાર અભિલેખનું વિતરણ કરશે, આદર્શ ગ્રામ યોજના હેઠળ 550થી વધારે ગામડાઓ માટે ભંડોળનું હસ્તાંતરણ કરશે

અમદાવાદ : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 11 ફેબ્રુઆરી, 2024નાં રોજ મધ્યપ્રદેશની મુલાકાત લેશે. લગભગ 12:40 વાગ્યે તેઓ મધ્ય પ્રદેશના ઝાબુઆમાં લગભગ 7300 કરોડ રૂપિયાની અનેક વિકાસ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે.

અંત્યોદયનું વિઝન પ્રધાનમંત્રી દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલો માટે માર્ગદર્શક રહ્યું છે. મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્રોમાંનું એક એ સુનિશ્ચિત કરવાનું રહ્યું છે કે વિકાસના લાભો આદિજાતિ સમુદાય સુધી પહોંચે, જેમાંના મોટા ભાગના લોકો આઝાદીના કેટલાક દાયકાઓ પછી પણ આ લાભો પ્રાપ્ત કરી શક્યા ન હતા. તેને અનુરૂપ પ્રધાનમંત્રી વિવિધ પહેલોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે, જેનો લાભ આ વિસ્તારમાં નોંધપાત્ર આદિવાસી સમુદાયને મળશે. પ્રધાનમંત્રી આશરે બે લાખ મહિલા લાભાર્થીઓને આહર અનુદાન યોજના હેઠળ આહર અનુદાનનો માસિક હપ્તો વહેંચશે. આ યોજના હેઠળ મધ્યપ્રદેશની વિવિધ ખાસ પછાત જનજાતિની મહિલાઓને પૌષ્ટિક આહાર માટે દર મહિને 1500 રૂપિયા આપવામાં આવે છે. પ્રધાનમંત્રી સ્વિમિત્વ યોજનાનાં લાભાર્થીઓને 1.75 લાખ અધિકાર અભિલેખ (અધિકારોનો રેકોર્ડ)નું વિતરણ કરશે. આ લોકોને તેમની જમીનના અધિકાર માટે દસ્તાવેજી પુરાવા પ્રદાન કરશે. પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ 559 ગામડાઓ માટે 55.9 કરોડ રૂપિયા ટ્રાન્સફર પણ કરશે. આ રકમનો ઉપયોગ આંગણવાડી ભવનો, વાજબી ભાવની દુકાનો, આરોગ્ય કેન્દ્રો, શાળાઓમાં વધારાના ઓરડાઓ, આંતરિક રસ્તાઓ સહિત વિવિધ પ્રકારની બાંધકામ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે. પ્રધાનમંત્રી ઝાબુઆમાં 'સીએમ રાઈઝ સ્કૂલ'નો શિલાન્યાસ કરશે. આ શાળા વિદ્યાર્થીઓને સ્માર્ટ ક્લાસીસ, ઈ લાઈબ્રેરી વગેરે જેવી આધુનિક સુવિધાઓ પ્રદાન કરવા માટે ટેક્નોલોજીને સંકલિત કરશે. પ્રધાનમંત્રી મધ્ય પ્રદેશમાં પાણીનાં પુરવઠાને મજબૂત કરશે અને પીવાનાં પાણીની જોગવાઈને મજબૂત કરશે એવી અનેક યોજનાઓનો શિલાન્યાસ કરશે. જે પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવશે તેમાં 'તલાવડા પ્રોજેક્ટ' સામેલ છે, જે ધાર અને રતલામનાં એક હજારથી વધારે ગામડાંઓ માટે પીવાનાં પાણી પુરવઠાની યોજના છે.

**નામ બદલેલ છે**

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **ફાલ્ગુનીબેન સરોશ ખુરશીગરા** હતું જે બદલીને મારૂ નવું નામ **ફાલ્ગુની સરોશ ખુરશીગરા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ. જેની સૌએ નોંધ લેવી.

**લિ. :- ફાલ્ગુની સરોશ ખુરશીગરા**
**સરનામું :-** ઘર એ-૨૨ અક્ષતા-સોસાયટી, પાણીની ટાંકીની નજીક, કારેલીબાગ, જી.વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૮

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MARUTI SUPER CARRY - CNG | 2023 | GJ-27-TD-6245 |

IN " AS IS WHERE IS CONDITION"
**CONTACT: - SUNDARAM FINANCE LTD.**
**NO. 212 A & 214, B WING, SECOND FLOOR, WEST BANK, ASHRAM ROAD, AHMEDABAD-380009**
WITHIN 7 DAYS PH: 26588214/26581762/26580292

## વાવ ખાતે સર્વ ધર્મ સનાતન ત્રી દિવસીય ડે ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું



બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં સર્વ ધર્મ સનાતન ત્રી દિવસીય ડે ક્રિકેટ ટુર્નામેન્ટ નું વાવમાં આયોજન કરવામાં આવ્યું છે ઉત્સાહી યુવાનો દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે પહેલા દિવસે મુખ્ય મહેમાન તરીકે થરાદ ના પુર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત અને એચ બી વેજીયા ઉપસ્થિત રહ્યા હતા મહેમાનોનું સ્વાગત ભગવાન શ્રી રામ નો ફોટો અને ખેસ થી કર્યું હતું આયોજક પીડી રાજપુત.

કિશનસિંહ માડકા. દિલિપસિંહ સોઢા.મહિપાલ સોઢા. સાવન બુકણા. દિનેશભાઈ ચૌધરી ગોલગામ દ્વારા આવનાર મહેમાનો તેમજ પત્રકાર મિત્રો નું સ્વાગત કરવામાં આવ્યું હતું પહેલા દિવસે ખુબ જમાવટ સાથે ક્રિકેટ ટીમોના ખેલાડીઓ એ બેટિંગ ને બોલિંગ માં રંગ જમાવ્યો હતો આ આયોજનમાં ચા પાણી અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### જામનગર નજીક મોટી ખાવડી પાસે રિલાયન્સ મોલમાં ગતરાતે 10 વાગ્યાની આસપાસ ભીષણ આગ લાગી હતી...



# જામનગરના રિલાયન્સ મોલમાં લાગેલી આગ કાબૂમાં

જામનગર | જામનગર નજીક મોટી ખાવડી પાસે રિલાયન્સ મોલમાં ગતરાતે 10 વાગ્યાની આસપાસ ભીષણ આગ લાગી હતી. જે આજે વહેલી સવારે 5 વાગ્યે 30થી વધુ ફાયર ફાઈટરની મદદથી કાબૂમાં આવી હતી. આગ એટલી વિકરાળ હતી કે, દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા. આગની ઘટનાની જાણ થતાં જ જામનગરથી ફાયર ફાઈટરની ટીમ રવાના કરવામાં આવી હતી. જે બાદ જરૂર જણાતા અન્ય જિલ્લામાંથી પણ ફાયરની ટીમો આવી પહોંચી હતી. વિકરાળ આગ હોવાના મોલની અંદર અને બહાર રસ્તા પર દોડધામ મચી ગઈ હતી. મોલની નજીક જ જામનગર-ખંભાળિયા હાઈવે હોવાથી ત્યા ટ્રાફિક જામ સર્જાય નહીં તે માટે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી પણ રાત્રે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને નિરિક્ષણ કર્યું હતું. મોટી ખાવડી પાસેના રિલાયન્સ મોલમાં લાગેલી ભયંકર આગ વહેલી સવારે કાબૂમાં આવી ગઈ હતી ત્યારબાદ જામનગરની ફાયર બ્રિગેડને વહેલી સવારે 5:00 વાગ્યે ત્યાંથી છુટા કરવામાં આવ્યાં હતા. આગ એટલી ભયંકર હતી કે, જે જગ્યાએ મોલ હતો તે આખો બળીને ખાખ થઈ ગયો છે. મોલમાં હવે માત્ર થોડું ફેબ્રિકેશનનો કાટમાળ જ વધ્યો છે અને તેમાંથી પણ હજી ધૂમાડાઓ નીકળી રહ્યા છે. જિલ્લા કલેક્ટર, એસડીએમ, જિલ્લા પોલીસ વડા સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. જિલ્લાની મોટાભાગની પોલીસ ઘટનાસ્થળે પહોંચી કામગીરી કરી રહી છે.

ખાવડી નજીક રિલાયન્સ મોલમાં આગ લાગ્યાની ઘટના બાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી રાત્રિના 1.00 વાગ્યા બાદ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને નિરીક્ષણ કર્યું હતું. અનંત અંબાણી હાલ જામનગર જ છે.

**રિલાયન્સ મોલ ખાતે ફાયર ફાઈટર્સનો કાફલો** 30થી વધુ ફાયર ફાઈટર્સ દ્વારા આગને કાબુમાં લેવાની કામગીરી કરવામાં આવી હતી. ખંભાળિયા નગરપાલિકા, રાજકોટ, જામનગર જીએસએફસી રિલાયન્સ ન્યારા સહિતની આસપાસના વિસ્તાર તેમજ કંપનીઓની ફાયરબ્રિગેડની ટીમ રિલાયન્સ મોલ ખાતે આગને કાબૂમાં લીધી હતી. 15થી વધુ 108 એમ્બ્યુલન્સ તથા આસપાસની કંપનીઓ તેમજ વિસ્તારોમાંથી મેડિકલ ટીમ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી. રિલાયન્સ મોલમાં આગ લાગતાંની સાથે જ બાજુના બિલ્ડિંગમાં આવેલા સિનેમા હોલમાં મૂવી ચાલી રહ્યું હતું.

### રીલ્સની ઘેલછામાં સગીર અને 2 યુવાનો ભાન ભૂલ્યા...

## રામનાથ મંદિરના પ્રાંગણમાં દારૂડિયાની એક્ટિંગ કરી વીડિયો વાઇરલ કર્યો

રાજકોટ | રીલ્સ બનાવી લાઈક્સ મેળવવામાં યુવાધન ઘેલું બન્યું છે. રીલ્સ બનાવવા પાછળ કેટલીક વખત યુવાનો કાયદાનું ઉલ્લંઘન પણ કરતા હોય છે. આવું જ કઈક થયું છે, રાજકોટમાં. રાજકોટવાસીઓની આસ્થાના કેન્દ્ર સમાન સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર પ્રાંગણમાં 2 યુવાનો રીલ્સ બનાવવાની લ્હાયમાં ભાન ભૂલ્યા હતા. સગીર સહિત ત્રણેય મંદિરના પ્રાંગણમાં દારૂડિયાની એક્ટિંગ કરી વીડિયો બનાવ્યો હતો. જેમાં ડાયલોગ છે કે, 'એય બાટલી નીચે કાયકો ફેંકા તું, કીસી કે પાવ મેં ઘૂસ ગયા તો ક્યા કરેગા તું, અરે મામા દેખા રે છટક ગઈ.'
આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા રાજકોટની ધર્મપ્રેમી જનતામાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને લોકો આ ત્રણેય પર ફિટકાર વરસાવી રહ્યા છે. ત્યારે પોલીસે ફરિયાદ નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં વાઈરલ થયેલો વીડિયો એક મહિના અગાઉનો હોવાનું સામે આવ્યું છે. પોલીસે વીડિયોમાં દેખાયેલા બે યુવકને પકડીને કાયદાનું ભાન કરાવ્યું હતું અને બંને યુવકો માફી માગતા હોય તેવો એક વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં ત્રણેય દારૂ પીતા હોય તેમ ખાલી પ્લાસ્ટિકની બોટલથી એક્ટિંગ કરી રહ્યા છે. બેકગ્રાઉન્ડમાં રામનાથ મહાદેવ મંદિર દેખાડવામાં આવ્યું છે. આ દરમિયાન એક શખસ



હાથમાં રહેલી બોટલ ફેંકતો હોય તેવું જોવા મળે છે. બાદમાં ડાયલોગ બોલતા નજરે પડે છે.
વીડિયોમાં દેખાતા આ ત્રણેયને રાજકોટના મધ્યમાંથી પસાર થતી આજી નદીના પટમાં બિરાજમાન સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં આ પ્રકારનો વીડિયો બનાવીને વાઈરલ કરતા લોકોની ધાર્મિક લાગણી દુભાઈ છે. ધર્મપ્રેમી જનતામાં રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકો આ વીડિયો જોયા બાદ ત્રણેય ઉપર ફિટકાર પણ વરસાવી રહ્યા છે. વીડિયોમાં આઈ એમ મિકી નામના વ્યક્તિનું એકાઉન્ટ હોય તેવું પણ જોવા મળ્યું છે. ત્યારે આ શખસોને ત્વરિત પકડી લઈ કાયદાનું ભાન કરાવવામાં આવે તેવી લોકોમાં માગ ઉઠવા પામી છે.

## 8 કિલો ચરસના કેસમાં ચાર આરોપીને 20 વર્ષની સખ્ત કેદ

રાજકોટ| રાજકોટમાં 8 કિલો ચરસ સાથે પકડાયેલા જંગલેશ્વરના મહેબુબ ઓસમાણ ઠેબા, ઈલ્યાસ હારૂન સોરા, જાવેદ ગુલમહંમદ દલ અને રફિક હબીબભાઈ લોયાને એડિશ્નલ સેશન્સ જજ બી.બી. જાદવે તકસીરવાન ઠરાવી 20 વર્ષની સખ્ત કેદની સજા ઉપરાંત પ્રત્યેક આરોપીને રૂ. 1 લાખનો દંડ ભરવાનો હુકમ કર્યો છે.
આ કેસની વિગત એવી છે કે ગઈ તા. 9-9-2018ના રોજ નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરોની એવી માહિતી મળી હતી કે શકિલ અને સોહિલ નામના શખ્સોએ રાજકોટના મહેબુબ નામના શખ્સને ચરસની ડીલેવરી કરી છે. નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરોએ આ માહિતી એસઓજીને આપતા તેના સ્ટાફે મોબાઈલ નંબરના આધારે તપાસ કરતા મહેબુબ ઠેબા જંગલેશ્વર વિસ્તારમાં રહેતો હોવાની માહિતી મળી હતી. જો કે શેરી નંબર કે મકાન ઉપરના નામ અંગે કોઈ ચોકકસ માહિતી મળી ન હતી. એસઓજીની બે ટીમોએ જંગલેશ્વર વિસ્તારમાં ગુપ્તરાહે તપાસ કરતા મહેબુબ શેરી નં. 13/9ના ખુણે રહેતો હોવાની ખાત્રી થઈ હતી. જેથી વીડીયોગ્રાફરને સાથે રાખી તેના મકાનમાં રેડ કરતા પહેલા રૂમમાં ઈલ્યાસ મળ્યો હતો.
ચરસના ગઠ્ઠાઓ બરામત થયા હતા. જેનું વજન 1 કિલો 10 ગ્રામ હતું. ઉપરના ભાગે આવેલા રૂમમાં જાવેદ મળી આવ્યો હતો. જયાં આવેલા બાથરૂમના ઉપરના ભાગે રેકઝીનના થેલામાંથી 2 કિલો 0.8ગ્રામ ચરસના ગઠ્ઠા મળી આવ્યા હતા. ત્યારબાદ મહેબુબની પૂછપરછ કર્યા બાદ શેરી નં. 11ના ખુણે આવેલી ઓરડીમાં તપાસ કરતા રફીક પાસેના થેલામાંથી 5 કિલો 0.9 ગ્રામ ચરસ મળી આવ્યું હતું. આ રીતે ચારેય આરોપીઓ પાસેથી કુલ 8 કિલોગ્રામ ચરસ મળી આવ્યું હતું.

### મુખ્યમંત્રીએ કરેલા આદેશને પણ પાલિકાના અધિકારીઓ ઘોળીને પી ગયા

## 5 કરોડના ખર્ચે બનેલા રોડ પર વીજ કંપનીએ 10 સ્થળે ખાડા ખોદી કાઢ્યા

વડોદરા | મુખ્યમંત્રની ટકોર બાદ પણ તંત્ર સુધરવાનું નામ લેતું નથી. સરકારના બે વિભાગ વચ્ચે સંકલનના અભાવે 5 કરોડના ખર્ચે બનેલો રોડ વીજ કંપનીએ ખોદી નાખતાં વિરોધ ઊભો થયો છે. બાપોદ પાસે સાઈકલ ટ્રેકનો રોડ અને હવે 3 માસ પહેલાં પંડ્યા બ્રિજથી ફતેગંજ પોલીસ મથક સુધીના રોડ પર 10 સ્થળે ખોદી નાખતાં કોંગ્રેસના કોર્પોરેટરોએ વિરોધ દર્શાવી મુખ્યમંત્રીને ફરિયાદ કરી છે. રોડ પર રોડ બનાવવા અને બનેલા રોડને ખોદી નાખવાની પ્રથા ચાલે છે, જેનાથી પ્રજાનાં નાણાંનો વેડફાટ થાય છે અને પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને ઘી-કેળાં થઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ રોડ બન્યા પછી ખોદવાની નીતિ સામે સરકારને સાંભળવું પડતું હોવાની ટકોર કરી હતી. છતાં બાપોદ તળાવ બહાર સાઈકલ ટ્રેક ખોદી નાખ્યો છે. તેટલું જ નહીં પંડ્યા બ્રિજથી ફતેગંજ પોલીસ સ્ટેશન તરફ 5 કરોડના ખર્ચે બનેલો રોડ ખોદી નખાયો છે. કોંગ્રેસના કોર્પોરેટર જહાં ભરવાડ અને હરીશ પટેલે સ્થળ પર પહોંચી વિરોધ કર્યો હતો. 3 માસ પહેલાં જ બનેલા રોડ પર ખાડા ખોદવાની મંજૂરી અપાઈ છે કે કેમ પ્રશ્ન છે. વીજ કંપની પાસેથી નુકસાનની વસૂલાત કરવા માગ કરી છે.કોર્પોરેટર જહા ભરવાડે કહ્યું કે, પાલિકાના જવાબદાર અધિકારીઓની



ભૂલને કારણે કરોડોના ખર્ચે બનેલો રોડ ખોદાયો છે. જેને કારણે પાલિકાને નુકસાન થયું છે. મુખ્યમંત્રીની ટકોરને પણ ઘોળીને પી ગયા છે.
પાલિકાના રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓએ કહ્યું કે, 5 કરોડના ખર્ચે નવેમ્બર મહિનામાં જ રોડ બનાવ્યો હતો. કંપનીને પાલિકાએ પરવાનગી આપી નથી. અમારા ધ્યાને આવ્યું છે એટલે કામગીરી બંધ કરાવી છે. પરવાનગી વિના કામગીરી કરી છે, જેથી કાર્યવાહી કરીશું.
વીજ કંપનીનાં સૂત્રોએ કહ્યું કે, પીએમનો ઈ-બસનો પ્રોજેક્ટ છે. જે માટે પાલિકાએ બ્રિજ કંપનીમાં 5 કરોડ વીજ જોડાણના ભર્યાં છે, જેથી કામ શરૂ કર્યું હતું.

## મૃત્યુ પામેલા પતિના વિરહમાં પરિણીતાએ ગળાફાંસો ખાધો

અમરેલી | અમરેલી જિલ્લામા એક અકસ્માત અને ત્રણ લોકોએ આત્મહત્યા કરી લીધાની ઘટના બની છે જેમાં સાવરકુંડલામાં ત્રણ માસ પહેલા મૃત્યુ પામેલા પતિના વિરહમાં એક પરીણીતાએ ગળાફાંસો ખાઈ લેવાની ઘટનાનો સમાવેશ થાય છે. બનેલા જુદા જુદા બનાવોમાં લાઠી તાલુકાના દામનગરના બહારપરામા રહેતા મુકેશભાઈ ભીખાભાઈ નારોલા` અગાશી ઉપર થી કપડા લઈને નીચે ઉતરતા હતા એ વખતે આંચકી (હીસ્ટોરીયા) આવતા અકસ્માતે દાદરા પરથી પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મોત થયું હતું .બીજી ઘટના સાવરકુંડલા ની જલારામ સોસાયટી મા રહેતી હર્ષાબેન આશીશભાઈ પથ્થર ઉ. વ 34 ના પતિ ત્રણેક માસ પહેલા મરણ થયેલ હોય જેનો આઘાત લાગ્યો હોય જેથી મકાનમા ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી ત્રીજી ઘટના રાજુલા ના ઢોલીયાઘાર ભગવતી પરા મા રહેતી પાયલબેન અશોકભાઈ પરમાર ઉ. વ 23 ને નાનપણથી માનસિક બીમારી હોય તેમજ તેમના પતિ અને સાસરીમાં વાળા ને કહ્યા કરતી હોય હુ માનસિક બીમારી થી કંટાળી ગય છુ મારે નથી જીવવુ એવા વિચાર આ યુવતી ને આવતા હોય જેથી આ યુવતી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી ચોથી ઘટના બાબરા તાલુકાના ઈર્શ્વરીયા ગામે રહેતા શૈલેષભાઈ ભરતભાઈ કમેજાળીયા ઉ. વ 22 ને માનસિક બીમારી હોય છેલ્લા બે એક વર્ષ થી રાજકોટ અને ભાવનગર થઈ મંગજ ની દવા લેતા હોય જેથી ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર દરમિયાન મોત થયું હતુંઆમ અમરેલી જિલ્લા મા એક નુ અકસ્માત થઈ મોત થયું અને ત્રણ લોકો દ્વારા આત્મહત્યા કરી લેતા એરરાટી ફેલાઈ અને પોલીસે આ તમામ ઘટનાઓને લઈને આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

### નિયોલ ખાતે આવેલ અંબાબા કોલેજ નજીક અકસ્માતની ઘટના બની

## ટેમ્પા ચાલકે ટક્કર મારતા મોપેડ સાથે બે બહેનો ગટરમાં ખાબકી, મોટીનું મોત, નાની ઈજાગ્રસ્ત

સુરત | સુરતના નિયોલ ખાતે આવેલ અંબાબા કોલેજ નજીક અકસ્માતની ઘટના બની હતી. બે બહેનો મોપેડ પર પોતાના ઘરે પરત ફરી રહી હતી ત્યારે પૂરપાટ દોડતા ટેમ્પાચાલકે તેની મોપેડને ટક્કર મારતા બંને બહેનો નજીકમા આવેલી ગટરમાં ખાબકી હતી. અકસ્માતને કારણે બંને બહેનો ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યા બે પૈકી મોટી બહેનને ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરી હતી. પુત્રીના મોતને પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.
મળતી માહિતી મુજબ નિયોલ ગામ ખાતે આવેલ હળપતિવાસમાં પ્રવીણભાઈ રાઠોડ પરિવાર સાથે રહે છે. તેમને સંતાનમાં ત્રણ પુત્રીઓ છે. પિતા સાબરગામની જ એક સ્કૂલમાં પટાળાવાળા તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સૌથી મોટી 22 વર્ષીય પુત્રી આયુષી હતી. જે સાબરગામની કોલેજમાં કોમર્સના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. આયુષી અને સીમા બને બહેનો કડોદરા ગઈ હતી અને ત્યાંથી નાસ્તો લઈને ઘરે જઈ રહ્યા હતા.
ત્યારે સાબરગામ ખાતે આવેલ અંબાબા કોલેજના ગેટ પાસેથી જઈ રહ્યા હતા ત્યારે એક ટેમ્પાના ચાલકે મોપેડને ટક્કર મારી હતી. જેને કારણે મોપેડ ચલાવતી નાની બહેન સીમાએ મોપેડ પરથી કાબૂ ગુમાવી



દીધી હતો અને બંને બહેન ત્યાં નજીકમાં આવેલ ગટરમાં પડી ગઈ હતી.અકસ્માતમાં મોટી બહેન આયુષીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે સીમાને સામાન્ય ઈજાઓ થઈ હતી.
અકસ્માતને કારણે સ્થળ પર લોકો એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ બંનેને 108 એમ્બ્યુલેન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ આયુષીને મૃત જાહેર કરી હતી. અકસ્માત અંગે પોલીસે ટેમ્પા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં અલગ અલગ સ્થળેથી પોલીસે 9 જુગારીઓને ઝડપી પાડ્યા, 6 વોન્ટેડ જાહેર

ભરૂચ | અંકલેશ્વરમાં શહેર એ ડિવિઝન પોલીસે બે અલગ અલગ સ્થળેથી જુગાર રમતા 9 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે 6 જુગારીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે તમામ જુગારીઓ વિરુધ્ધ જુગારધારા હેઠળ કલમો નોંધી તપાસ હાથ ધરી છે. બસ ડેપોની સામેની ગલીમાં જુગારધામ ચાલી રહ્યો છે. તેવી માહિતીના આધારે શહેર એ ડિવિઝન પોલીસે તે સ્થળે રેઈડ કરતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.પોલીસે સ્થળ પરથી જુગારી લાલા ઈરસાદ સૈયદ,યોગેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ માટીયેડા,જાવિદ એહમદ નઝરૂદીન બલોચ તેમજ ગફુરશા ગુલામ શા ફકીરને ઝડપી પાડયો હતો. જ્યારે એક જુગારી ફરાર થઈ જતા વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા અને 5 મોબાઈલ ફોન મળી કુલ રૂ.11 હજારથી વધુના મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી. તાડ ફળિયામાં રહેતો વિજય દલપત વસાવા બહારથી માણસો બોલાવી તાડ ફળિયાની પાછળની દીવાલ પાસે ખુલ્લી જગ્યામાં ઈલેક્ટ્રીક લાઈટના અજવાળે જુગારનો અડ્ડો ચલાવે છે. તે માહિતીના આધારે પોલીસ ટીમે તે સ્થળ પર રેઈડ કરી હતી.ત્યાં જાહેરમાં જુગાર રમતા ઠાકોર દેવાભાઈ પટેલ, તાલિબ ગુલામ મોહમદ શેખ, રામસિંગ વસાવા, સુરેશ રાવળ અને તમિલ ચેલવાન રામાસ્વામીને ઝડપી પાડ્યો હતો.પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.13 હજાર અને ત્રણ વાહનો તેમજ ચાર ફોન મળી કૂલ રૂ.1 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જ્યારે મુખ્ય સૂત્રધાર વિજય દલપત વસાવા, ચિરાગ વસાવા, ગોપાલ વસાવા, આકીબ મિર્ઝા, અને વસીમ નામના ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

### તળિયે રહેવા બે એચઆર ગેઇટ પણ બદલી નખાશે : ખાલી ડેમમાંથી કાંપ કાઢવાની પણ થશે કાર્યવાહી

# 61 વર્ષ બાદ ખોડિયાર ડેમના 9 દરવાજા બદલાશે

### દરવાજા લીક નથી પરંતુ આયુષ્ય પુર્ણ થયાનો મિકેનીકલ વીંગનો રીપોર્ટ....

અમરેલી | ધારી નજીક શેત્રુજી નદી પર બનેલા ખોડિયાર ડેમના 9 દરવાજા ડેમ બન્યાના 61 વર્ષ પછી બદલવાનો તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. આ ડેમમાથી સિંચાઈ તથા લોકો માટે પીવાનુ પાણી પુરૂ પડાય છે પરંતુ નવા દરવાજા લગાવવા માટે ડેમને તળીયા ઝાટક ખાલી કરવાનો તંત્રએ નિર્ણય લીધો છે. ધારી નજીકનો આ ખોડિયાર ડેમ 1963ની સાલમા બનાવવામા આવ્યો હતો. આ ડેમ 9 દરવાજાનો બનેલો છે જે દરવાજા 1963ની સાલમા જ લગાવવામા આવ્યા હતા. ત્યારબાદ કયારેય ડેમના દરવાજા બદલવામા આવ્યા નથી.
વરસના મોટાભાગમા દરવાજાની ટોચ સુધી છલોછલ પાણી ભરેલુ હોય છે. જો કે આટલા સમયગાળામા દરવાજાને કોઈ ખાસ નુકશાન થયુ નથી. એટલુ જ નહી આ દરવાજાઓમાથી પાણી લીક પણ થતુ નથી. તાજેતરમા જળ સંપતિ વિભાગની મીકેનીકલ વીંગ દ્વારા અહી જળાશયની ચકાસણી હાથ ધરવામા આવી હતી.



અને તેમણે ડેમના દરવાજા બદલવાનો નિર્ણય લીધો હતો. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. જે અંતર્ગત મે માસમા ડેમના ઉપરના તમામ 9 દરવાજા બદલી નાખવામા આવશે. સાથે સાથે નીચેથી પાણી છોડવાના બે એચઆર ગેઈટ પણ બદલી નખાશે. આ માટે જ એપ્રિલ માસમા ખોડિયાર ડેમ તદન ખાલી કરી નખાશે. સિંચાઈ માટે પાણીની જરૂર હશે તો કેનાલમા છોડાશે અને બાકીનુ પાણી નદીમા વહાવી દેવાશે. તંત્ર દ્વારા મે માસમા જ નવા દરવાજા લગાવી દેવાશે જેથી આગામી ચોમાસામા આ ડેમ ફરી ભરવાનુ શરૂ થઈ જશે. હાલમા આ ડેમમાથી વિસાવદર જુથ યોજનાને પીવાનુ પાણી અપાય છે. જે વિતરણ ખરા ઉનાળે અટકી પડશે. સિંચાઈ વિભાગ દ્વારા આ દરમિયાન ડેમમાથી કાપ કાઢવાની કાર્યવાહી પણ કરાશે.ખોડિયાર ડેમથી અમરેલી સુધીની 44 કિમીની પાઈપ લાઈન નાખી ડેમનુ પાણી અમરેલી પહોંચાડવાની યોજના બનાવાઈ છે.

**હાલ ડેમમાં 35 ટકા જળરાશી :** ગત ચોમાસાના અંત સુધી તે સતત છલકાતો હતો. જો કે હાલમા ડેમમા 35 ટકા પાણી ભરેલુ છે. ડેમ સંપુર્ણ ખાલી કરવાનો હોય સ્થાનિક સિંચાઈ વિભાગ દ્વારા દરવાજા સિવાયના મરામતના અન્ય કામો પણ તે જ સમયે કરી લેવામા આવશે. ડેમ સેફટી અને મેન્ટેનન્સના કામો ઉપરાંત કાપ હટાવવાનુ કામ પણ થશે. અમરેલી જિલ્લામા ભુતકાળમા ઠેબી ડેમનો એક દરવાજો આરસીસી સ્ટ્રકચરથી છુટો પડી જતા સમગ્ર ડેમને તોડી નાખી નવેસરથી બનાવવામા આવ્યો હતો. તે સમયે તમામ દરવાજા બદલવા પડયા હતા.

## ગુલઝારે માગેલા 30 હજાર નાઝીમે ઉધાર ના આપી લાફો મારતાં ચપ્પાના ઘા ઝીંક્યા

વડોદરા |બુધવારે સવારે કાસમઆલા કબ્રસ્તાન પાસે 23 વર્ષીય યુવકની હત્યા તેના જ પાડોશીએ કરી હતી. પોલીસે આરોપીને અમદાવાદ તેના માતા-પિતાના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને બુધવારે મોડી રાતે વડોદરા લઈને પહોંચ્યા હતા.
આરોપીએ જણાવ્યું હતું કે, તેણે નાજીમ પાસે ઉછીના રૂ.30 હજાર માગતાં નહીં આપી લાફો માર્યો હતો જેથી તેણે હત્યા કરી હતી. મૂળ યુપીના 5 વર્ષથી કાસમઆલા કબ્રસ્તાન પાસે આવેલી ઝુપડપટ્ટીમાં રહેતો મો.નાજીમ છોટેહુસેનખાન પઠાણ ફળની લારી ચલાવતો હતો. બુધવારે સવારે 3 વાગે ખંડેરાવ માર્કેટ ફળ લેવા ગયો હતો. બાદમાં પરત ના ફરતાં પરિવારે તપાસ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, નાજીમની હત્યા થઈ છે. પોલીસે વિસ્તારના સીસીટીવીના આધારે અને 4 સાક્ષીઓને આધારે તપાસ શરૂ કરી હતી. સાક્ષીઓના જણાવ્યા અનુસાર અને સીસીટીવી ફુટેજમાં ગુલઝાર અકબરનબી પઠાણ આરોપી તરીકે ઠેરાવવામાં આવ્યો હતો.
ગુલઝાર હત્યા બાદ કપડા બદલીને અમદાવાદ નારોલ તેના માતા-પિતાને ઘરે ભાગી ગયો હતો. પોલીસે તેના મોબાઈલ લોકેશનના આધારે ક્રાઈમ બ્રાન્ચે તેની શોધી કાઢ્યો હતો અને બુધવારે મોડી રાતે વડોદરા લઈને આવ્યા હતા. આરોપી ગુલઝારે પોલીસ પૂછપરછમાં જણાવ્યું હતું કે, નાજીમનો ફળનો ધંધો સારો ચાલતો હતો જેથી અઠવાડિયા પહેલા ગુલઝારે નાજીમ પાસેથી 30 હજાર રૂપિયા માગ્યા હતા. જોકે નાજીમે રૂપિયા નહોતા આપ્યા. આ ઉપરાંત આરોપી ગુલઝાર પઠાણે મૃતક નાઝીમની સામે વળતી ફરિયાદ નોંધાવી હતી.
બુધવારે સવારે પણ ગુલઝારે નાજીમ પાસે રૂપિયા માગ્યા હતા પણ નાજીમે ના પાડીને રૂપિયા માગનાર ગુલઝારને લાફો મારી દીધો હતો. જેથી ઉશ્કેરાયેલા ગુલઝારે પોતની રીક્ષામાંથી ચપ્પુ કાઢીને નાજીમની છાતી ઉપર ચપ્પુના ઘા ઝીંકીને તેની નિર્મમ હત્યા કરી દીધી હતી. જ્યારે પોલીસ ગુલઝારને શુક્રવારના રોજ કોર્ટમાં રજૂ કરશે અને રીમાન્ડ માંગશે.
ઘટનાને નજરે જોનારા 4 લોકોએ પોલીસને જણાવ્યું હતું કે નાજીમની હત્યા ગુલઝારે કરી હતી, જે નાજીમના ઘરથી માત્ર 100 મીટર દુર રહે છે. નાજીમે રૂપિયા આપવાની ના પાડી હતી અને તેણે ગુલઝારને લાફો મારી દીધો હતો. જેથી ગુલઝાર રીક્ષામાંથી ચપ્પુ લઈ આવ્યો હતો અને બંને વચ્ચે વધુ ઝઘડો થયો હતો. ઝઘડાનો અવાજ સાંભળીને 4 વ્યક્તિઓ ત્યાં આવી ગયા હતા. જેમાંથી 1 વ્યક્તિ તે બંન્ને છોડાવવા પણ ગયો હતો. જોકે ગુલઝારે તેને ચપ્પુ બતાવી દેતા તેઓ ત્યાંથી જતા રહ્યા હતા.

# સરકાર ઘર આંગણે જઇ સરકારી સેવાઓનો લાભ આપે તે માટે સેવાસેતુ આશીર્વાદરૂપ કાર્યક્રમ - મંત્રી ઋષિકેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના પ્રભારી અને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભામાં સેવાસેતુ કાર્યક્રમ સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે,અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં 7 સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. 56 સરકારી સેવાઓના લાભ લેવા માટે કુલ 7108 જેટલી અરજીઓ આવી હતી જે તમામ લાભાર્થીઓને યોજનાકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યું હોવાનું મંત્રી એ વધુમા ઉમેર્યુ હતુ. અત્રે નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલમાં છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે માટે વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણુંની બાબતને રાજ્ય સરકાર દ્વારા હાર્દ સમાન ગણેલ છે. રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો કે જે રાજ્ય સરકારની યોજનાની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાના અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેમ હોઈ તે ધ્યાને લઈ, આવી રજૂઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે અંગેની એક વધારાની વ્યવસ્થા ઉભી કરવાની બાબતની રાજ્ય સરકારને અગત્યતા જણાયેલ અને તેથી રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા.૦૫/૧૧/૨૦૧૬ ગ્રામ્ય કક્ષાએ (તાલુકા) તેમજ તા.૩૦/૧૧/૨૦૧૬ થી શહેરી કક્ષાએ (નગરપાલિકા અને મહાનગરપાલિકા) ''સેવા સેતુ'' કાર્યક્રમ યોજવાનું શરૂ કરાયું હતુ. ''સેવા સેતુ કાર્યક્રમ" હેઠળ અત્યાર સુધીમાં કુલ-૯ (નવ) તબકકાઓનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

# એન.સી.સી.ના કેડેટ્સના સન્માનમાં રાજભવનમાં 'એટ હૉમ' સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ એન. સી.સી. ગુજરાતના શ્રેષ્ઠ કેડેટ્સનું સન્માન કર્યું હતું. નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ પરેડમાં ભાગ લેનાર ગુજરાત એન.સી.સી. ના કેડેટ્સના સન્માનમાં રાજભવનમાં 'એટ હૉમ' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, દેશભક્તિ અને અનુશાસનમાં ઓતપ્રોત એન.સી.સી.ના છાત્રો ભારતની સંપત્તિ છે. એન.સી.સી.ના માધ્યમથી દેશસેવામાં પ્રવૃત્ત યુવાનોને તેમણે અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, એન. સી.સી. એ યુનિફોર્મ પહેરીને થતી પરેડ પ્રક્રિયા માત્ર નથી. એન.સી.સી.ના છાત્રો જવાબદાર નાગરિક તરીકે સમાજની પ્રત્યેક જરૂરિયાત વખતે સેવા આપવા તત્પર રહે છે. વિકસિત ભારતના નિર્માણમાં, આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા તેમણે એન.સી.સી. છાત્રોને અનુરોધ કર્યો હતો. પ્રજાસત્તાક દિવસની પરેડમાં નવી દિલ્હીમાં આખું ભારત એકત્ર થાય છે. આ પરેડમાં ભાગ લેવાથી વ્યક્તિગત પ્રતિભા વિકસે છે અને આત્મવિશ્વાસમાં પણ વૃદ્ધિ થાય છે. તેમણે એન.સી.સી.ના





અધિકારીઓને અભિનંદન આપ્યા હતા અને કેડેટ્સને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. એન.સી.સી. ગુજરાતના એડિશનલ ડાયરેક્ટર જનરલ મેજર જનરલ રમેશ ષણમુગમે કહ્યું હતું કે, ગુજરાતના ૩૩ જિલ્લાઓની ૧૦૦૦ શાળા કોલેજોમાં ૭૦,૬૭૦ જેટલા યુવાનો એન.સી.સી. સાથે સક્રિયતાથી જોડાયેલા છે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસ પરેડમાં ગુજરાતમાંથી ૧૧૯ કેડેટ્સની પસંદગી કરવામાં આવી હતી. તેમણે એન.સી.સી.ની મહત્વની ઉપલબ્ધિઓની જાણકારી આપી હતી. એન.સી.સી. માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શ્રેષ્ઠ કેડેટ્સ કશીશ કંસારા, અંશુલ ખંડેલવાલ, દેવી શિવરામન, ઋષભ ત્રિપાઠી, પ્રિયા ચૌધરી, યશ છેત્રી, નિતિકા સિંહ અને અસ્મિતા ભરાલીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે મેડલ અર્પણ કરાયા હતા. એનસીસી ગુજરાતના પાંચ મુખ્ય ગ્રુપમાંથી વર્ષ ૨૦૨૩ માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વડોદરા ગ્રુપને ચેમ્પિયનશિપ બેનરથી સન્માનિત કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વડોદરા ગ્રુપને ચેમ્પિયનશિપ બેનર અર્પણ કર્યું હતું. પાલનપુરના એન.સી.સી. કેડેટ્સ ઋતિક સુથારે પેન્સિલ કલરથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું ચિત્ર દોર્યું હતું. ઋતિક સુથારે આ ચિત્ર રાજ્યપાલને અર્પણ કર્યું હતું. આ અવસરે રાજ્યપાલએ એન.સી.સી. ગુજરાતની વાર્ષિક પત્રિકા 'ધી કેડેટ જર્નલ' નું પણ વિમોચન કર્યું હતું. 'એટ હૉમ' સમારોહમાં લેડી ગવર્નર દર્શનાદેવી, એન. સી.સી.ના ઉચ્ચ અધિકારીઓ અને એન. સી.સી. કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

# લોકસભા ચૂંટણી 2024 ના ઉપલક્ષમાં ભારતીય જનતા પાર્ટી ઉપસ્થિત રહ્યા હતા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આગામી લોકસભા ચૂંટણી 2024 ના ઉપલક્ષમાં ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર લોકસભાની ક્લસ્ટર બેઠક ઈન્ચાર્જ કે.સી.પટેલની વિશેષ ઉપસ્થિતમાં વિધાનસભા ખાતે યોજાઈ. જેમાં મેયર હિતેશભાઈ મકવાણા હાજર રહી ચૂંટણીલક્ષી કાર્ય અંગેનું માર્ગદર્શન મેળવ્યું તેમજ વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. આ બેઠકમાં શહેર પ્રમુખઓ, ધારાસભ્યઓ, ડે.મેયર, સ્ટે. ચેરમેન, શહેર મહામંત્રીઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રૂ. 1657.81 લાખની ગ્રાન્ટની ફાળવણી: પંચાયત રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

૧૫માં નાણાંપંચ અંતર્ગત તાપી જિલ્લાના વ્યારા અને ડોલવણ તાલુકામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ રૂ. ૧૬૫૭.૮૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જેમાં વ્યારા તાલુકા પંચાયતને રૂ. ૨૩૪.૦૬ લાખ, વ્યારા તાલુકાની ગ્રામ પંચાયતોને ૮૧૯.૨ લાખ, ડોલવણ તાલુકા પંચાયતને ૧૩૪.૩૪, જ્યારે ડોલવણ તાલુકાની ગ્રામ પંચાયતોને ૪૭૦.૨૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તેમ પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડે વિધાનસભા ગૃહમાં વ્યારાના ધારાસભ્ય મોહનભાઈ કોંકણી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે,આ ગ્રાન્ટ પૈકી વ્યારા અને ડોલવણ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા કુલ ૧૪૩૮ કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લા 1 વર્ષમાં રૂ. 1.80 કરોડનો વિવિધ ડ્રગ્સનો જથ્થો પકડીને 100થી વધુ લોકોની ધરપકડ

# ડ્રગ્સ પકડવાની સાથે સાથે સામાજિક દુષણને રોકવાનો પણ અમારો અપ્રતિમ પ્રયાસ : હર્ષ સંઘવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું છે કે, રાજ્યમાં ડ્રગ્સ પકડવાની સાથે સાથે ડ્રગ્સ સેવનના સામાજિક દુષણને રોકવાનો પણ અમારો અપ્રતિમ પ્રયાસ છે. ડ્રગ્સ પકડવાની સાથે સાથે આ સામાજિક દૂષણને રોકવાનો પ્રયાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસ દ્વારા યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં એન. ડી.પી.એસ.એક્ટ હેઠળ રૂા. ૫,૩૩૮ કરોડનો ૩૨,૫૯૦ કિલોગ્રામ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. વિધાનસભા ખાતે દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સના જથ્થાના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી સંઘવીએ ઉમેર્યુ કે ડ્રગ્સને પકડવા માટે રાજ્યની પોલીસ દ્વારા સતત મોનીટરીંગ કરીને ચાંપતી નજર રાખવામાં આવે છે. રાજ્ય તથા



આંતર રાજ્યમાં ગુજરાત પોલીસે સ્થાનિક પોલીસ સાથે સફળ ઓપરેશનો હાથ ધરીને દેશના યુવાઓને ડ્રગ્સની બદીમાંથી બચાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે અને તે અભિયાન હાલમાં પણ ચાલુ છે. મંત્રી સંઘવી ઉમેર્યુ કે, દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૧.૮૦ કરોડનો વિવિધ ડ્રગ્સનો જથ્થો પકડીને ૧૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સનું સેવન એક સામાજિક દૂષણ હોવાના કારણે રાજ્ય સરકારે ખાસ કરીને સરહદી જિલ્લા એવા દેવભૂમિ દ્વારકા અને શૈક્ષણિક નગરી વડોદરામાં ડ્રગ્સ પકડવાના અભિયાનને વધુ તેજ બનાવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે ગુજરાત અને ઓડિસા પોલીસે ઓડિસાના બે ભાઈઓ અનિલ અને સુરેશ સામે ગાંજાની ગેરકાયદેસર હેરાફેરી માટે NDPS એક્ટ હેઠળ કેસ નોંધીને પ્રથમવાર તેમની સંપત્તિ સીઝ કરી છે જે આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા માટે ચેતવણી સમાન છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

# ગુજરાતના સ્પોર્ટ્સ ક્ષેત્રમાં દાહોદ જિલ્લાનું યોગદાન સૌથી મહત્વપૂર્ણ: રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં રમત-ગમત ક્ષેત્રે દાહોદ જિલ્લાનું યોગદાન સૌથી વધુ અને મહત્વપૂર્ણ છે. આદિવાસી વિસ્તાર દાહોદના ગરીબ અને સામાન્ય પરિવારના બાળકોમાં રહેલી ખેલ ક્ષમતાને વધુ ઉજાગર કરવા તેમજ તેમને ભણતર સાથે રમત-ગમતની સંપૂર્ણ તાલીમ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા દાહોદમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું 'હાઈ પરફોર્મન્સ સેન્ટર' બનાવવામાં આવ્યું છે, તેમ રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. તેમણે વધુ માહિતી આપતા ઉમેર્યું હતું કે, દાહોદ જિલ્લાની ૯ શાળાઓને ઈન સ્કુલ યોજના સાથે જોડવામાં આવી છે. જેમાં અભ્યાસ કરતા ૪૭૩૯ વિદ્યાર્થીઓને ભણતર સાથે રમત ગમતની તાલીમ આપવામાં આવે છે. આ બાળકોનો ભણતર અને રમતગમતનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર કરે છે. આ ઉપરાંત દાહોદમાં આવેલી ૬ ડિસ્ટ્રીક લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં આશરે ૨૬૦ જેટલા પ્રતિભાવાન વિદ્યાર્થીઓ રમતની તાલીમ સાથે ભણતર મેળવી રહ્યા છે. આમ, દાહોદના કુલ ૫૧૦૦થી વધુ બાળકોને રાજ્ય સરકાર વિવિધ રમતોમાં તાલીમ સાથે ભણતર આપી રહી છે. મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લાના પ્રતિભાવાન બાળકોએ રાજ્ય કક્ષાએ ૫૫ ગોલ્ડ, ૩૩ સિલ્વર અને ૩૯ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૨૭ મેડલ જીત્યા છે. જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ પણ દાહોદના બાળકોએ ગુજરાત માટે ૧૮ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૨૪ બ્રોન્ઝ મળી કુલ ૫૭ મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આટલું જ નહીં.

હજાર રૂપિયા આપવાની ના પાડતા કુહાડી, પાઈપના ઘા ઝીંક્યા

# છાયા ગામના યુવાન ઉપર ત્રણ ભાઈએ હુમલો કરી લૂંટ ચલાવી

ભાવનગર: ઘોઘા તાલુકાના છાયા ગામના યુવાનને રાજપરા-બાડી રોડ ઉભો રાખી ત્રણ ભાઈએ કુહાડી અને પાઈપના ઘા ઝીંકી રોકડ રકમની લૂંટ ચલાવી હતી. જે બનાવની ઈજાગ્રસ્તના પત્નીએ બે કુટુંબી સહિત ત્રણ જેઠ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીની કલાકોમાં જ ત્રણેય શખ્સની ધરપકડ કરી લીધી હતી. ઘટના સંદર્ભે ઉપલબ્ધ થતી વિગત અનુસાર ઘોઘાના છાયા ગામે દેવીપૂજકવાસમાં રહેતા બુધાભાઈ નારૂભાઈ વાઘેલા અને તેમના પત્ની રૂડીબેન ગઈકાલે મોડી સાંજના સમયે બાડી ગામે ભાગિયામાં રાખેલ વાડીએ તેમના મોટાભાઈ જીણા નારૂભાઈ વાઘેલા અને તેમના પરિવારને મળવા માટે ગયા હતા. ત્યાં જીણા વાઘેલા અને અન્ય બે કુટુંબી ભાઈ અશોક ગીલાભાઈ વાઘેલા તેમજ દીપક ગીલાભાઈ વાઘેલાએ આવી એક હજાર રૂપિયા માંગતા બુધાભાઈએ પૈસા ન હોવાનું



કહ્યું હતું. જેથી ત્રણેય શખ્સ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગતા દંપતી ત્યાંથી બાઈક લઈ પરત છાયા ગામે જવા નીકળી ગયું હતું. ત્યારે રાત્રિના ૮-૩૦ કલાકના સુમારે રાજપરા ગામથી બાડી જવાના રસ્તે કુંભારના ઘર પાસે પહોંચતા અગાઉથી વળાંકમાં ઉભેલા ત્રણેય શખ્સે ગાળો દઈ બુધાભાઈને કુહાડી, પાઈપ અને પથ્થર વડે માર મારી કોટના ખિસ્સામાં રાખેલા રૂા.૨૧૦૦ની લૂંટ ચલાવી હતી. આ બનાવમાં લોહિયાળ ઈજા પામેલા યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટના અંગે ઈજાગ્રસ્તના પત્ની રૂડીબેનએ તેમના જેઠ જીણા વાઘેલા, બે કુટુંબી જેઠ અશોક વાઘેલા અને દીપક વાઘેલા સામે ઘોઘા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૯૪, ૩૨૪, ૫૦૪, ૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ પીએસઆઈ આર.બી. વાઘીયાએ હાથ ધરી મારામારી કરી રોકડ રકમની લૂંટને અંજામ આપનાર ત્રણેય શખ્સને ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધા હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે 10,800 ચો.મી. સરકારી જમીન ફાળવાઇ: મંત્રી બળવંતસિંહ રાજપૂત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને શહેરી આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે સરકારી જમીન ફાળવવા અંગે ૧૩ અરજીઓ મળી હતી. જે પૈકીની ૧૦ અરજીઓને મંજૂર કરી આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કુલ ૧૦,૮૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે, તેમ મંત્રી બળવંતસિંહ રાજપૂતે વિધાનસભા ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું. ના મંજૂર કરેલી અરજી અંગે વાત કરતા મંત્રીએ ઉમેર્યું કે, આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે જમીન અનુકૂળ ન હોઈ તેમજ સબ સેન્ટર અન્ય સ્થળે બનાવવાનું હોવાથી આવી ૩ અરજીઓને ના મંજૂર કરવામાં આવી છે.

## રસ્તાઓ અને પુલોના કન્ડીશન સર્વે તથા ટેસ્ટીંગ કરી સુધારણા-પુન: બાંધકામના ડીપીઆર બનાવવાની કામગીરી બજેટમા નવીન બાબત તરીકે મુકાઇ: રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | બ્રિજના સર્વે અને ઇન્વેસ્ટીગેશન સંદર્ભે વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ હતું કે, પુલ તુટવા જેવી ગંભીર ઘટનાનું ફરી ક્યારેય પુનરાવર્તન ન થાય તે પ્રકારના નક્કર આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. ખુબ જ સંવેદનશીલતા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ "રાજ્યના રસ્તાઓના નેટવર્ક હેઠળના રસ્તાઓ અને પુલોના કન્ડીશન સર્વે તથા ટેસ્ટીંગ કરી સુધારણા-પુન: બાંધકામના ડીપીઆર બનાવવાની કામગીરી"નવીન બાબત તરીકે આ બજેટમાં જોગવાઈ માટે સૂચવી છે, જેમાં અંદાજીત રૂ. ૧૦૦ કરોડની રકમ સામે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમ મંત્રી વિશ્વકર્માએ ગૃહમાં ઉમેર્યું હતું.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા પ્રથમ દિવસએ ગુજરાત ભારતના વિકાસનું રોલ મોડલ જ નહી, વિકાસ એન્જિન પુરવાર થઇ રહ્યું છે : શિક્ષણમંત્રી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું છે કે, ગુજરાત આજે ભારતનું વિકાસનું રોલમોડલ જ નહીં, પરંતુ વિકાસ એન્જિન પુરવાર થઈ રહ્યું છે જે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસયાત્રાની પ્રણાલીકાઓને પરિણામે શક્ય બન્યુ છે અને આજે ગુજરાતે વિકાસ ક્ષેત્રે વૈશ્વિક હરણફાળ ભરી છે. વિધાનસભા ખાતે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે સહભાગી થતા મંત્રી પાનશેરિયાએ જણાવ્યું છે કે, ભૂતકાળમાં ૧૯૯૫થી ૨૦૦૧ની સરકારોમાં જે પણ ખાડા હતા તે તમામ ખાડા ભાજપા સરકારે ૨૦૦૧ થી ૨૦૨૩ દરમિયાન પૂર્યા છે અને સમયબદ્ધ આયોજન કરીને માનવીય અભિગમ થકી પ્રયાસો કર્યા છે, જેના પરિણામો આજે ગુજરાતમાં જોવા મળી રહ્યાં છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૦૩માં ગુજરાતનું બજેટ રૂા.૨૯,૭૨૪ કરોડ હતું જે આજે રૂા. ૩,૩૨,૪૬૫ કરોડ સુધી પહોંચ્યું છે. મંત્રીએ ઉમેર્યુ કે, અમારી સરકારનું લક્ષ્ય છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ છે. મુખ્યમંત્રી પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે રાજ્યના સુગ્રથિત વિકાસ માટે તમામ ક્ષેત્રો અને તમામ સમુદાયોને માનવીય અભિગમ થકી સહાયરૂપ થવાનો બેનમૂન પ્રયાસ કર્યો છે જેના પરિણામે જ રાજ્યની પ્રજાના આશિર્વાદ છેલ્લા બે દાયકાથી અમારા પર છે. તેમણે કહ્યું કે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં આરોગ્ય, શિક્ષણ અને પોષણ સહિત આદિજાતિ વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આરોગ્યક્ષેત્રે રૂા.૨૦ હજાર કરોડથી વધુ રકમ ફાળવી છે. જેમાં આ વર્ષે કામરેજ અને બાવળા ખાતે ૩૦૦ બેડની નવીન હોસ્પિટલનું નિર્માણ કરાશે. તેમણે ઉમેર્યુ કે, વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં ૬ મેડિકલ કોલેજો હતી અને ૧૧૦૦ બેઠકો તબીબી શિક્ષણ માટે હતી. આજે ૨૨ વર્ષમાં ૩૦ મેડિકલ કોલેજો કાર્યરત છે અને ૭,૫૦૦થી વધુ બેઠકો ઉપલબ્ધ છે. એટલુ જ નહીં, આરોગ્ય ક્ષેત્રે સહાયરૂપ થવા સંપૂર્ણ માનવતાલક્ષી અભિગમ થકી સેવા આપવામાં આવે છે. ગરીબ બાળકો બોલી શકે એ માટે ૩૫૦ લેકલીયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યા છે. કીડનીના દર્દીઓને ડાયાલીસીસ સુવીધા માટે ૧૭૨ ડાયાલીસીસ સેન્ટરો કાર્યરત છે અને દર મહિને ૫૫,૦૦૦ દર્દીઓને ડાયાલીસીસની સારવાર આપવામાં આવી છે. સાથેસાથે માનવીનું જીવન બચાવવા માટે ઓર્ગન ડોનેશન માટે જનજાગૃતિનું મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ૪૨૦ થી વધુ ઓર્ગન ડોનેશન થયુ છે. કીડની, લીવર જેવા ૧૨૮૭ ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. મંત્રીએ ઉમેર્યુ કે બાંધકામ શ્રમિકોને સહાયરૂપ થવા માટે તેમને પૌષ્ટિક ભોજન પુરુ પાડવા ૨,૬૫૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો કાર્યરત છે જેમાં માત્ર રૂા.૫ના રાહતદરે ભોજન આપવામાં આવે છે. આગામી સમયમાં નવા ૧૦૦ કેન્દ્રો શરૂ કરાશે. આ વર્ષે બજેટમાં રૂા.૧૩૧ કરોડની જોગવાઇ કરી છે. મંત્રી પાનશેરિયાએ ઉમેર્યુ કે, રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે આ વર્ષે રૂા.૫૫,૧૧૪ કરોડની જોગવાઇ કરાઇ છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ધો. ૧ થી ૮માં ડ્રોપ આઉટ રેશિયો ૩૮.૯૨ ટકા હતો એ આજે રાજ્ય સરકારની હકારાત્મક નીતિને પરિણામે ઘટીને ૨.૬૮ ટકા થયો છે. તે જ રીતે ધો. ૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫ ટકા હતો તે ઘટીને ૧.૨૭ ટકા થયો છે જે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પરિણામે શક્ય બન્યુ છે. વર્ષ ૨૦૦૧થી અત્યાર સુધીમાં ૧,૬૦,૩૯૫ શાળાઓમાં નવા ઓરડાઓનું નિર્માણ કરાયું છે. ૬૫,૪૩૭ સ્માર્ટ ક્લાસ કાર્યરત કર્યા છે. પ્રાથમિક શાળાઓમાં ૧૫ હજાર ઓરડાઓનું નિર્માણ કરી દીધુ છે અને અન્ય ૧૫ હજાર નવા ઓરડાના નિર્માણના કાર્યો પ્રગતિ હેઠળ છે. તેમણે કહ્યું કે, રાજ્યની સરકારી શાળાઓમાં ઉપલબ્ધ સુવિધા અને ગુણવત્તાને લીધે વર્ષ ૨૦૨૩-૨૪માં ખાનગી શાળામાંથી ૫૮,૨૬૦ બાળકોએ સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

વાયરના ગુંચળાનો ભંગાર વેચવા નીકળી ત્યાં ત્રણ શખ્સ ક્રાઈમ બ્રાંચની ઝપટે ચડી

# પીજીવીસીએલના વાયર ચોરીમાં ત્રિપુટી ઝડપાઇ

સિહોર: સિહોર તાલુકાના મગલાણા ગામે આવેલ પીજીવીસીએલના ૬૬ કે.વી. સબ સ્ટેશન વિસ્તારમાંથી પીજીવીસીએલના વાયરની ચોરી કરનાર ત્રણ શખ્સ ક્રાઈમ બ્રાંચની ઝપટે ચડી ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર એલસીબી-પેરોલ ફર્લો સ્કવોડની ટીમ ગઈકાલે સિહોર પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે ભાવનગર-વલ્લભીપુર હાઈવે પર ઘાંઘળી ચોકડી ખાતે પહોંચતા વલ્લભીપુર તરફથી એક સફેદ કલરની બોલેરો પીકઅપ નં.જીજે.૦૪.એડબ્લ્યુ.૬૭૫૭માં ત્રણ શખ્સ એલ્યુમિનિયમ અને લોખંડ જેવી ધાતુના વાયરના ગુંચળાનો ભંગાર વેચવા નીકળ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચ-પેરોલ ફર્લો સ્કવોડની ટીમે વોચ ગોઠવી ઉપરોક્ત નંબરની બોલેરો પસાર થતાં તેને રોકી તલાશી લેતા પીજીવીસીએલના એલ્યુમિનિયમ અને લોખંડના વાયરના ગુંચળા મળી આવતા ક્રાઈમ બ્રાંચે સાદીક ઈકબાલભાઈ ગોગદા (રહે, ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી), વિરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ (રહે, મગલાણા, તા.સિહોર) અને પરેશ કરશનભાઈ



પરમાર (રહે, ચોગઠ, તા.ઉમરાળા) નામના ત્રણ શખ્સની શંકાના આધારે અટકાયત કરી પૂછતાછ કરતા ત્રણેય શખ્સે મગોણા ૬૬ કે.વી. સબ સ્ટેશન વિસ્તારના અલગ-અલગ જગ્યાએથી પીજીવીસીએલના વાયરની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચે ૯૫૫ કિલો વાયરના ગુંચળા, બોલેરો સહિત કુલ રૂા.૮,૯૪,૨૨૫ના મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સને સિહોર પોલીસને સોંપી દીધા હતા.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# પેટીએમ પેમેન્ટ્સ બેન્ક પર પ્રતિબંધની અસર




## દેશના 68% કરિયાણા સ્ટોર્સને પેટીએમ પર ભરોસો ઘટ્યો, 42% અન્યમાં શિફ્ટ

નવી દિલ્હી | RBI દ્વારા 31 જાન્યુઆરીના રોજ પેટીએમ પર પ્રતિબંધની જાહેરાત બાદ ગ્રાહકો અને કરિયાણાના વેપારીનો પેટીએમ પરનો ભરોસો ઘટ્યો છે. ગુરુવારે જારી કરાયેલા એક રિપોર્ટ અનુસાર 68% કરિયાણા સ્ટોર્સની વચ્ચે પેટીએમ પર ભરોસો ઘટ્યો છે, જ્યારે 42% કરિયાણા સ્ટોર્સ પહેલાથી જ પેટીએમથી અન્ય કોઇ પ્રોવાઇડર પર શિફ્ટ થઇ ચૂક્યા છે. 20% ઉત્તરદાતાઓએ પણ અન્ય પેમેન્ટ એપનો ઉપયોગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સરવેમાં અંદાજે 5 હજાર ઉત્તરાદાતાઓનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. કિરાના ક્લબના સ્થાપક અને સીઈઓ અંશુલ ગુપ્તા અનુસાર કરિયાણાની દુકાનોને ટ્રાન્ઝેક્શનમાં થોડી સમસ્યા થઇ શકે છે. ગુરુવારે MPCની બેઠક બાદ RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું હતું કે પેટીએમ પેમેન્ટ્સ બેન્ક વિરુદ્ધ લેવાયેલું પગલું રેગ્યુલેટરી મુદ્દાઓને કારણે નહીં પરંતુ નિયમોના પાલન સંબંધિત મુદ્દાઓને કારણે લેવાયું હતું. RBIના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથને કહ્યું કે પેટીએમ અને આરબીઆઇની વચ્ચે અનેક બેઠકો થઇ હતી અને ત્યારબાદ જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી પેટીએમ એપ પર કોઇ અસર થશે નહીં.

## બેંક ઓફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે નવી ફંડ ઓફર (એનએફઓ) બેંક ઓફ ઈન્ડિયા મલ્ટી એસેટ એલોકેશન ફંડની જાહેરાત કરી

મુંબઈ : ફંડ મેનેજમેન્ટમાં 15 વર્ષનો સમૃદ્ધ અનુભવ ધરાવતા બેંક ઓફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે ત્રણેય એસેટ ક્લાસ (ઈક્વિટી, ગોલ્ડ અને ડેટ)માં રોકાણ કરવા ઈચ્છતા નવી ફંડ ઓફર બેંક ઓફ ઈન્ડિયા મલ્ટી એસેટ એલોકેશન ફંડના લોન્ચની જાહેરાત કરી છે. મલ્ટી એસેટ એલોકેશન સ્ટ્રેટેજીમાં ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત ઈન્સ્ટ્રુમેન્ટ્સ 35% થી 40%, ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ 45% થી 55%, ગોલ્ડ ઈટીએફ 10% થી 15% અને આરઈઆઈટી અને આઈએનવીઆઈટી દ્વારા જારી કરાયેલ એકમો 0% થી 10%નો સમાવેશ થાય છે. સ્કીમ માટેનો એનએફઓ 07 ફેબ્રુઆરી, 2024ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલ્યો છે અને 21 ફેબ્રુઆરી, 2024ના રોજ બંધ થશે. સ્કીમનો રોકાણનો હેતુ ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત સિક્યોરિટીઝ, ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ તથા ગોલ્ડ ઈટીએફમાં મુખ્યત્વે રોકાણ કરીને લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ મેળવવાનો છે. જોકે સ્કીમનો રોકાણ હેતુ સિદ્ધ થાય તેની કોઈ બાંયધરી આપી શકાય નહીં. સ્કીમ કોઈ વળતરની ગેરંટી કે સંકેત આપતી નથી. સ્કીમ એવા રોકાણકારો માટે યોગ્ય છે જેઓ તેમના પોર્ટફોલિયોમાં ઓછી ઉથલપાથલ અને વધુ વળતર સાથે મલ્ટીપલ એસેટ ક્લાસમાં એક્સપોઝર ઈચ્છે છે. આ ઉપરાંત રોકાણકારો ફંડના વૈવિધ્યપૂર્ણ અભિગમના લીધે કટોકટી કે આકસ્મિક સ્થિતિની યોજનાની ફાળવણીના ભાગરૂપે પણ આ ફંડ અંગે વિચારણા કરી શકે છે.

# રોકાણને વેગ: મ્યુચ્યુઅલ ફંડ્સની AUM જાન્યુ.માં બે લાખ કરોડ વધી રૂ.52.74 લાખ કરોડે પહોંચી

### ભારતીય શેરમાર્કેટ ઊંચા વેલ્યુએશન છતાં રોકાણકારોને સ્મોલ-મિડકેપ પર વધુ ભરોસો




## વિદેશી શેરોમાં રોકાણ મર્યાદા વધારવા RBIનો મ્યુ.ફંડ્સે સંપર્ક કર્યો

મ્યુચ્યુઅલ ફંડ્સ વિદેશી રોકાણની મર્યાદા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક ફંડ હાઉસે આ માટે રિઝર્વ બેંકનો સંપર્ક કર્યો છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ જૂન 2022માં મ્યુચ્યુઅલ ફંડ્સને $7 બિલિયન (આશરે રૂ. 58,000 કરોડ)ની મર્યાદા સુધીના વિદેશી શેરોમાં રોકાણ કરવાની મંજૂરી આપી હતી. વિશ્વભરના શેરબજારોમાં આવેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, તેથી ફંડ હાઉસ આ મર્યાદા વધારવા માંગે છે. મ્યુચ્યુઅલ ફંડ્સની એક દરખાસ્ત એ છે કે તેમના માટે વિદેશી રોકાણની મર્યાદા સીધી દેશમાં વિદેશી હૂંડિયામણ અનામત સાથે જોડાયેલી હોવી જોઈએ.

## ડેટ ઓરિએન્ટેડ સ્કિમ્સમાં પણ રોકાણ વધ્યું

ઈક્વિટી ઉપરાંત ડેટ-ઓરિએન્ટેડ સ્કીમ્સમાં અગાઉના બે મહિનામાં ફંડ ઉપાડ્યા પછી જાન્યુઆરીમાં રૂ.76469 કરોડનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો. ડિસેમ્બરમાં રૂ.75,560 કરોડ અને નવેમ્બરમાં રૂ.4,707 કરોડનો આઉટફ્લો જોવા મળ્યો હતો. વધુમાં, હાઈબ્રિડ સ્કીમ્સમાં રૂ. 20,637 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો.

## SIP દ્વારા રોકાણ મહિને રૂ.18838 કરોડની ટોચે

માસિક સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP)નું યોગદાન ડિસેમ્બરના રૂ.17,610 કરોડને વટાવીને રૂ.18,838 કરોડની નવી ઉંચી સપાટીએ પહોંચી ગયું છે. જાન્યુઆરીમાં 51.84 લાખ નવા SIP રજિસ્ટ્રેશનના માઈલસ્ટોન સાથે SIP એકાઉન્ટ્સ વધીને 7.92 કરોડ થયા છે.જાન્યુઆરીની અસ્થિરતા હોવા છતાં, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સે સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી. બજારની વધઘટ વચ્ચે ઈક્વિટી MFs પરનો આ સતત વિશ્વાસ રોકાણકારોની લાંબા ગાળાની સંપત્તિ સર્જન વ્યૂહરચનાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

નવી દિલ્હી | વૈશ્વિક સ્તરે સ્લોડાઉન, ઈક્વિટી માર્કેટમાં નિરાશા, આર્થિક સંકટ વચ્ચે ભારતીય રોકાણકારોને ભારતીય શેરમાર્કેટ અને મ્યુચ્યુઅલ ઈન્ડસ્ટ્રીઝ પર ભરોસો વધાર્યો છે. મજબૂત રોકાણ પ્રવાહથી મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝની મેનેજમેન્ટ હેઠળની સંપત્તિ જાન્યુઆરીના અંતમાં રૂ.52.74 લાખ કરોડ પહોંચી જે ડિસેમ્બરના અંતે રૂ.50.78 લાખ કરોડ હતી.આમ જાન્યુઆરીમાં સરેરાશ બે લાખ કરોડનું રોકાણ આવ્યું છે.
વૈશ્વિક સ્તરે ભારતીય ઈક્વિટી માર્કેટ મજબૂત સ્થિતીમાં છે. મોટાભાગની કંપનીઓના વેલ્યુએશન ઘણા ઊંચા હોવા છતાં શેરમાર્કેટમાં તેજી જળવાઇ રહેશે તેવા આશાવાદે મ્યુચ્યુઅલ ફંડ્સના રોકાણકારો ઈક્વિટી માર્કેટમાં અને ખાસકરીને સ્મોલ અને મિડકેપ સેગમેન્ટમાં મોટાપાયે રોકાણ કરી રહ્યાં છે. જાન્યુઆરી માસમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સે રૂ. 21780 કરોડનો ચોખ્ખો રોકાણ પ્રવાહ અનુભવ્યો હતો જે સરેરાશ બે વર્ષમાં સૌથી વધુ માસિક રોકાણ દર્શાવે છે. AMFI દ્વારા રજૂ કરાયેલા અહેવાલ અનુસાર ડિસેમ્બરમાં રૂ.17000 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો.જાન્યુઆરીમાં રોકાણ માર્ચ 2022 પછી સૌથી વધુ હતું જ્યારે ઈક્વિટી-ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રૂ.28,463 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો. ઈક્વિટી ફંડ્સમાં રોકાણ સતત 35મા મહિને પોઝિટિવ રહ્યું છે. વેલ્યુ ફંડને બાદ કરતાં તમામ કેટેગરીમાં ઈક્વિટી સેગમેન્ટમાં વૃદ્ધિ થઇ છે.

# લોનધારકોએ EMIમાં ઘટાડા માટે રાહ જોવી પડશે

મુંબઈ | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)એ ત્રણ દિવસની બેઠકના અંતે આજે અપેક્ષા પ્રમાણે ૬.૫૦ ટકા રેપો રેટ જાળવી રાખ્યો હતો. સતત છઠ્ઠી બેઠકમાં વ્યાજ દર જાળવી રખાયો છે. દેશમાં રિટેલ ફુગાવો હજુ પણ ઊંચો છે અને તે સામેની લડાઈ હજુ પૂરી થઈ નથી એમ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ દ્વારા બેઠકના અંતે જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું. રેપો રેટ યથાવત રખાતા વિવિધ લોન્સના દર તથા ઈએમઆઈમાં કોઈ વધઘટ જોવા નહીં મળે.
એમપીસીના છ સભ્યોમાંથી પાંચ સભ્યોએ રેપો રેટ જાળવી રાખવા જ્યારે એક સભ્યએ વ્યાજ દર ઘટાડવાની તરફેણ કરી હતી. વ્યાજ દર યથાવત રહેતા લોનધારકોએ તેમના ઈએમઆઈમાં ઘટાડા માટે હજુ લાંબો સમય રાહ જોવી પડશે.
રેપો રેટમાં કયારે ઘટાડો કરાશે તેવા કોઈ સંકેત એમપીસીની બેઠકના અંતે મળ્યા નહોતા. એમપીસીના આજના નિર્ણયને કારણે બેન્કો તથા નાણાં સંસ્થાઓ વ્યાજ દરના હાલના સ્તર જાળવી રાખશે તેમ જણાય રહ્યું છે. મે ૨૦૨૨થી સતત છ વખત વ્યાજ દર વધારી તેને ફેબુરઆરી, ૨૦૨૩ સુધીમાં ૬.૫૦ ટકાના સ્તરે લઈ ગયા બાદ રિઝર્વ બેન્કે આ સ્તર સતત જાળવી રાખ્યું છે. વર્તમાન તથા ઊભરી રહેલા બૃહદ્ આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી રેપો રેટ જાળવી રાખવા નિર્ણય લેવાયો હોવાનું દાસે જણાવ્યું હતું. એમપીસીના છમાંથી પાંચ સભ્યોએ રેપો રેટ જાળવી રાખવા મતદાન કર્યું હતું એક સભ્ય જયંત વર્માએ વ્યાજ દરમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરવા તરફેણ કરી હતી.

### ફુગાવો હજુ પણ ઊંચો છે અને તે સામેની લડાઇ હજુ પૂરી થઇ નથી: દાસ...

આર્થિક વિકાસને ટેકો આપવા સાથે ફુગાવાને ચાર ટકાના ટાર્ગેટ સુધી લાવવા એકોમોડેટિવ વલણ પાછું ખેંચવા પર ધ્યાન આપવાનું ચાલુ રખાશે. બે ટકા ઉપરનીચે સાથે રિઝર્વ બેન્કને ફુગાવાને ચાર ટકા સુધી સીમિત રાખવા જવાબદારી સોંપાઈ છે.
આગામી નાણાં વર્ષ માટે રિઝર્વ બેન્કે દેશના આર્થિક વિકાસ દરનો અંદાજ સાત ટકા મૂકયો છે જ્યારે ફુગાવો ૪.૫૦ ટકા રહેવા ધારણાં મૂકવામાં આવી છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસે વર્તમાન નાણાં વર્ષ માટે આર્થિક વિકાસ દરનો અંદાજ ૭.૩૦ ટકા મૂકયો છે. દેશની આર્થિક પ્રવૃત્તિ મજબૂત બની રહી છે, એમ દાસે જણાવ્યું હતું. ભૌગોલિક રાજકીય તાણો, આંતરરાષ્ટ્રીય નાણાં બજારમાં વોલેટિલિટી તથા ભૌગોલિકઆર્થિક વિભાજનને કારણે વિકાસ અંદાજ સામે જોખમો તોળાઈ રહ્યા હોવાનું પણ દાસે તેમના નિવેદનમાં જણાવ્યું હતું.
વર્તમાન નાણાં વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪માં રિટેલ ફુગાવો ૫.૪૦ ટકા રહેવાની ધારણાં છે. ૨૦૨૪નું ચોમાસુ સામાન્ય રહેવાની ધારણાંને આધારે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં રિટેલ ફુગાવો ૪.૫૦ ટકા રહેવાનો અંદાજ મુકાયો છે. ઘરેલું આર્થિક પ્રવૃત્તિ સારી સ્થિતિમાં છે અને રવિ વાવણીમાં ગતિ, ઈન્વેસ્ટમેન્ટ માગ, વેપાર ક્ષેત્રમાં આશાવાદ તથા ઉપભોગતાના વધી રહેલા વિશ્વાસમાં વધારાથી અર્થતંત્રને ટેકો મળી રહ્યો હોવાનું એમપીસીએ નોંધ્યું હતું.

# ઇન્ડિયા એનર્જી વિકમાં EPA-ગ્રેડ ડીઝલ લૉન્ચ કરતા ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીશ્રી હરદીપસિંહ પુરી

મુંબઈ/ગોવા : ભારતીય ઊર્જાક્ષેત્રની અગ્રણી પ્લેયર એવી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) દ્વારા એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી વાયુના મંત્રીશ્રી હરદીપસિંહ પુરીએ આજે અત્રે ગોવા ખાતે BPCLના C&MD શ્રી જી. ક્રિશ્નકુમાર તથા MOP અને NG તેમજ BPCLના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં ભારત ઊર્જા-સપ્તાહ દરમિયાન EPA-Grade Diesel લૉન્ચ કર્યું હતું.




EPA-ગ્રેડ ડીઝલની રજૂઆત ભારતના ઊર્જા-લૅન્ડસ્કેપ માટે એક મહત્ત્વની ક્ષણ છે. વિસ્તરિત યુએસ નિકાસ બજારમાં ઉચ્ચ ગુણવત્તાવાળાં ડીઝલ એન્જિનોની વધતી જતી માંગને ઓળખીને BPCLની કોચી-રિફાઇનરીએ સ્થાનિક સ્તરે આ નિર્ણાયક ફ્યુઅલ બનાવીને સક્રિય વલણ અપનાવ્યું છે. વાસ્તવમાં, જર્મનીથી પરંપરાગત રીતે આયાત કરવાની નિર્ભરતાના કારણે EPA ગ્રેડના સંદર્ભે ફ્યુઅલની પ્રાપ્તિમાં ઊંચા ખર્ચ અને લાંબો સમય જતો હતો. અલબત્ત, BPCLની કોચી રિફાઇનરીએ કડક આંતરરાષ્ટ્રીય વિશિષ્ટતાઓને પૂર્ણ કરતાEPA ગ્રેડ ડીઝલનું ઉત્પાદન કરવા માટે ભારતની મજબૂત રિફાઇનિંગ ક્ષમતાઓનો લાભ ઉઠાવીને ગ્રાઉન્ડ-બ્રેકિંગ સોલ્યુશનની આગેવાની લીધી છે. આ પ્રસંગે બોલતાં BPCLના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જી. ક્રિશ્નકુમારે જણાવ્યું હતું કે, “ટકાઉ ઊર્જા-સોલ્યુશનો તરફની અમારી સફરમાં આજનો દિવસ એક મહત્ત્વની ક્ષણ છે. અમારી કોચી રિફાઇનરી ખાતે સ્વદેશી EPA-ગ્રેડ ડીઝલની આ રજૂઆત ભારતના વૃદ્ધિયજ્ઞમાં નવીનતા તેમજ આત્મનિર્ભરતા પ્રત્યેની અમારી અવિરત પ્રતિબદ્ધતા દર્શાવે છે. BPCLમાં અમે માત્ર ધોરણોને જ નહીં, બલકે ઊર્જાક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા છીએ." આ સ્વદેશી ઉત્પાદન માત્ર આયાતની જરૂરિયાતને જ દૂર નથી કરતું, બલકે, ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેનુફેક્ચર્સ (OEM) માટે એન્જિન ડેવલપમેન્ટ, કેલિબ્રેશન અને પરીક્ષણ પ્રક્રિયાઓને પણ સુવ્યવસ્થિત કરે છે. ઓવરસીસ પ્રોક્યુરમેન્ટ સાથે સંકળાયેલાં સમય અને ખર્ચને ઘટાડીને BPCLની પહેલ નિકાસ-કામગીરીને સમયસર પરિપૂર્ણ કરવાની પ્રક્રિયાને સુનિશ્ચિત કરી આપે છે.

## ગ્રો મ્યચુયઅુલ ફંડ સાથેસ્મોલ કેપ રોકાણ કરી સ્માર્ટઅભિગમ અપનાવો

બેંગ્લુરૂ : ગ્રો મ્યુચ્યુઅલ ફંડેરોકાણ ભવકલ્પોના પોર્ટફોભલયોનેભવસ્તટરત કરતાંન્યૂફંડ ઓફર ગ્રો ભનફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કયુંહોવાની જાહેરાત કરી છે. આ ઈન્ડેક્સ ફંડનો હેતુરોકાણકારોનેભનફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ (ટ્રેકકંગના આધારે)ના કુલ ટરર્નટનેઅનુરૂપ મહત્તમ ટરર્નટઆપવાનો છે. ભનફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ 250 કંપનીઓનું પ્રભતભનભધત્વ કરેછે, જેભનફ્ટી 500 ઈન્ડેક્સમાં 251માંથી 500માં મિ છે. આ ચોક્કસ ઈન્ડેક્સ ફ્રી-ફ્લોર્ માકેર્ કેભપર્લાઈિશન દ્વારા વેઈર્ડ છે, જે ભવભવધ 21 ક્ષેત્રોમાં *વૈભવધ્યકૃત પ્રભતભનભધત્વની ખાતરી કરેછે. શેરબજારમાં સંભિવત ગ્રોથ મારેજાણીતુસેગમેન્ર્ સ્મોલ માકેર્ કેભપર્લાઈિશન કંપનીઓના પ્રદશટનના આધારેમાપવામાં આવેછે. **છેલ્લા 10 વષટમાં ભનફ્ટી સ્મોલ કેપ ઈન્ડેક્સેઐભતહાભસક રીતેભનફ્ટી 50ના 12.96% કરતાં 18.90%ના CAGR, જ્યારે15 વષટમાં ભનફ્ટી 50ના 15.34%ની તુલનાએ 19.12%ના CAGR સાથેઐભતહાભસક રીતેઆઉર્પરફોમટરહ્યા છે.

29 ફેબ્રુઆરી પછી Paytm App બંધ થશે નહીં

## કરોડો યૂઝર્સ માટે RBIનો મોટો ખુલાસો, Paytm બેંક ખાતામાં જમા કરેલા પૈસા ખર્ચ કરી શકાશે...



નવી દિલ્હી | ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBIએ 31 જાન્યુઆરીએ મોટો નિર્ણય લીધો. આ અંતર્ગત રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ બેંક સામે કાર્યવાહી કરી અને તેના પર પ્રતિબંધ લગાવ્યો. RBIએ પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડને 29 ફેબ્રુઆરી, 2024 પછી કોઈપણ ગ્રાહક ખાતા, પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ, વોલેટ અને ફાસ્ટેગમાં થાપણો અથવા ટોપ-અપ્સ ન સ્વીકારવાનો નિર્દેશ આપ્યો છે. આવી સ્થિતિમાં Paytmના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરતા યુઝર્સની મુશ્કેલી વધી ગઈ છે. હાલમાં લોકોના મનમાં અનેક પ્રકારના પ્રશ્નો છે. ઘણા લોકો પેટીએમ પેમેન્ટ બેંક અને પેટીએમ એપને એક માની રહ્યા છે.
તે જ સમયે, ઘણા લોકો એ હકીકતને લઈને મૂંઝવણમાં છે કે આરબીઆઈ દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધને કારણે, શું 29 ફેબ્રુઆરી પછી પેટીએમ એપ પણ બંધ થઈ જશે? હવે આ અંગે RBI તરફથી એક મોટું નિવેદન સામે આવ્યું છે. RBIએ સ્પષ્ટપણે કહ્યું છે કે Paytm એપ 29 ફેબ્રુઆરી પછી બંધ નહીં થાય. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગુરુવારે કહ્યું કે Paytm Payments Bank (PPBL) સામે નિયમનકારી પગલાં લેવામાં આવ્યા છે અને Paytm એપને તેનાથી કોઈ અસર થશે નહીં. RBI ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક બાદ કહ્યું, ‘એક સ્પષ્ટતા કરવી પડશે, આ વિશેષ કાર્યવાહી પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરુદ્ધ છે તેને પેટીએમ બેંક સાથે જોડશો નહીં. આ પ્રોસેસ Paytm એપ્લિકેશનને અસર કરશે નહીં. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અન્ય બેંકો Paytm વૉલેટ સાથે ભાગીદારી કરી શકે છે, તો તેમણે કહ્યું કે આ એક વ્યવસાયિક નિર્ણય છે અને બેંકોએ તેમના ડિરેક્ટર બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલી નીતિ અનુસાર જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. તેમણે કહ્યું, ‘મને વિશ્વાસ છે કે જો તેઓ ભાગીદારીમાં પ્રવેશવા માંગે છે, તો તેઓ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરશે.‘ આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ કહ્યું કે ફિનટેક પેટીએમ (આરબીઆઈ પેટીએમ બૅન) વિરુદ્ધ સતત નિયમોનું પાલન ન કરવાને કારણે કાર્યવાહી કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે Paytm પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધ હોવા છતાં, તમે તમારા Paytm બેંક ખાતામાં જમા કરેલા પૈસા ખર્ચ કરી શકો છો. આ સિવાય તમે પહેલાની જેમ Paytm UPI નો ઉપયોગ પણ કરી શકશો.

## નાદિર ગોદરેજને પીએમએફએઆઇ દ્વારા લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા

મુંબઈ | ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (જીઆઈએલ)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તથા ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ (જીએવીએલ) તથા એસ્ટેક લાઈફસાયન્સિસ લિમિટેડના ચેરમેન નાદિર ગોદરેજને પેસ્ટીસાઇડ્સ મેન્યુફેક્ચરર્સ એન્ડ ફોર્મ્યુલેટર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (પીએમએફએઆઈ) દ્વારા પ્રતિષ્ઠિત લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પીએમએફએઆઈ-એસએમએલ એન્યુઅલ એગકેમ એવોર્ડ્સ 2024ની પાંચમી એડિશનમાં ગઈકાલે તેમને સન્માનિત કરાયા હતા. 19મી ઈન્ટરનેશનલ ક્રોપ સાયન્સ કોન્ફરન્સ એન્ડ એક્ઝિબિશન (આઈસીએસસીઈ દુબઈ 2024)ના ઉપલક્ષ્યમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું.
1967માં સ્થપાયેલ પીએમએફએઆઈ એગ્રોકેમિકલ્સ/પેસ્ટીસાઇડ્સ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતું નેશનલ એસોસિયેશન છે જેમાં 221 મોટા, મધ્યમ અને નાના કદના ભારતીય એગ્રોકેમિકલ ઉદ્યોગો તેના સભ્ય તરીકે છે. તે




ખેડૂતોને ગુણવત્તાવાળી પાક સુરક્ષા પ્રોડક્ટ્સ પૂરી પાડે તેવી ટેક્નોલોજીમાં સુધારા તથા નવીનતાની હિમાયત કરીને કૃષિ સ્પર્ધાત્મકતાને વધારવા માટે કામ કરે છે. ભારતીય એગ્રોકેમિકલ ઉદ્યોગમાં અભૂતપૂર્વ સિદ્ધિ મેળવનાર અને પ્રદાન કરનારને માન્યતા આપવા તથા સન્માન કરવા માટે 2018માં પીએમએફએઆઈ દ્વારા વાર્ષિક એગકેમ એવોર્ડ્સની રચના કરવામાં આવી હતી.

## E-Rupeeને લોકપ્રિય બનાવવા માટે રિઝર્વ બેંક દ્રાપા નવો પ્લાન બનાવાયો

અમદાવાદ |ભારતીય રિઝર્વ બેંકે ગુરુવારે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) પાયલોટ પ્રોજેક્ટમાં 'ઓફલાઈન' ટ્રાન્ઝેકશનો શરૂ કરવાની જાહેરાત કરી હતી. સામાન્ય શબ્દોમાં કહીએ તો ડિજિટલ રૂપિયાના યુઝર્સ મર્યાદિત ઈન્ટરનેટ કનેક્શન ધરાવતા વિસ્તારોમાં પણ ટ્રાન્ઝેકશન કરી શકશે. હાલ બેંકો દ્વારા પ્રદાન કરવામાં આવેલા ડિજિટલ રૂપી વોલેટ્સનો ઉપયોગ કરીને વ્યક્તિ-થી-વ્યક્તિ અને વ્યક્તિ-થી-મર્ચન્ટ ટ્રાન્ઝેકશનો થઈ શકે છે.
મોનિટરી પોલિસીની જાહેરાતની સાથે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે પાયલોટ પ્રોજેક્ટના ભાગ રૂપે પ્રોગ્રામ આધારિત વધારાના ઉપયોગને સામેલ કરવામાં આવશે. આરબીઆઈએ ડિસેમ્બર, ૨૦૨૨માં રિટેલ સીબીડીસી પાયલોટ લોન્ચ કર્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૩માં એક દિવસમાં ૧૦ લાખ વ્યવહારોનો લક્ષ્યાંક પણ હાંસલ કર્યો હતો. આ સિવાય સૌથી લોકપ્રિય યુપીઆઈમાં પણ પહેલાથી જ ઓફલાઇન સુવિધા શરૂ થઈ છે. દાસે જણાવ્યું કે, 'નબળા



અથવા મર્યાદિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી ધરાવતા વિસ્તારોમાં ટ્રાન્ઝેકશનો કરવા માટે સીબીડીસી-રિટેલમાં ઓફલાઈન સુવિધા શરૂ કરવાની દરખાસ્ત છે. શહેરી સ્થળોએ કેટલાક 'ઑફલાઈન' સોલ્યુશન્સનું પરીક્ષણ પણ કરવામાં આવશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, મહા સુદ-01

# અનામત પર ચર્ચા

સુપ્રીમ કોર્ટમાં અનામત પર ફરી એક વખત ચર્ચા છેડાઈ ગઈ છે, જેના પર બધાનું ધ્યાન જવું સ્વાભાવિક છે. સુપ્રીમ કોર્ટની સાત જજોની પીઠે કહ્યું કે ભારતીય બંધારણ એમ નથી કહેતું કે હાંશિયા પર રહેનારા સમૂહોના લોકો અક્ષમ છે, જ્યારે અન્ય સમૂહોના લોકો સક્ષમ. પીઠે એ પણ કહ્યું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (એસસી/એસટી) માટે અનામત સુસંગત છે. ખરેખર, તેમને અનામતની બહુ જરૂર છે અને તેને આવનાર અનેક દાયકા સુધી ચાલુ રાખવામાં જ સમાજનું વ્યાપક હિત છે, પરંતુ સુપ્રીમ કોર્ટે જે દિશામાં ઈશારો કર્યો તે મહત્ત્વપૂર્ણ છે અને તેના પર પગલાં ભરવાં ભલે આસાન ન હોય, પરંતુ વિમર્શ અવશ્ય ચાલુ રહેવો જોઈએ. જોકે એ સવાલ નવો નથી કે શું જે લોકોને અનામતનો ભરપૂર લાભ મળી ચૂક્યો છે તેઓ અનામતનો લાભ છોડવા તૈયાર થશે? શક્યતા બહુ ઓછી છે! આપણે ત્યાં આવા મુદ્દે માત્ર ચર્ચા થાય તો પણ જલદ પ્રતિક્રિયાઓ આવવા લાગે છે એટલે તેના પર સહજ રીતે કોઈ નિર્ણય કરવો શક્ય નથી બનતું. સુપ્રીમ કોર્ટમાં કેટલાય ન્યાયાધીશોએ જે ટિપ્પણીઓ કરી છે, એના પર વિશેષ રૂપે ધ્યાન આપવાની જરૂર છે. એક ન્યાયમૂર્તિએ પંજાબના એડવોકેટ જનરલને પૂછ્યું કે શું રાજ્ય સરકાર એસસી/એસટી વર્ગની અંદર કેટલીક એ ઉપજાતિઓને અનામતના લાભના દાયરાથી બહાર રાખવાના પક્ષમાં છે, જેમણે સતત બહેતર પ્રદર્શન કર્યું છે અને બરાબરી પર આવી ગઈ છે? શું એવા લોકોને અનામતની સુવિધાથી બહાર આવીને સામાન્ય શ્રેણીના લોકો સાથે ખભેખભો મિલાવીને સંઘર્ષ ન કરવો જોઈએ? તેમની જગ્યાએ જે લોકો પછાતોમાં પણ પછાત છે, તેમને અનામત મળવી જોઈએ. એક બીજા ન્યાયમૂર્તિએ પણ સંકેત કર્યો કે એક વિશેષ પછાત વર્ગની અંદર, જ્યારે કેટલીક જાતિઓ એક નિશ્ચિત સ્થિતિ સુધી પહોંચી જાય છે અને અગ્રીમ જાતિઓની બરાબર થઈ જાય છે, તો તેમણે અનામતના લાભથી બહાર નીકળી જવું જોઈએ. આ ટિપ્પણીઓને તમે વિચાર કહો કે સલાહ, એના પર અમલનું કામ તો સંસદ કે સરકારે જ કરવાનું છે. અદાલતોની પોતાની એક મર્યાદા છે, તેમણે કોઈપણ નિર્ણય કાયદાના દાયરામાં જ લેવાનો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડની આગેવાનીવાળી પીઠે એક વિષય છેડ્યો છે, પરંતુ તેના પર નિર્ણય તો સરકારો પોતાના રાજકીય લાભ-નુક્સાન પર વિચાર કરીને જ લેશે. બેશક, કોઈની અનામતની સુવિધા પાછી લેવાની કોઈપણ વ્યવસ્થા મોટા પાયે વિરોધ નોંતરી લાવે એની ગેરંટી જ હોય છે. અનામત મેળવનારાઓની સ્વેચ્છાથી નિર્ણય થાય તો વધુ સારું. તેનાં કેટલાંક પાસાં છે, જેના પર સરકારોએ વિચાર કરવો જોઈએ. પહેલું, અનામતનો લાભ થયો છે. બીજું, એ કોઈપણ નહીં સ્વીકારે કે તેને અનામતનો પૂરતો લાભ મળી ચૂક્યો છે. ત્રીજું, એ બધા જ માનશે કે અનામતનો લાભ બધાને નથી મળ્યો, મતલબ અનામતથી વંચિતોની સંખ્યા હજુ સારી એવી છે. ચોથું, સવાલ એ પણ છે કે છેલ્લા દાયકાઓમાં તૈયાર થયેલા નવા ક્રીમી લેયરને અનામત છોડવા માટે કેવી રીતે તૈયાર કરવા? મુશ્કેલી એ છે કે વોટબેંકની લ્હાયમાં અનામતના વિસ્તારમાં જ રાજનેતાઓ સમાધાન શોધતા રહે છે. એકંદરે અનામતની માંગ બહુ છે અને પૂરવઠો ઓછો, એટલે જ તો વિવાદનો રસ્તો પહોળો થઈ રહ્યો છે.

શિક્ષણ પાછળ કુલ બજેટનું 14.9% બજેટ ફાળવ્યું છે. જ્યારે દિલ્હીમાં 24.3% બજેટ શિક્ષણ વિભાગને ફાળવવામાં આવે છે

# આમ આદમી પાર્ટી ગુજરાત સરકારના બજેટને ખેડૂતો અને યુવા વિરોધી બજેટ ગણાવે છે: હેમંત ખવા

## પંજાબમાં 'આપ' સરકાર ખેડૂતો માટે 10.2% બજેટ ફાળવીને ખેડૂતોને સમૃદ્ધ બનાવે છે, જ્યારે ગુજરાત સરકાર ખેડૂતો માટે ફક્ત 4% બજેટ ફાળવી રહી છે: હેમંત ખવા

અમદાવાદ/જામનગર/ગુજરાત

આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર ફરી એકવાર ગામડાઓ, યુવાઓ અને ખેડૂત વિરોધી બજેટ લઈને આવી છે.



આમ આદમી પાર્ટીએ આ બજેટને સખત શબ્દોમાં ગૃહમાં પણ વખોડ્યું હતું. આ બજેટમાં ગ્રામ વિકાસ વિભાગને ફક્ત 2.9% બજેટ ફાળવવામાં આવ્યું છે. જ્યારે બીજી બાજુ મણીપુર, ઝારખંડ અને બિહાર જેવા પછાત રાજ્યોમાં પણ 10% થી લઈને 16% જેટલું બજેટ ગ્રામ વિકાસ વિભાગને ફાળવવામાં આવે છે. પરંતુ સમૃદ્ધ ગણાતા ગુજરાતમાં ગ્રામ વિકાસ વિભાગ માટે ફક્ત 2.9% બજેટની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે શહેરી વિભાગમાં 6.3% એટલે કે ગ્રામ વિકાસ વિભાગ કરતા ડબલ કરતાં પણ વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે. સરકારની આવી નીતિના કારણે ગામડાઓની હાલત બદતર થઈ રહી છે અને શહેરોમાં ઝુંપડપટ્ટીઓની અને મજૂરોની સંખ્યા પણ વધી રહી છે. પાછલા ત્રણ વર્ષ અનુસાર ગ્રામ વિકાસ વિભાગનું રાષ્ટ્રીય સરેરાશ 5%જેટલું બજેટ રહ્યું છે, પરંતુ ગુજરાત સરકાર દ્વારા ફક્ત 2.9% બજેટ ફાળવીને ગામડાઓની ઉપેક્ષા કરી છે. એવી જ રીતે કૃષિ કલ્યાણ ખેડૂત સહકાર વિભાગને તેલંગાણામાં કુલ બજેટનું 16.4% બજેટ ફાળવવામાં આવે છે. જ્યાં આમ આદમી પાર્ટીની સરકાર છે ત્યાં ખેડૂતો માટે 10.2% બજેટ ફાળવવામાં આવે છે. જ્યારે ખેડૂતો માટે ગુજરાત સરકારે ફક્ત 4% બજેટ ફાળવ્યું છે. આના પરથી સ્પષ્ટ દેખાય છે કે ખેડૂતો સાથે અન્યાય થઈ રહ્યો છે. 182માંથી 139 ધારાસભ્યો ગ્રામ્ય વિસ્તારમાંથી ખેડૂતોના મત લઈને વિધાનસભામાં આવતા હોય છે. તેમ છતાં પણ ખેડૂતો માટે ફક્ત 4% રકમ ફાળવવામાં આવી છે. પંજાબમાં ખેડૂતો માટે 10.2% બજેટ ફાળવીને ખેડૂતોને સમૃદ્ધ બનાવવામાં આવે છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ ખેડૂતો માટે વધુ બજેટ ફાળવીને ગુજરાતના ખેડૂતોને પણ સમૃદ્ધ બનાવવામાં આવે તેવી અમારી માંગ છે.

શિક્ષણ વિભાગ પાછળ પણ કુલ બજેટનું 14.9% બજેટ ફાળવવામાં આવ્યું છે. જ્યારે દિલ્હીમાં 24.3% બજેટ શિક્ષણ વિભાગને ફાળવવામાં આવે છે. જેના કારણે દુનિયાની બેસ્ટ સ્કૂલો દિલ્હીમાં ખુલી રહી છે. એના જ કારણે જ્યારે આજે દુનિયાના નેતાઓ દિલ્હીની મુલાકાતે આવતા હોય છે, ત્યારે દિલ્હીની સરકારી સ્કુલોની મુલાકાતો લઈને સરકારી સ્કૂલોના વખાણ કરતા હોય છે. પાછલા બજેટો જોઈએ તો આપણને ખ્યાલ આવે છે કે ચોક્કસ વિભાગોને ઓછા બજેટની ફાળવણી કરવામાં આવે છે અને જે બજેટ ફાળવવામાં આવે છે તેમાં ઘણું બજેટ વણવપરાયેલું પડ્યું રહે છે. આ સતત ચાર-પાંચ વર્ષોથી થઈ રહ્યું છે. ગત વર્ષમાં ઓબીસી, એસસી-એસટી અને માઈનોરીટી વિભાગનું 14% બજેટ એટલે કે 396 કરોડ રૂપિયા વણવપરાયેલા પડ્યા રહ્યા છે.

# લુણાવાડાના લાડવેલ અને નાપાણિયા ગામમાં આવેલી આંગણવાડી જર્જરી સ્થાનકમાં

## આંગણવાડીમાં આવતા નાના ભૂલકાઓ બે વર્ષથી ભાડાના મકાનમાં બેસે છે

જગદીશ ત્રિવેદી-ખારોલ

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ લાડવેલ અને નપાણીયા ગામની અંદર ઓગણવાડી કેન્દ્રના મકાન ખૂબ જ જર્ચરિત હાલતમાં છેલ્લા કેટલાય સમયથી જોવા મળી રહ્યા છે ત્યારે આ મકાન છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં હોવાનું સાંભળવા મળે છે ત્યારે આ જર્જરી મકાન બંધ હોવાથી અને રીપેરીંગ બાબતે કે નવા મકાન બનાવવા બાબતે તંત્રની સેવા થી ગોર ઉદાસીનતાના પગલે ઓગણવાડીના નાના ભૂલકાઓ બે વર્ષથી ભાડાના મકાનમાં બેસે છે સરકાર દ્વારા બાળકોના ભવિષ્યની લઈને પાયાનું શિક્ષણ આપવાની સાથે સાથે પોષણક્ષમ આહાર અને રસીકરણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે સરકાર દ્વારા અઢળક રૂપિયા ખર્ચી ને આગણવાડી કેન્દ્ર શરૂ કરવામાં આવે છે ઝીરો થી છ વર્ષના અંદાજે 54 જેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે ત્યારે આ બાબતે તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પણ તંત્રના પેટનું પાણી હલતું નથી માજી ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક દ્વારા પણ લાડવેલ અને



નપાણીયા બંને ગામોમાં નવીન આંગણવાડી કેન્દ્ર બનાવવા માટેની પણ ભલામણ કરવામાં આવી હતી ત્યારે આ ભલામણની પણ તંત્રના સત્તાધીશો ગોળીને પી ગયા હોય એવું લાગી રહ્યું છે અને તંત્ર બાળકોના ભવિષ્ય બાબતે લેશ માત્ર પણ ચિંતિત હોય એવું જણાતું નથી નાના ભૂલકાઓને આંગણવાડીનું મકાન ન હોવાના કારણે બંને ગામોમાં ભાડાના મકાનમાં ભૂલકાઓની બેસાડવા માટે મજબૂર બનવું પડી રહ્યું છે.

# જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ

વિશાલ જે હરવરા - જામનગર

જામનગર જિલ્લા કલેક્ટરશ્રી બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ સમિતિની ત્રિમાસિક બેઠક અને સેવારત તથા પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ અંગેની સમીક્ષા બેઠકનું કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં નિવૃત જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી માસિક આર્થિક સહાય, દીકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતિમ ક્રિયા સહાય, યુદ્ધ જાગીર ભથ્થું તથા કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયની વિગત તેમજ પુર્વ સૈનિકો તથા મંડળો તરફથી મળેલા મુદ્દાઓ બાબતે જિલ્લા કલેક્ટરશ્રીએ સમિતિના સદ્દસ્યો સાથે વિસ્તૃતપણે ચર્ચા-વિચારણા કરી હતી. તેમજ




જિલ્લા કલેક્ટરશ્રીએ પુર્વ સૈનિકો તથા સ્વ.સૈનિકોના ધર્મપત્ની અને તેઓના આશ્રિતોને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સવલતો મળી રહે તે માટેની કાર્યવાહીને પ્રાધાન્ય આપી સરકાર તરફથી લાગુ પડતી તમામ સહાયના લાભો સમયસર મળી રહે તે બાબતની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચન કરી સમિતિના સદ્દસ્યોને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ ઉપરાંત, બેઠકમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારીશ્રી અને જામનગરના કમાન્ડર શ્રી સંદિપ જયસ્વાલ (નિવૃત) એ "સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ" અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગત તા.01/04/2022 થી તા.31/01/2024 સુધીમાં 40 પરિવારોને રૂ. 21,18,000 ની માસિક આર્થિક સહાય, 02 પરિવારોને રૂ.55,000 ની દીકરી લગ્ન સહાય તેમજ 07 પરિવારોને અંતિમ ક્રિયા સહાય પેટે રૂ.70,000 ની એમ કુલ રૂ.22,43,000 ની સહાય ચુકવવામાં આવી છે.

# નલ સે જલ યોજનામાં કરોડોના ભ્રષ્ટાચારના પગલે મહીસાગર વાસ્મો કચેરીના યુનિટ મેનેજર કાર્યવાહી કરાતા 27 કોન્ટ્રાક્ટરો ડી બાર કરાયાનું પગલે કોન્ટ્રાક્ટર આલમમાં ભારે સન્નાટો વ્યાપી જવા પામ્યો

## મહીસાગરમાં 269 કરોડ રૂપિયા વાસ્મો યોજનામાં ખર્ચાઇ ગયા, સૌથી વધુ સંતરામપુર તાલુકામાં 109 કરોડ રૂપિયા વપરાયા.

જગદીશ ત્રિવેદી-ખારોલ

નલ સે જલ યોજનામાં કરોડોના ભ્રષ્ટાચાર ના પગલે મહીસાગર જિલ્લામાં વાસ્મો કચેરીના યુનિટ મેનેજર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતા 27 કોન્ટ્રાક્ટરોને ડીબાર કરવામાં આવતા ભારે સનસનીખેજ મચી જવા પામી છે. જિલ્લાના જે ગામોમાં વાસમો યોજનામાં કોન્ટ્રાક્ટરો દ્વારા કામ પૂર્ણ કરાયા નથી અથવા તો ભ્રષ્ટાચાર કરીને નલ સે જલ યોજનામાં ખોટા બીલો પધરાવીને મોટાભાગે ખાઈકી કરી લેવામાં આવતા મહીસાગર જિલ્લામાં 27 એજન્સીઓને ત્રણ વર્ષ માટે પાણી પુરવઠા બોર્ડ અને વાંસમો ના કામોમાં ભાગ લઈ શકશે નહીં ના ગાંધીનગર કચેરીના આદેશથી કોન્ટ્રાક્ટર આલમમાં ભારે ભુકંપ સર્જાવવા પામ્યો છે. નલ સે જલ યોજનામાં 2019 થી 2024 સુધી 2,59,36,98,552 જેટલી માતબર રકમ વપરાઈ જવા પામી જેમાં સંતરામપુર તાલુકામાં વધુ 109 કરોડ રૂપિયા વાંસમો યોજનામાં વપરાય ગયાના આંકડા ખાતાકીય તપાસમાં આવેલ છે મહીસાગર જિલ્લા કચેરી વાસ્મો દ્વારા ભ્રષ્ટાચારના પગલે યુનિટ મેનેજર સહિત કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા અને તરત જ નવા યુનિટ મેનેજર ગીરીશભાઈ અગોલા અને નવી ટીમ મૂકવામાં આવી હતી વાસ્મો યુનિટ મેનેજર ગીરીશભાઈ અગોલા દ્વારા ખાતાકીય તપાસ કરાતા 111 કોન્ટ્રાક્ટરોની થોડા દિવસ અગાઉ વાસ્મો કે પાણી પુરવઠા યોજનામાં ટેન્ડર ભરી શકશે નહીં ના આદેશ ગાંધીનગર સ્થિત કચેરીથી કરવામાં આવ્યા હતા ત્યારબાદ સંપૂર્ણ તપાસ કરાતા આજરોજ મહીસાગર જિલ્લા યુનિટ મેનેજર ગિરીશ અગોલાના મોકલવામાં આવેલ ખાતાકીય તપાસના આદેશોને ગાંધીનગર સ્થિત ઈજનેર દ્વારા 27 એજન્સીઓને ડિબાર કરવામાં આવી છે જે કોન્ટ્રાક્ટરો કે એજન્સીઓ ત્રણ વર્ષ સુધી પાણી પુરવઠા યોજનામાં કે વાસમો યોજનામાં કામ કરી શકશે નહીં.

# જામનગરમાં ખેલ મહાકુંભ 2.0 અન્વયે શહેર કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજાઈ

વિશાલ જે હરવરા - જામનગર

જામનગર તા.09 ફેબ્રુઆરી, સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત દ્વારા સંચાલિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમા કે.મદ્રાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ખેલ મહાકુંભ 2.0 અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

જામનગર શહેર કક્ષાની ભાઈઓની ખો-ખો સ્પર્ધા સ્વામિનારાયણ ગુરુકુળ, ઠેબા સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અંડર 14, અંડર 17 અને ઓપન એજ ગ્રુપ કેટેગરીમાં કુલ 24 ટીમોએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ



સંચાલન સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર શ્રી સંજય સિંહ, શ્રી હાર્દિકભાઈ જોશી, શ્રી વિજય જુજીયા અને શ્રી મયુર ગંજેલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જાફરાબાદના સામાકાંઠે આવેલ તલાવડીની બાજુમાં ખડકાયેલા ઉકરડો ખદબદતી ગંદકી અને કાગળ ઉપર ચાલતું સ્વચ્છતા હી સેવા

## પાલિકાને પાણી બતાવવા પશુઓ જાણે રસ્તા રોકો આંદોલનની જેમ રોડ વચ્ચે અડીંગો જમાવી એવા બેઠા હોય કે , વાહન તો શું માણસ પણ નીકળીન શકે ! જનતાના પરસેવો પાડી પૈસા કમાઈ વેરો ભરે અને જવાબદાર અધિકારી આંખ કાન બંધ કરી કુંભકર્ણની નિદ્રામાં સૂતાં છે !

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં પીવાના પાણીના પ્રશ્ને અલગ અલગ વિસ્તારોમાંથી ફરિયાદો ઉઠી હતી ૮-૮ દિવસોમાં પણ પાણી ન મળતું હોવાના કારણે ભારે આક્રોશ ભભૂકી ઉઠયો ઘણા ખરા વિસ્તારોમાં પીવાનું પાણી મળતું નથી પાલિકાને પાણી બતાવવા જાણે રસ્તા રોકો આંદોલની જેમ રોડ વચ્ચે અડીંગો જમાવી પશુઓ એવા બેઠા હોય કે, વાહનો તો શું પણ માણસ પણ નિકળી શકતા નથી નાગરિકો પરસેવો પાડી પૈસા કમાઈ વેરો ભરે અને જવાબદાર અધિકારી આખ- કાન બંધ કરી કુંભકર્ણની નિદ્રામાં સુતાં છે. જેથી નાગરિકો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અમુક સમય વિસ્તારમાં લાઈટ, પણી ઉકરડો ખદબદતી ગંદકી પશું - ગટર અને રસ્તા વગેરે પ્રશ્ને ભરે આક્રોશ સાથે ઘણાખરા વિસ્તારોમાં ૧૫-૧૫ દિવસ સુધી પાણી પણ પાલિકા દ્વારા અપાતું નથી થોડાક સમય પહેલા સામાકાંઠા ના વિસ્તારોમાં પાણીનો પોકાર ઉઠ્યો હતો અને હાલમાં પણ આવી જ પરિસ્થિતિ છે. પાલિકા સામાકાંઠા ના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી સમયસર ન મળતું હોવાના કારણે લોકો અનેક પ્રકારની યાતના વેઠી રહ્યા છે. તો બીજી તરફ રેઢિયાળ પશુઓના ત્રાસ એટલી હદે વધ્યો છે કે, લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જાહેર માર્ગો પર આખલાઓ અડીંગો જમાવીને બેસતા હોવાના કારણે વાહનચાલકો તો ઠીક પણ લોકોને પગપાળા ચાલીને નિકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે. જ્યારે આખલાઓનુ યુધ્ધ સર્જાય ત્યારે વાહનોના પૈડાં પર થંભાવી દેવા પડે છે. જો આખલાઓના યુધ્ધમાં કોઇ અડફેટે ચડે તો હોસ્પિટલના બિછાને નક્કી જ હોય છે. રેઢિયાળ પશુઓના ભયના કારણે વૃદ્ધો બાળકો મહિલાઓ જે વિસ્તારમાં પશું નો ત્રાસ હોય ત્યાં નિકળવાનું પણ ટાળી રહ્યા છે. સફાઈ નો પ્રશ્ન હોય કે પછી ગટરનો પ્રશ્ન હોય પાલિકા ના જવાબદાર અધિકારીઓ આંખ-કાન બંધ કરી કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોય તેમ સમસ્યાનું નિરાકરણ થતું નથી સામાકાંઠા ના તલાવડીની બાજુમાં ઉભરાતો ઉકરડો દિનપ્રતિદિન ગંદકીથી ઉભરાઈ રહ્યો છે. પરંતુ જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર આવતું નથી તેની આજુબાજુ રહેણાંક મકાનો આવેલા હોય અને તેની નજીક આ ઊભરાતી ગંદકીથી કોઈ રોગચાળો ફેલાયો તો જવાબદાર કોન ? પાલિકા ધ્યાન ન આપતાં શેરિએ શેરિએ ઢોરનું રસ્તા રોકો આંદોલન પર જોવા મળી રહ્યું છે. પહેલાથી સળગતો પ્રશ્ન છે. જ તેવામાં પશુઓના અડીંગાથી વધુ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નગરજનો પરસેવો પાડી પૈસા કમાઈ પાલિકાને વેરાની ભરપાઇ કરે છે. અને જો વેરો ભરવામાં થોડું ઘણું મોટું થાય તો પાલિકા શેરિએ શેરિએ ઢોલ-નગારા વગાડે છે. પરંતુ પ્રાથમિક સુવિધા આપવામાં તંત્ર વામણું સાબિત થઈ રહ્યું છે.

# લુણાવાડા નગરપાલિકાની કચરા કલેક્શન ગાડીમાં મેડિકલ વેસ્ટનો મામલો સામે આવ્યો

જગદીશ ત્રિવેદી-ખારોલ

લુણાવાડા નગરમાં હાઈવે ઉપર ફરતી લુણાવાડા નગરપાલિકાની કચરા કલેક્શન વાનમાં મેડિકલ વેસ્ટ, બોટલો તથા ઈન્જેક્શન જોવા મળતા લુણાવાડા નગરજનોના આરોગ્ય સાથે ચેડા થઈ રહેલા હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું હતું. મેડિકલ વેસ્ટ માટે અલગથી ગાડી આવતી હોવા છતાં પણ આ મેડિકલ વેસ્ટ કોઈ ખાનગી હોસ્પિટલો દ્વારા કચરાપેટી માં નાખતા હોવાનું માલુમ પડતો આ બાબતે તપાસનો દોર શરૂ થઈ ગયો હતો. જેમાં લુણાવાડા નગરમાં આવેલી કેટલીક ખાનગી હોસ્પિટલો મેડિકલ વેસ્ટ કચરાપેટીમાં નાખતા હતા આ બાબતે જીપીસીબીના અધિકારીઓએ લુણાવાડા નગરમાં આવેલ બે હોસ્પિટલોને નોટિસો આપી છે તપાસના અંતે આ બે હોસ્પિટલો દ્વારા મેડિકલ વેસ્ટ



કચરાપેટીમાં નાખતા હોવાનું બહાર આવવા પામ્યું હતું, જેમાં લુણાવાડા નગરની વિનાયક ઓર્થોપેડિક હોસ્પિટલ તેમજ મમતા ગાયને હોસ્પિટલ દ્વારા આ મેડિકલ વેસ્ટ કચરાપેટી માં નાખવામાં આવતો હતો જેના પગલે બંને હોસ્પિટલોને નોટિસો આપીને આગળની કાર્યવાહી હાથ ધરેલ હતી. જેમાં લુણાવાડા નગરપાલિકાએ આ બે હોસ્પિટલો પાસેથી કુલ રૂપિયા 95 હજારનો દંડ વસૂલ કરવામાં આવેલ છે. આમ લુણાવાડા નગરપાલિકા દ્વારા ખાનગી હોસ્પિટલમાં તપાસનો દોર જાળી રાખતા અપરાટ વ્યાપી જવા પામ્યો હતો.

# સ્વ-રોજગાર વ્યક્તિઓ કેવા પ્રકારનું ટર્મ ઈન્સ્યોરન્સ કવરેજ મેળવી શકે

ભારતમાં સ્વ-રોજગાર લોકોની કુલ સંખ્યા વર્ષ 2021માં 33.3 કરોડ હતી તેમ ગ્લોબલ ડેટાના રિપોર્ટમાં જણાવાયું છે. આ સંખ્યામાં વાર્ષિક 7%થી 8%નો વધારો થઈ રહ્યો છે, પરંતુ આટલો ઊંચો દર શા માટે જોવા મળી રહ્યો છે? સ્વ-રોજગારીના અનેક ફાયદા છે. તમે પોતે જ તમારા બોસ હોવ છો, તમે ઈચ્છો તે રીતે કામ કરી શકો છો અને તમારા વિકાસ માટેની અનંત સંભાવના હોય છે. જોકે, સ્વ-રોજગારીના પોતાના કેટલાક પડકારો પણ છે. તમે ફોર્મલ સેક્ટરમાં કામ કરતા ના હોવ તો એમ્પ્લોયર દ્વારા આપવામાં આવતા લાભો તમે મેળવી શકતા નથી. વધુમાં અનેક મોટી સંસ્થાઓ તેના કર્મચારીઓને જીવન રક્ષણનો લાભ આપે છે, જે સ્વ- રોજગાર વ્યક્તિ તરીકે તમે ગુમાવી શકો છો. પરીણામે અનેક લોકો આ મહત્વના સંરક્ષણ ટૂલ મુદ્દે સમાધાન કરી લે છે અને પોતાના માટે જીવન રક્ષણનો લાભ ખરીદતા નથી. તેનું કારણ શું હોય છે? તેઓ તેને જરૂરી નથી સમજતા અથવા તેઓપોતાને તેના માટે યોગ્ય નથી માનતા. જોકે, આ બંને બાબતો સત્યથી ઘણી દૂર છે. પોલિસીબઝાર. કોમના ટર્મ ઈન્સ્યોરન્સના વડા ઋષભ ગર્ગે જણાવ્યું છે કે, 'કેટલાક વર્ષ પહેલાં સુધી ટર્મ પ્લાન માટે નાણાકીય વીમાકરણ માર્ગદર્શિકા મુજબ ફોર્મ-16 અને કોર્પોરેટ પગાર સ્લિપ જેવા દસ્તાવેજો રજૂ કરવાની જરૂર પડતી હતી, જેના કારણે અનેક સ્વ-રોજગાર લોકો પોતે ઈચ્છે તો પણ ટર્મ ઈન્સ્યોરન્સ પ્લાન ખરીદી શકે તેમ નહોતા. પરંતુ સતત વિકસતા વીમા ઉદ્યોગના પગલે છેલ્લા કેટલાક વર્ષોમાં આ ટ્રેન્ડ બદલાયો છે અને વધુ ને વધુ સ્વ-રોજગાર લોકો ટર્મ પ્લાન ખરીદીને તેમનું નાણાકીય ભાવી સુરક્ષિત કરવા સક્ષમ બની શક્યા છે. હવે ટર્મ પ્લાન ખરીદવા માટે આવક અને આઈટીઆરના પુરાવા ફરજિયાત જરૂરી નથી રહ્યા. કઈ બાબતે આ ફેરફારમાં યોગદાન આપ્યું છે? આજના સમયમાં ગ્રાહકની આવકનું મૂલ્યાંકન કરવા માટે ક્રેડિટ અને લોન ઈતિહાસ તથા વાહન માલિકીના ડેટા મારફત ખરીદીની તાકત મારફત ક્રેડિટપાત્રતા ચકાસવા માટેના પરંપરાગત માપદંડોના બદલે અનેક ડિજિટલ માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક વીમા કંપનીઓ હવે સ્વ-રોજગાર વ્યક્તિઓના કારોબારના વોલ્યુમનું નિરીક્ષણ કરવા માટે જીએસટી ડેટાબેઝનો ઉપયોગ કરે છે. ભારતના સ્વ-રોજગાર સેક્ટર દ્વારા લેવામાં આવેલું આ ખૂબ જ આવકારદાયક પગલું છે, જે આ સેગ્મેન્ટમાં જીવન વીમાના વધતા પ્રસારનો સ્પષ્ટ પુરાવો છે.' સ્વ-રોજગાર લોકો સામાન્ય રીતે તેમના પોતાના પ્રયત્નોથી ઊપાર્જિત આવક પર નિર્ભર હોય છે અને તેમના મૃત્યુની કમનસીબ ઘટનાથી તેમના પર નિર્ભર લોકોની નાણાકીય સુરક્ષા જોખમમાં મુકાઈ જાય છે. આવા સમયે ટર્મ ઈન્સ્યોરન્સ પરિવારની સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને પરિવારમાં કમાણી કરનાર મુખ્ય વ્યક્તિની ગેરહાજરીમાં તેમના આપ્તજનોને સુરક્ષિત રાખવાની ખાતરી આપે છે. મોટાભાગના સ્વ-રોજગાર લોકો નાના કારોબારના માલિકો હોય છે અથવા ફ્રીલાન્સિંગ કામમાં રોકાયેલા હોય છે. તેમના નિધનના સંજોગોમાં લોન્સ, બાકી દેવાં અથવા કારોબારની જવાબદારીઓ તેમના પર નિર્ભર આપ્તજનો પર નોંધપાત્ર નાણાકીય બોજો ઊભો કરી શકે છે. પર્યાપ્ત કવરેજ સાથેનો એક ટર્મ પ્લાન આ નાણાકીય જવાબદારીઓને ઊઠાવી શકે છે.

# શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવા આશ્રમ કાર્ગો માં મેડિકલ કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું



તારીખ 9/2/24 ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવા આશ્રમ કાર્ગો માં મેડિકલ કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં 70 જેટલા દર્દીઓ એ સારવાર નો લાભ લીધો હતો જેમાં તાવ શરદી માથાનો દુખાવો સુગર સાંધાના દુખાવા ખરજવું ચામડીના રોગો ચિકનગુનિયા ગેસ કબજિયાત તમામ રોગોને ચેક કરીને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી આ સેવા કેમ્પ માં આ આયોજન શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી મોહનભાઈ ધારસી ડોક્ટર નીલમબેન વરચંદ કંપાઉન્ડર કૌશિકભાઈ પ્રજાપતિ સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી રાજભા ગઢવી ગૌ રક્ષાકો ની ટીમ હાજર રહી હતી શ્રી મોહનભાઈ ધારસી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સેવા આશ્રમ કાર્ગો ગાધીધામ મધ્યે દર શુક્રવારે સવારે નવ વાગ્યે થી એક વાગ્યા સુધી નિરંતર સેવા ચાલુ રાખવામાં આવશે જેથી વધારે માં વધારે જરૂરતમંદ લોકો સુધી સેવા નો લાભ પહોંચાડી શકાય જેમાં ડોક્ટર તપાસ અને દવાઓ વિના મૂલ્યે આપવામાં આવશે સ્થળ . સેવા આશ્રમ કાર્ગો ગાધીધામ આઝાદ નગરકાર્ગો સ્થાનિક સંપર્ક ભાવિકભાઈ જોશી 7862997567 રાજભા ગઢવી 9879714352 ભરતભાઈ ધવલેસા 7069994422.

# મહેસાણા ડી. કોઓ બેક દ્વારા ચાણસ્મા / બેચરાજી સહકારી મંડળી ઓના પ્રમુખ / મંત્રી ઓની બેઠક યોજાઈ



નિતીન ઠાકર સાથે પ્રતિક જેઠી ચાણસ્મા (દેલમાલ )

ચાણસ્મા ગાયત્રી મંદિર ના સભા હોલ ખાતે મહેસાણા ડી કો ઓ બેંક દ્વારા ચાણસ્મા / બેચરાજી તા ના સહકારી મંડળી ઓ ના પ્રમુખ/મંત્રી ઓ ની ખાસ બેઠક નું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં મહેસાણા ડી. બેંક ના જનરલ મેનેજર બિપીનભાઈ પટેલે ખાસ મુદ્દા ઓ જેવા કે સને ૨૦૨૪ -૨૫ વર્ષ ની ધિરાણ નિતી ની વિસૃત જાણકારી સાથે શાખ પત્રક તૈયાર કરવા સાથે મંડળી ઓ દ્વારા કરવામાં આવેલા ધિરાણ ની વધારે વસુલાત કરવા સહિત પશુપાલકો ને કે સી સી ધિરાણ સરળતા થી મળી રહે તે. સહિત ના મુદ્દાઓ ની ચર્ચા કરવામાં આવી હતી. સમાન હિસાબી પદ્ધતિ ના આમલી કરણ નો અમલ કરવા સહિત મુદ્દાઓ ની ચર્ચા કરી બેઠકમાં ઉપસ્થિત સહકારી મંડળી ના પદાધિકારી ઓ ને વિસ્તૃત જાણકારી આપી હતી. બેઠક માં બેચરાજી એ સી. એમ સી. ના ચેરમેન વિજય ભાઈ પટેલ ગીજુભાઈ પટેલ R T O ચાણસ્મા ના પાટીદાર અગ્રણી ઉમેશ ભાઈ પટેલ મહેસાણા ડી. બેંક ના ડીરે. પંકજ ભાઈ પટે'લ સહિત ચાણસ્મા / બેચરાજી તા. સહકારી મંડળી ઓ ના પ્રમુખ / મંત્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે મહેસાણા ડી. બેંક ના જનરલ મેનેજર બિપીન ભાઈ ના માર્ગદર્શન નીચે મહેસાણા ડી. બેં ચાણસ્મા / બેચરાજી શાખા દ્વારા બેઠક નું સફળ આયોજન કરાયું હતુ.



# કેમ? ટૂંકા વસ્ત્રોમાં પણ નથી લાગતી ઠંડી મહિલાઓને

બ્રિટનમાં આ દિવસોમાં ઠંડી જામી રહી છે અને દરેક વ્યક્તિ જેકેટ કે કોટ વડે ઠંડીથી પોતાને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. પરંતુ તેમ છતાં, કેટલીક છોકરીઓ હજી પણ રાત્રિના સમયે ગરમ કપડાં પહેરવાનું ટાળે છે. તો શું તેમને ઓછા કપડામાં પણ ઠંડી નથી લાગતી? ઘણી વાર તમે પાર્ટીઓ અને નાઈટક્લબમાં સખત શિયાળો હોવા છતાં છોકરીઓને શોર્ટ્સ અથવા ટૂંકા કપડામાં જોઈ હશે. ફેશનના યુગમાં લોકો તેમના સ્વાસ્થ્ય કરતાં તેમના દેખાવ વિશે વધુ ચિંતિત છે. પરંતુ શું શિયાળાની ઋતુમાં ટૂંકા કપડા પહેર્યા પછી પણ છોકરીઓને ઠંડી નથી લાગતી? બ્રિટિશ વૈજ્ઞાનિકોએ આ પ્રશ્નનો જવાબ શોધી કાઢ્યો છે.

## ટૂંકા કપડાંમાં ઠંડી નથી લાગતી?

'ધ મિરર'ના સમાચાર મુજબ, બ્રિટનમાં આ દિવસોમાં ઠંડી જામી રહી છે અને દરેક વ્યક્તિ જેકેટ અથવા કોટ સાથે પોતાને ઠંડીથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેમ છતાં, કેટલીક છોકરીઓ હજી પણ રાત્રિના સમયે ગરમ કપડાં પહેરવાનું ટાળે છે. તો શું તેમને ઓછા કપડામાં પણ ઠંડી નથી લાગતી? અમે તમને આની પાછળનું વૈજ્ઞાનિક પાસું જણાવીએ છીએ. બ્રિટિશ જર્નલ ઓફ સોશિયલ સાયકોલોજીમાં એક અભ્યાસ પ્રકાશિત થયો છે, જેમાં આ પ્રશ્નનો જવાબ શોધવામાં આવ્યો છે. અભ્યાસના લેખક રોક્સાઈ ફેલિગે જણાવ્યું હતું કે જ્યારે પણ વ્યક્તિ પોતાની જાતને બહારથી સુંદર દેખાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે તેની રોજિંદી જરૂરિયાતોથી કોઈ ફરક પડતો નથી. તે વર્ષ 2014 માં કાર્ડી બીના દાવાની તપાસ કરતી વખતે તેણીએ આ પ્રશ્નનો જવાબ શોધી કાઢ્યો હતો.

## મહિલાઓએ પોતાને ઓબ્જેક્ટમાં બદલી

ફેલિગે કહ્યું કે કાર્ડીએ કહ્યું હતું કે તેણી સારા દેખાવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આવી સ્થિતિમાં તેણીએ પોતાને એવા કપડામાં રાખ્યા હતા જેનાથી તેણીને ઠંડી લાગે છે. જ્યારે સ્ત્રી કોઈ વસ્તુની અવસ્થામાં આવે છે, તો આવી સ્થિતિમાં તેના હૃદયની ધડકનથી લઈને ભૂખ અને પ્રેમ સુધી, દરેક વસ્તુ તેનું મહત્વ ગુમાવવા લાગે છે. આ સ્થિતિમાં, તે તેની આંતરિક સ્થિતિને ઓળખવાનો પ્રયાસ પણ કરતી નથી. આ કામ માટે રિસર્ચ ટીમે સખત શિયાળાની વચ્ચે ફ્લોરિડામાં એક ક્લબની મુલાકાત લીધી અને ત્યાંની મહિલાઓ સાથે વાત કરી. આ વાતચીતની સાથે જ તેમની બોડી દર્શાવતી કેટલીક તસવીરો પણ ઉતારવામાં આવી હતી, આ બધું ત્યારે થયું જ્યારે ત્યાંનું તાપમાન માત્ર 4 થી 10 ડિગ્રીની વચ્ચે હતું. આ રિસર્ચમાં જાણવા મળ્યું છે કે જે મહિલાએ સેલ્ફ ઓબ્જેક્ટિફિકેશન પર વધુ ધ્યાન આપ્યું હતું તેમને જરાય ઠંડી લાગતી નથી.

## ત્વચા સાથેનો સંબંધ કેવો હતો

આખરે વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે જે સ્ત્રીઓએ પોતાની જાતને ઓબ્જેક્ટ તરીકે ઓછી દર્શાવી હતી તેઓ તેમની ત્વચા સાથે વધુ મજબૂત સંબંધ દર્શાવે છે અને તેમને ઠંડી પણ લાગે છે. પરંતુ તેનાથી વિપરિત, જે મહિલાઓ તેમના દેખાવ અને દેખાવ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી હતી, તેઓ ઓછા કપડામાં પણ ઠંડીનો અનુભવ કરતી ન હતી.



## નહાવાના પાણીમાં કડવો લીમડો, સંતરાની છાલ, લીંબુ વગેરે ઉમેરો

નહાવાના પાણીમાં તમે સુગંધ માટે અલગ અલગ વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો. નહાવાના પાણીમાં કડવો લીમડો, ગુલાબના પાન, સંતરાની છાલ, કપૂર, લીંબુ વગેરે. આ વસ્તુઓનો ઉપયોગ અલગ અલગ પણ કરી શકાય છે પરંતુ જો સૌથી વધુ ફાયદો મેળવવો હોય તો તેનો ઉપયોગ આ રીતે કરો. સૌથી પહેલા એક મલમલનું કપડું લેવું. આ કપડામાં ઉપર જણાવેલી વસ્તુઓને થોડી થોડી માત્રામાં લઈ બાંધી દો. હવે બધી જ વસ્તુને કપડામાં બાંધી પોટલી બનાવી લો. આ પોટલીને નહાવાના પાણીમાં 10 થી 15 મિનિટ સુધી રાખો. ત્યાર પછી આ પાણીનું નહાવા માટે ઉપયોગ કરો. એક વખત આ પોટલી બનાવ્યા પછી ચારથી પાંચ વખત તેનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે પોટલીમાં બાંધેલી વસ્તુઓની સુગંધ જતી રહે તો ફરીથી નવી પોટલી બનાવી તેનો ઉપયોગ કરો. નિયમિત રીતે આ પાણીથી નહાવાનું રાખશો તો શરીરની બદબુ દૂર થઈ જશે અને સાથે જ ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ દૂર થવા લાગશે. આ પોટલીમાં રહેલો કડવો લીમડો, કપૂર અને લીંબુ શરીરમાં બદબુ ઉત્પન્ન કરતા બેક્ટેરિયાનો નાશ કરે છે. સાથે જ ગુલાબના પાન, સંતરાની છાલ ત્વચા સંબંધિત સમસ્યા દૂર કરે છે અને ફ્રેશ ફિલ કરાવે છે.

# આંતરડામાં જામેલી ગંદકીને દૂર કરે છે આ વસ્તુઓ, કબજિયાતથી મળશે રાહત

આંતરડાની તંદુરસ્તી જાળવવા માટે કેટલાક ખોરાક ખાઈ શકાય છે. આ ખોરાક પેટ અને આંતરડાને સાફ કરવામાં મદદરૂપ સાબિત થાય છે. બહારના જંક ફૂડ આપણી જીવનશૈલીનો એક મોટો ભાગ બની ગયો છે. આવી સ્થિતિમાં જો જંક ફૂડનું વધુ પડતું સેવન કરવામાં આવે તો પેટ અને આંતરડામાં ઝેરી તત્વો જમા થવા લાગે છે. આપણે જે ખાઈએ છીએ તેની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે. જો ખાવાની ટેવ સારી ન હોય તો સ્વાસ્થ્ય સીધું બગડે છે, જ્યારે ખાવાની આદત સ્વસ્થ હોય તો શરીર પણ સ્વસ્થ રહે છે. વર્તમાનની વાત કરીએ તો બહારથી જંક ફૂડ આપણી જીવનશૈલીનો એક મોટો ભાગ બની ગયો છે. આવી સ્થિતિમાં જો જંક ફૂડનું વધુ પડતું સેવન કરવામાં આવે તો પેટ અને આંતરડામાં ઝેરી તત્વો જમા થવા લાગે છે. આ ઝેર અથવા ગંદકીને સાફ કરવા માટે કેટલાક ખોરાકનું સેવન કરી શકાય છે. આ ખોરાક આંતરડામાંથી ગંદકી સાફ કરે છે. જો આંતરડા કે પેટમાં ગંદકી જામી હોય, તો વ્યક્તિને ઝાડા, એસિડ રિફ્લક્સ, ગેસ, માથાનો દુખાવો, બ્લડ પ્રેશર અને ઉલ્ટી જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં, આંતરડાને સાફ કરવા માટે કેટલાક ખોરાકનું સેવન કરી શકાય





છે. ઔષધીય ગુણોથી ભરપૂર હળદર આંતરડાને સાફ કરવામાં અસરકારક છે. હળદરનું સેવન કરવા માટે તમે એક ગ્લાસ ગરમ પાણીમાં હળદર અને એક ચપટી કાળા મરી મિક્સ કરીને સવારે પી શકો છો. તેનાથી પેટ યોગ્ય રીતે સાફ થાય છે. લીલા પાંદડાવાળા પાલકના પાન પાચનતંત્રને સાફ રાખે છે. પાલકના પાન ખાવાથી રોગોનો ખતરો ઓછો થાય છે અને પેટની અશુદ્ધિઓ પણ દૂર થાય છે. સફરજનમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે અને ફાઈબરના સેવનથી પાચનક્રિયા સારી રહે છે. સફરજન ખાધા પછી આંતરડાની ગતિ સુધરે છે. આ સિવાય આ ફળ શરીરમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં અસરકારક છે. ગરમ પાણીનું સેવન કરવાથી શરીરના તમામ અંગોને ફાયદો થાય છે. તે માત્ર અંગોને યોગ્ય રીતે કામ કરવામાં મદદ કરે છે એટલું જ નહીં પરંતુ તે કબજિયાત, પેટમાં દુખાવો અને શરીરમાં એકઠા થયેલા ઝેરી તત્વોની સમસ્યાઓથી પણ રાહત આપે છે.

# નાભિમાં તેલ લગાવવાના છે ઘણા ફાયદા અનેક સમસ્યામાંથી મળશે છુટકારો

તમે સાંભળ્યું જ હશે કે નાભિમાં તેલ લગાવવાથી ઘણા ફાયદા થાય છે, તો તમે સાચું જ સાંભળ્યું હશે. આજકાલ બહુ ઓછા લોકો નાભિમાં તેલ લગાવવાનું પસંદ કરે છે અને ઘણા લોકો તેના ફાયદા વિશે પણ જાણતા નથી. આવો તમને જણાવીએ નાભિમાં તેલ લગાવવાના ફાયદા. નાભિમાં તેલ લગાવવાથી તમને ઘણા ફાયદા થાય છે. પેટના દુખાવામાં રાહત મેળવવા માટે તમારે રોજ નાભિમાં સરસવનું તેલ નાખવું જોઈએ. જો તમને ઉલ્ટી અને પેટ ફૂલવાની સમસ્યા છે, તો આ ઉપાયો કરવાથી તમારી સમસ્યા તરત જ દૂર થઈ જશે અને તમને ઘણી રાહત પણ મળશે. નાભિમાં તેલ નાખવાથી ત્યાંની ગંદકી સાફ થઈ જાય છે. તે ત્વચાને પોષણ આપવા માટે ખૂબ જ ફાયદાકારક છે. તમારે આ દરરોજ કરવું જોઈએ. સાંધાના દુખાવાથી છુટકારો મેળવવા માટે તમારે દરરોજ નાભિમાં તેલ લગાવવું જોઈએ. આનાથી તમારું ક્રોધિત મન પણ શાંત રહેશે. તમે નાભિ પર નારિયેળ અથવા બદામનું તેલ પણ લગાવી શકો છો, આ ફાટેલા હોઠને તરત જ ઠીક કરવામાં મદદ કરે છે.



સાંધાના દુખાવાથી છુટકારો મેળવવા માટે તમારે દરરોજ નાભિમાં તેલ લગાવવું જોઈએ



# સમાજમાં વધતી ડિવોર્સ ની સમસ્યા...

**આ વાર્તા નથી એક જીવતી જાગતી સત્ય ઘટના છે, આવું જ્યારે જેના ઘરમાં વિતે છે ને ત્યારે એ દીકરી હોય કે દીકરો એના માબાપ ને લોકો સાથે ભળવું,પ્રસંગો માં જવું કે સગા સબંધીઓ સાથેની મિલન મુલાકાત પણ કરવી ગમતી નથી.સતત ભય લાગે છે કે હમણાં સામે વાળી વ્યક્તિ પૂછશે કે હજુ વહુ નથી આવી? છૂટાછેડા કેમ નથી આપતી? બીચારો વહુ દીકરા ની લડાઈ માં પૌત્ર નું ભવિષ્ય બગડે છે વગેરે વગેરે નકામા પ્રશ્નો અને ઢંગ ધડા વગર ની વાતચીત કરવાની લોકોને ખૂબ મજા પડતી હોય છે.લોકોને માટે બાજુવાળા નો પરિવાર તૂટ્યો તો ગોસીપ માટે ટોપિક મળી જતો હોય છે પરંતુ એ પીડા સહનાર ને ખબર છે કે એનો જીવ કટકે કટકે કપાતો હોય છે પૌત્ર ના ભવિષ્ય માટે...**

સાંપ્રત સમય ની મોટામાં મોટી સમસ્યા “ડિવોર્સ” આ સમસ્યા પાછળનું મુખ્ય કારણ શું?મારા મત પ્રમાણે સહનશકિત પતિપત્ની વચ્ચે નો અભાવ.નાની નાની વાત માં સાત આઠ વર્ષ થી ચાલતા પ્રેમ સબંધો નો લગ્ન બાદ વર્ષ બે વર્ષમાં અંત આવતા હોય છે. એકબીજા પ્રત્યેના વિચારો મળતા ના હોવાના કારણે પણ આ સમસ્યા થાય છે.વર્તમાન સમય એ આધુનિક પાશ્ચાત્ય વિચારસરણી ધરાવે છે,સૌને પોતાના વિચારો અને વર્તન ને વળગી રહેવું વધારે પસંદ છે.આજ નું મોટામાં મોટું દૂષણ લગ્ન માં થતાં દગા ઓ. બે વ્યક્તિઓ વચ્ચેનું પવિત્ર લગ્ન ગઠ બંધન એ એક વેપાર બની ગયો હોય એવું વધારે લાગે છે.હાલ ના સમય માં લગ્ન બાદ અમુક વર્ષે છોકરીઓ માનસિક અને જાતીય સતામણી નો કેસ કરીને પોતાને પીડિત સાબિત કર્યા બાદ સાસરિયાં પાસેથી અધધધ રકમ પડાવી નો કારસો ઘડે છે.આ કારસા માં એ એકલી નથી હોતી એની સાથે એના પરિવાર ના સભ્યો પણ જોડાયેલા હોય છે.સમાજ માં સ્ત્રીઓના આંસુઓ થી માની લેવામાં આવે છે કે વહુ સાચી છે ને સાસરિયાં ખોટા..આ પ્રકારના કિસ્સા ઓ દિન પ્રતિદિન વધવા લાગ્યા છે આને રોકવાનો એક ઉપાય દીકરી કે દીકરા ના વિવાહ સમાન સ્ટેટ્સ ધરવતા પરિવાર માં કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

નજીક ના સગા ને બનેલ કિસ્સો: દીકરો જન્મ્યો ને પાંચ વર્ષ નો થયો ત્યાં સુધી તો સમસ્યા નહતી.અમે ગરીબ પરિવાર ની દીકરી ને વહુ બનાવી ને ઘરે લાવ્યા ત્યારે વિચાર્યું હતું કે એકજ સંતાન દીકરો છે.અમે પતિ પત્ની ઉંમર લાયક બનશું ત્યારે દીકરા સાથે ઘર પરિવાર પણ સરસ સાંભળી લે.અમે બન્ને આ ઉંમરે પણ સ્વસ્થ ને નિરોગી છીએ એટલે વહુ સેવા કરશે એ અપેક્ષા રાખી નથી. મે પૂછ્યું કે કેમ ગરીબ પરિવાર નું સાસરું દીકરા માટે પસંદ કર્યું? બાળકો ના લગ્ન સરખા પરિવાર માં કરવાનું કેમ ના યોગ્ય લાગ્યું? આશરે ૬૦-૬૫ વર્ષ ની ઉંમરે પોહચી ગયેલા પતિ પત્ની પાસે મારા પ્રશ્ન નો જવાબ નહતો.એ માત્ર એકજ રટણ કરતા હતા કે વહુ ને દીકરી માની ને ઘરે લઈ આવ્યા હતા ખબર નહતી એનું સ્વપ્નું કઈક અલગ હતું. એણે આળ લગાડ્યું તો પણ કેવું? એ બોલતાં પણ જીભ ના કટકા થાય છે.શું ક્યારેય દીકરા અને માં વચ્ચે સબંધ હોય શકે? શું દીકરો એની પત્ની સાથે માં



- રુપાલી દવે

ને પણ મહત્વ આપે એ ખોટું છે? આઠ દિવસ પહેલા અચાનક જડ મૂળ થી સ્વભાવ બલદી ને કાકા ની છોકરી ના લગ્ન માં જવાનું છે એટલે બેંક ના લોકર માંથી ઘરેણાં કાઢવા પડશે.ઘરની પાચ છ વર્ષ થી વહુ હતી એટલે વિચર્યા વગર લોકર ની ચાવી આપી દીધી હતી. એણે લોકર માંથી બધા ઘરેણાં કાઢી લીધા છે એ પણ નહતું કહ્યું. એ પિયર જવા ની હતી એના આગલે દિવસે ખૂબ ઝગડો કર્યો ને મનફાવે એમ બોલી ને દીકરા ના દીકરા ને લઈને નીકળી ગઈ જતા જતા મારા દીકરાના જીવન માં છૂટાછેડા નો કેસ કરીને શૂન્ય મૂકતી ગઈ છે.આજ કાલ કરતાં બીજા ૪વર્ષ થઈ ગયાં પણ છૂટાછેડા આપતી નથી..દીકરા નું આખું જીવન બગડતું સગી આંખે જોઈને દુઃખ પણ સરખી રીતે વ્યક્ત કરી પણ શકતા નથી.શું કરીએ?...

આ વાર્તા નથી એક જીવતી જાગતી સત્ય ઘટના છે, આવું જ્યારે જેના ઘરમાં વિતે છે ને ત્યારે એ દીકરી હોય કે દીકરો એના માબાપ ને લોકો સાથે ભળવું,પ્રસંગો માં જવું કે સગા સબંધીઓ સાથેની મિલન મુલાકાત પણ કરવી ગમતી નથી.સતત ભય લાગે છે કે હમણાં સામે વાળી વ્યક્તિ પૂછશે કે હજુ વહુ નથી આવી? છૂટાછેડા કેમ નથી આપતી? બીચારો વહુ દીકરા ની લડાઈ માં પૌત્ર નું ભવિષ્ય બગડે છે વગેરે વગેરે નકામા પ્રશ્નો અને ઢંગ ધડા વગર ની વાતચીત કરવાની લોકોને ખૂબ મજા પડતી હોય છે.લોકોને માટે બાજુવાળા નો પરિવાર તૂટ્યો તો ગોસીપ માટે ટોપિક મળી જતો હોય છે પરંતુ એ પીડા સહનાર ને ખબર છે કે એનો જીવ કટકે કટકે કપાતો હોય છે પૌત્ર ના ભવિષ્ય માટે..

વર્તમાન યુગ માં ટેકનોલોજી નો વિકાસ સડસડાટ થયો એ સાથે વિશ્વ ને ખાસ કરીને ભારત એ આધુનિક યુગમાં પ્રવેશ તો કર્યો પરંતુ આ આધુનિક મોર્ડન યુગ નું યુવા ધન એ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગ માં પૂરેપૂરું રંગાઇ ચૂક્યું છે. લગ્ન સંસ્થા ને મજાક મજાક માં લઈને આનંદ ને મોજ મસ્તી માં લાઈફ ને વિતાવવી એવું સમજે છે. નારી સ્વતંત્ર ને નારી શક્તિ,સ્ત્રી સશક્તિકરણ અભિયાન ને લીધે પ્રત્યેક માબાપ એની દીકરી ને ભણાવી ગણાવીને પગભર કરવા માંગે છે એનું મુખ્ય કારણ સસરા ગયા બાદ પતિ ની આવક પર નિર્ભર રહેવા ના બદલે પતિ ના કંધે કંધો મિલાવી ને સુખી લાઈફ જીવી શકે.એ એકંદરે સાચું પણ છે એનું કારણ છે કે સ્ત્રી પગભર નથી ને ગૃહિણી છે તો એની વેલ્યુ બિલકુલ થતી નથી ખુદ પતિ જ એની વેલ્યુ કરતા નથી. એવુ નથી સમાજ માં ગૃહિણી ની વેલ્યુ નથી થતી..૧૦૦ માંથી ૭૫ પરિવાર માં ગૃહિણી નું સ્થાન ઊંચું એટલે માં અન્નપૂર્ણા માની ને પૂજાય છે પરંતુ ૨૫ પરિવારો માં ગૃહિણી ની હાલત અમુક ઉંમર પછી ખૂબ ખસ્તા છે. સ્ત્રીઓ ની ૫૫વર્ષ ની ઉંમર બાદ નોકરીઓ મેળવી મુશ્કેલ છે ને લગ્ન બાદ મોટાભાગ નો સમય ઘરમાં ગૃહિણી નો રોલ નિભાવી ને વિતાવ્યો હોય છે.ગૃહિણીઓ અભણ નથી હોતી એ પણ ડિગ્રી ધારી હોય છે પરંતુ ગૃહિણી બન્યા બાદ એની ડિગ્રી અને ભણતર ની વેલ્યુ ઝીરો થઈ જાય છે.

થોડા સમય પહેલા સમાચાર પત્રક મા આવેલ સમાચાર મુજબ સમાજ માં ૫૫ થી ૬૫ વય મર્યાદા ધરાવતા યુગલ ના છૂટાછેડા ના કેસ ની સંખ્યા હાઈકોર્ટ માં વધી રહી છે જે સમાજ માટે ચિંતા જનક છે.આવું કેમ? આજના યુવાન યુવક યુવતી ના છૂટાછેડા ના કેસ બન્ને વચ્ચે ના વિચારો ની ટક્કર માં થાય છે.યુવતીઓ વધારે ભણવા લાગી છે એટલે એ બધાની સહન શકિતમાં ઘટાડો થયો છે. વળી લાઈફ સ્ટાઈલ માં પાશ્ચાત્ય સંસ્કૃતિ નું અનુકરણ વધ્યું છે એમાં છૂટાછેડા ના કેસ સામન્ય થઈ ગયા છે.પરંતુ પ્રૌઢ કપલ માં છૂટાછેડા ની સમસ્યા કેમ વધી છે? સર્વે કહે છે કે મોનોંપોઝ બાદ સ્ત્રીઓ ની સમસ્યા વધે છે ને એના લીધે પુરુષો કંટાળી ને આ પગલું લે છે,બીજો સર્વે કહે છે કે ઉંમર વધતા સ્ત્રીઓ ને શારીરિક માનસિક સેક્સ પ્રત્યે રુચિ રહેતી નથી ને પુરુષો ને આ જ કારણોસર અન્ય સ્ત્રીઓ સાથે લગ્નેતર પ્રેમ સબંધો બંધતા એ વર્ષોથી એના પરિવારની માબાપની,ઘરની રાતદિવસ થાક્યા વગર સેવા ભૂલી ને કોર્ટ નો દરવાજો ખખડાવે છે.

વર્તમાન સમય ને આધુનિક યુગ તો માનવા માં આવે છે પરંતુ ટેકનોલોજી અને વિકાસ એ પરિવાર વચ્ચે ટી.વી ને મનગમતું પાત્ર બનાવી દીધું છે..સિરિયલ માં સ્ત્રી દુઃખી એટલે સુખી જીવન જીવતી સ્ત્રીઓ ને પણ અચાનક પોતાના સુખી જીવનમાં દુઃખ દેખાવા લાગે છે.. મારા મતે છૂટાછેડા ની સમસ્યા માં ઘટાડો કરવો હશે તો ટી.વી નો ઉપયોગ ઘટાડી ને વધારે ને વધારે સમય પુરુષો અને યુવકો એ પરિવાર સાથે વિતાવવો પડશે.પરિવાર માં એવી તાકાત હોય છે કે છૂટાછેડા કે અન્ય સમસ્યા ને પ્રવેશ્યું અઘરું છે.. ચલો હાથ ને હાથ સાથે મજબૂતી થી પકડીને પરિવાર ને માણીયે,બહાર નું ફુડ રોજ રોજ ખાવાથી પેટ દર્દ નો શિકાર થવાય છે એટલું સમજો..

# જાહ્નવી કપૂરે રેડ ગાઉનમાં કરાવ્યું હોટ ફોટોશૂટ



મુંબઈ: પોતાની આકર્ષક સ્ટાઈલથી હજારો ચાહકોના દિલ જીતનાર અભિનેત્રી જાહ્નવી કપૂરે ફરી એકવાર પોતાના લેટેસ્ટ ફોટોશૂટથી બધાના હોશ ઉડાવી દીધા છે. બોલિવૂડમાં પોતાની આકર્ષક સ્ટાઈલથી હજારો દિલોની ધડકન બનાવનાર હોટ અભિનેત્રી જાહ્નવી કપૂર અપ્સરાથી ઓછી નથી દેખાઈ રહી.આ તસવીરોમાં જાહ્નવી કપૂરનો કિલર ગ્લેમરસ લુક જોઈને ફેન્સ તેના વખાણ કરતાં થાકતા નથી. ફોટામાં જાહ્નવી કપૂર મરૂન રંગના ડીપ નેક બોડીકોન ગાઉનમાં ખૂબ જ સુંદર લાગી રહી છે.તસવીરોમાં જાહ્નવી કપૂર ગ્લોસી મેકઅપ સાથે ઓપન હેરસ્ટાઈલમાં ખૂબ જ ક્યૂટ લાગી રહી છે, જેના પર ચાહકો તરફથી જબરદસ્ત રિસ્પોન્સ જોવા મળી રહ્યો છે.આ તસવીરો શેર કરતી વખતે જાહ્નવી કપૂરે કેપ્શન આપ્યું હતું. ફોટામાં જાહ્નવી કપૂર તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળે છે.તેના લાખો ચાહકો જાહ્નવી કપૂરની આ તસવીરો પર કોમેન્ટ કરતા જોવા મળે છે - ઓસમ, સો બ્યુટીફુલ, વાહ, ક્વીન, જાહ્નવી કપૂર ક્યારેક તેના ટ્રેડિશનલ લુકમાં, ક્યારેક તેની ગ્લેમરસ સ્ટાઈલમાં તો ક્યારેક તેના બોલ્ડ અવતારમાં સોશિયલ મીડિયા પર ધમાલ મચાવતી જોવા મળે છે.



# દોહામાં જોવા મળ્યો બોલિવૂડની બેબોનો બોસ લેડી લુક

મુંબઈ: બોલીવુડની ફેશન ક્વીન કહેવાતી કરીના કપૂર આ દિવસોમાં દોહામાં છે. જ્યાંથી અભિનેત્રીએ પોતાના સ્ટાઈલિશ બોસ લેડી લુકની એક ઝલક શેર કરી છે. જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે.કરીના કપૂરે પોતાની સ્ટાઈલિશ તસવીરો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. દોહામાં ઈવેન્ટ દરમ્યાનની આ કેટલીક સુંદર તસવીરો શેર કરી છે. જેમાં તે કિલર પોઝ આપતી જોવા મળી હતી. આ તસવીરોમાં કરીના કપૂર આઈસ બ્લુ કલરનો ફ્લાવર પ્રિન્ટ ડ્રેસ પહેરેલી જોવા મળી હતી. જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. કરીનાએ ગ્લોસી મેકઅપ, ઓપન હેર સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો છે.એક્ટ્રેસની આ તસવીરો ફેન્સને એટલી પસંદ આવી રહી છે કે તે અપલોડ થતાની સાથે જ વાયરલ થવા લાગી છે.અભિનેત્રીને આ તસવીરો પર ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે અને કોમેન્ટ પણ કરી રહ્યા છે. કોમેન્ટ કરતી વખતે કેટલાક યુઝર્સ કરીનાને સ્ટનિંગ અને ક્વીન કહી રહ્યા છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો કરીના કપૂર ટૂંક સમયમાં રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ 3'માં જોવા મળશે. જેમાં તેની સાથે અજય દેવગન જોવા મળશે.







# જ્યોર્જિયાએ બ્રેકઅપના દુખડા ગાયા, ભડક્યો અરબાઝ ખાન કહ્યુ બે વર્ષ ક્યાં હતી?

મુંબઈ: અભિનેતા-નિર્માતા અરબાઝ ખાને થોડા સમય પહેલા બીજા લગ્ન કર્યા છે. તેણે શુરા ખાનને પોતાની બીજી બેગમ બનાવી છે. નિકાહમાં તેના પરિવાર અને કેટલાક ખાસ મિત્રોએ હાજરી આપી હતી. અરબાઝ ખાનના લગ્ન દરમિયાન, તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ જ્યોર્જિયા એન્ડ્રિયાનીએ તેની સાથેના તેના બ્રેકઅપ અંગેનું દુઃખ વ્યક્ત કર્યું, જે અરબાઝ ખાનને બિલકુલ પસંદ નહોતું. અભિનેતા તેના ભૂતપૂર્વ પર ગુસ્સે થયો અને પૂછ્યું કે તે 2 વર્ષથી ચૂપ કેમ હતી?અરબાઝ ખાન અને શુરા ખાન લગ્નજીવનનો આનંદ માણી રહ્યા છે. પરંતુ, તેના ભૂતપૂર્વએ લગ્ન પહેલાં મીડિયા ઈન્ટરવ્યુમાં જે પણ કહ્યું, તે અભિનેતા-નિર્માતાને બિલકુલ ગમ્યું નહીં. લગભગ એક મહિના પછી, અભિનેતાએ તે ઈન્ટરવ્યુમાં કહેવામાં આવેલી વસ્તુઓ પર





પ્રતિક્રિયા આપી છે.જ્યોર્જિયા એન્ડ્રિયાની બાદ હવે અરબાઝ ખાને પોતાના એક્સ સાથેના સંબંધો વિશે વાત કરી છે. તેણે સ્પષ્ટ કર્યું હતું કે શૂરા સાથે સંબંધ બાંધવાના બે વર્ષ પહેલા તેનું અને જ્યોર્જિયાનું બ્રેકઅપ થઈ ગયું હતું, પરંતુ તેણે પોતાના ઈન્ટરવ્યુમાં આ વાતની સ્પષ્ટતા કરી નથી.પોતાની નારાજગી વ્યક્ત કરતા અરબાઝે કહ્યું, 'હું જાણું છું કે તાજેતરના કેટલાક ઈન્ટરવ્યુ એ અહેસાસ કરાવે છે કે અંત સુધી બધું બરાબર હતું, જે સાચું નથી. બહુ દુ:ખની વાત છે કે હવે મારે અહીં બેસીને આ રીતે ખુલાસો આપવો પડે છે, પરંતુ શૂરાને મળ્યાના દોઢ વર્ષ પહેલાં મારો અગાઉનો સંબંધ સમાપ્ત થઈ ગયો હતો. જ્યોર્જિયા સાથે મારી ડેટિંગનો સમયગાળો માત્ર 1 વર્ષ ચાલ્યો. પરંતુ, તેણે આપેલા ઈન્ટરવ્યુમાં કોઈ સમય મર્યાદા આપવામાં આવી ન હતી અને આવા ઈન્ટરવ્યુથી લોકો એવું માને છે કે હું એક રિલેશનશિપમાં હતો ત્યારે બીજા રિલેશનમાં ગયો હતો. તેણે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં સુધી હું શૂરાને મળ્યો ન હતો ત્યાં સુધી હું લગભગ દોઢ વર્ષથી કોઈને ડેટ કરતો નહોતો અને આ વાસ્તવિકતા છે.

# અભિનેત્રી અમૃતાસિંહનો આજે 66મો બર્થ-ડે, આ કલાકારો સાથે અફેર હતા ચર્ચામાં

મુંબઈ: બોલિવૂડની ટોચની જાણીતી અભિનેત્રી જેને પોતાના કરિયરમાં પુષ્કળ કીર્તિ અને માન મેળવ્યા. પોતાના કરિયરની પ્રથમ ફિલ્મથી જ દર્શકોના દિલમાં એક અનોખું સ્થાન જમાવી લીધું હતું. ફિલ્મી કરિયરમાં શરૂઆતના ગાળામાં તે ડાયરેક્ટર, પ્રોડ્યુસરની પ્રથમ અભિનેત્રી બની ગઈ હતી. આ અભિનેત્રીનું પાકિસ્તાન સાથે પણ એક વિશેષ સંબંધ છે. આ ઉપરાંત વિનોદ ખન્ના સાથે અફેરની પણ ખૂબ ચર્ચા ચાલી હતી. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીઝની જાણીતી અભિનેત્રી અમૃતાસિંહ છે. જે આજે પોતાનો બર્થ-ડે સેલિબ્રેટ કરી રહી છે. અભિનેત્રીએ વર્ષ-1983માં સની દેઓલ સાથે ફિલ્મ 'બેતાબ' સાથે અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. બોલિવૂડમાં આવતાની સાથે તેને પોતાનો ગ્લેમર અવતારથી સૌનાં દિલ જીતી લીધા હતા. સલમાન ખાન, જેકી શ્રોફ, સની દેઓલ, વિનોદ ખન્ના સાથે તો ઘણી ફિલ્મો કરી જેને લોકોએ ઘણી પસંદ કરી હતી. વિનોદ ખન્ના અને અમૃતાસિંહના રિલેશનશિપના અનેક કિસ્સા આવતા રહ્યા છે. એવું કહેવાય છે કે બંને અમૃતાસિંહની માતાને લીધે અલગ થઈ ગયા હતા. કેટલાક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે



કે અમૃતા અને વિનોદ એક ફિલ્મના સેટ પર એકબીજાને ખૂબ પસંદ કરવા લાગ્યા હતા. એ સમયમાં બંનેના અફેર વિશે ખૂબ ચર્ચા જગાવી હતી. વર્ષ-1989માં સુપરહિટ ફિલ્મ બટવારાના સેટ પર બંને પ્રથમવાર મળ્યાં હતાં. આ મલ્ટિસ્ટાર ફિલ્મમાં અમૃતાસિંહ હેંડસમ વિનોદ ખન્નાને દિલ દઈ બેઠી હતી. જો કે વિનોદ ખન્ના તેનાથી 12 વર્ષ મોટો હતો. અહીં આપને જણાવી દઈએ કે અમૃતાસિંહ અને વિનોદ ખન્નાનો સંબંધ અભિનેત્રીની માને બિલ્કુલ પસંદ નહોતો. કારણ કે તે ઉંમરમાં વિનોદ ખન્નાથી ખૂબ નાની હતી. માને લીધે વિનોદ ખન્ના અને અમૃતાસિંહ બંને જુદા પડી ગયા હતાં. ત્યારબાદ અમૃતાએ જાતે 12 વર્ષ નાના સૈફઅલી ખાન સાથે કોઈને ખબર ન પડે તેમ લગ્ન કરી લીધા હતા. જો કે તેઓના આ લગ્ન પણ તૂટી ગયા અને અમૃતા અને સૈફઅલી ખાને છૂટાછેડા લઈ લીધા હતા.

# બોલિવૂડના મહાનાયક મેગાસ્ટાર અમિતાભ બચ્ચન રામલલ્લાના શરણે





મુંબઈ: બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન આજે અયોધ્યા પ્રવાસે છે. તેમણે રામલલાના દરબારમાં જઈને પૂજા કરી.અહીં તેઓ માત્ર રામલલાના દર્શન જ નહીં કરે, પરંતુ જ્વેલરી શોરૂમનું ઉદ્ઘાટન પણ કરશે. આ સાથે તેમની અયોધ્યાના કમિશનરને મળવાનુ પણ આયોજના છે. તો અમિતાભ બચ્ચન અયોધ્યાના એરપોર્ટ પર ઉતર્યા બાદ સીધા રામ જન્મભૂમિ ગયા હતા.બોલિવૂડના મહાનાયકે આજે ભગવાના રામલલ્લાના દર્શન કરી ધન્યતા અનુભવી,આ પહેલા પણ અમિતાભ બચ્ચને અયોધ્યામાં રામ લલ્લાના અભિષેક સમારોહમાં સામેલ થયા હતા.સાથે સાથે પુત્ર અભિષેક બચ્ચન પણ મુંબઈથી અયોધ્યા પહોંચ્યા હતા. આ દરમિયાન અમિતાભ એક્ટર અરુણ ગોવિલ સાથે મંદિર પરિસરમાં વાત કરતા જોવા મળ્યા હતા.રામજન્મભૂમિ સંકુલથી તેઓ સીધા અયોધ્યા કમિશનર ગૌરવ દયાલના નિવાસસ્થાને જશે,અમિતાભ બચ્ચન બપોરે 3:30 થી 4 વાગ્યા સુધી અયોધ્યાના સિવિલ લાઈન્સમાં કલ્યાણ જ્વેલર્સના શોરૂમનું ઉદ્ઘાટન કરશે. અહીંથી સાંજે 5 વાગ્યે તેઓ સીધા મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ જશે અને અયોધ્યાથી પરત ફરશે.અમિતાભ બચ્ચન રામ મંદિરના નિર્માણ બાદ બીજી વખત અયોધ્યા આવ્યા હતા.મહત્વની વાત તો એ છે કે,રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમયે પણ ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.તો ભગવાન રામની શ્રદ્ધાને લઈ રોજ બરોજ હજારો ભકતો દર્શન કરી ધન્યતા અનુભવે છે

# શમિતા શેટ્ટીએ ગુજરાતી વ્યંજનનો માણ્યો સ્વાદ, ફેસ પર છલકાઈ ખુશી

મુંબઈ: શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટી અવારનવાર ચર્ચામાં રહે છે. આ વખતે તેણે ગુજરાતી ભોજનનો આનંદ માણ્યો હતો. તેને લીધે ચર્ચામાં છે.



શમિતા શેટ્ટીએ તાજેતરમાં તેના ફેન્સને આનંદ થાય અને ગુજ્જુને ગર્વ થાય તેવા ફોટો શેર કર્યા છે.એક્ટ્રેસ શમિતાએ ગુજરાતી ફૂડ આરોગીને પોતાની ખુશીને જાહેર કરી છે. તેને પોતાના હૃદયસ્પર્શી ભાવથી વડોદરામાં ગુજરાતી ભોજન જમ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. ઉંધીયુથી ખમણ અને ઢોકળાંથી કચોરી સુધી, ગુજરાતના સમૃદ્ધ રસોઈ વારસાને દર્શાવતી રંગબેરંગી વાનગીઓથી ટેબલ શણગારવામાં આવ્યું હતું. ગુજરાતી ભોજનમાં શેટ્ટીનો આનંદ ઘણા લોકો માટે આશ્ચર્યજનક હતો. તેણે પોતાના કેપ્શનમાં લખ્યું કે, પોતે આહારનું બેલેન્સ જાણવી રાખે છે. પોતે ઘણી વાર આ નિયમોને તોડીને પ્રસંગોપાત ભોજનનો મસ્ત આનંદ માણી લે છે. અને ભોજનના બધા નિયમોને થોડીવાર માટે ભૂલી જાય છે.શમિતા શેટ્ટીને વિવિધ ગુજરાતી ભોજનનો સ્વાદ માણતી જોઈ શકાય છે. ચહેરા પર પણ ગુજરાતી સ્વાદનો આનંદ જોવા મળે છે. તેનું નિખાલસ સ્મિત અને તેના ચહેરા પરના ભાવો દર્શાવે છે કે આપણી બોલીવુડ સુંદરીઓ પણ ગુજ્જુ વાનગીઓને કેટલો પ્રેમ કરે છે.

## હમરાઝ-ટુ બનાવવાની જાહેરાત, બોબી, અક્ષય ખન્ના રિપીટ થશે



મુંબઇ : બોબી દેઓલ, અક્ષય ખન્ના અને અમીષા પટેલની ૨૦૦૨ની હિટ ફિલ્મ 'હમરાઝ'નો હવે બીજો ભાગ બની રહ્યો છે. તેમાં બોબી દેઓલ અને અક્ષયને જ રિપીટ કરાયા હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મની હિરોઈન અમીષા પટેલને રીપીટ કરાશે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. અહેવાલો અનુસાર ફિલ્મ સર્જક અબ્બાસ મસ્તાનની જોડીએ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરી દીધી છે. મૂળ ફિલ્મની જેમ જ બીજો ભાગ પણ એક થ્રીલર હોવાની સંભાવના છે. ૨૦૦૨માં રીલીઝ થયેલી 'હમરાઝ' ૧૫ કરોડના બજેટમાં બની હતી. તે વખતે તેણે આશરે ૩૦ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મમાં અક્ષય ખન્નાની ભૂમિકાની ભારે પ્રશંસા થઈ હતી અને તેણે એવોર્ડ્ઝ પણ મેળવ્યા હતા.

# લોકપ્રિય અભિનેત્રી ફિલ્મોબાદ હવે રાજનીતી તરફ, કંગના લોકસભાની ચૂંટણી લડે તેવી શક્યતા



મુંબઈ: ભારતીય જનતા પાર્ટી ટૂંક સમયમાં લોકસભા ચૂંટણી-2024 માટે લગભગ 150 બેઠકો માટે તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી શકે છે. આ એવી બેઠકો છે જેમાં ભાજપની હાર થઈ છે. હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ પણ આ સીટોમાં સામેલ છે. હવે અહીં ભાજપે નિર્ધારિત સમય પહેલા પોતાની કિલ્લેબંધી કરવાનું નક્કી કર્યું છે. હિમાચલ પ્રદેશની આ એકમાત્ર લોકસભા સીટ છે જે કોંગ્રેસ પાસે છે. જો કે, પહેલા આ સીટ ભાજપ પાસે હતી, પરંતુ 2021માં અહીં પેટાચૂંટણી યોજાઈ હતી, ત્યારબાદ આ સીટ કોંગ્રેસ પાસે ગઈ હતી.

જે બેઠકો પર દિલ્હીમાં પહેલા ઉમેદવારોના નામની જાહેરાત કરવાની ચર્ચા ચાલી રહી છે. મંડી સંસદીય બેઠક પણ તેમાં સામેલ છે. અહીં પણ નિર્ધારિત સમય પહેલા ઉમેદવારના નામની જાહેરાત થઈ શકે છે. ભાજપની વ્યૂહરચના હારેલી બેઠકો પર ઉમેદવારો ઉભા કરીને સમય પહેલા પ્રચાર શરૂ કરવાની છે.

મંડી સંસદીય બેઠક પરથી ભાજપની ટિકિટ મેળવવા માટે ઉમેદવારોની લાંબી યાદી બહાર આવી રહી છે. જો કે, સૌથી પહેલું નામ પૂર્વ સીએમ અને વિપક્ષના નેતા જયરામ ઠાકુરનું છે, પરંતુ જયરામ ઠાકુરે પહેલેથી જ કહી દીધું છે કે તેઓ ચૂંટણી નહીં લડે. આ ઉપરાંત ભાજપના પૂર્વ ઉમેદવાર બ્રિગેડિયર ખુશાલ ઠાકુર, મનાલી મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ અને એચપી મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ/ફેડરેશનના ઉપપ્રમુખ ચમન કપૂર, ભાજપ નેતા અજય રાણા અને આશ્રય શર્મા જેઓ અગાઉ લોકસભાની ચૂંટણી લડી ચૂક્યા છે તેમના નામો મુખ્ય છે.

આ સાથે પૂર્વ સાંસદ મહેશ્વર સિંહને પણ ટિકિટની આશા છે. પરંતુ પાર્ટી તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને જ કોઈપણ નિર્ણય લઈ શકે છે. ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે પણ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે પરંતુ ભાજપ તેને હિમાચલમાંથી ચૂંટણી લડે તેવી શક્યતા નથી. આ સિવાય પૂર્વ મંત્રી ગોવિંદ સિંહ ઠાકુર અને ભાજપના પ્રદેશ મહાસચિવ બિહારી લાલ શર્માના નામ પણ ચર્ચામાં છે. આ સિવાય તાલબગરોની વાત કરીએ તો તેમની પણ લાંબી યાદી છે.

# 7 ઇન્ટરનેશનલ કોરિયોગ્રાફરોએ 'ક્રેક' ફિલ્મની એક્શન સિક્વન્સ ડિઝાઇન કરી

મુંબઈ: વિદ્યુત જામવાલની પોતાની આગામી ફિલ્મ 'ક્રેક'ને લઈને ચર્ચામાં છે. આદિત્ય દત્ત દ્વારા નિર્દેશિત આ ફિલ્મની વાર્તા એક ગેમ પર આધારિત છે. આ હાર્ડકોર એક્શન ફિલ્મની ટેગ લાઈન 'ક્રેક: જીતેગા તો જીયેગા' છે. ફિલ્મમાં વિદ્યુત પોતાનો જીવ દાવ પર લગાવીને રમત રમતા જોવા મળશે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ માટે મેકર્સે સ્પેન, સાઉથ આફ્રિકા, ઈટાલી અને જર્મની સહિત ઘણા દેશોમાંથી 7 ઈન્ટરનેશનલ એક્શન કોરિયોગ્રાફરને હાયર કર્યા હતા. આ નિર્માતાઓએ ફિલ્મ માટે સ્લેકલાઈનિંગ, BMX સાઈક્લિંગ,રોલરબ્લેડિંગ સહિતની ઘણી સાહસિક રમતોની સાથે હેન્ડ ટુ હેન્ડ કોમ્બેટ એક્શનની કોરિયોગ્રાફી પણ કરી છે. આમાંના ઘણા એક્શન સિક્વન્સની ઝલક ફિલ્મના ટીઝરમાં જોવા મળી છે.ફિલ્મના રાઈટ-ડિરેક્ટર આદિત્યએ એક ઈન્ટરવ્યૂમાં




કહ્યું 'હું મારા એક્શન સિક્વન્સને વિગતવાર લખું છું. હું ઈચ્છું છું કે એક્શન સીન દ્વારા પણ ઈમોશન્સ દર્શકો સુધી પહોંચે. અને આ બધું ત્યારે વધુ નિર્ણાયક બની જાય છે જ્યારે ફિલ્મ એક આત્યંતિક સ્પોર્ટ્સ એક્શન થ્રિલર હોય. એક સમય એવો આવે છે જ્યારે દર્શકોને સ્ટંટ બોરિંગ લાગવા લાગે છે, આવી સ્થિતિમાં એક્શન સિક્વન્સમાં પણ સ્ટોરી હોવી જરૂરી છે.'ક્રેક' આદિત્ય દત્ત દ્વારા લખવામાં અને નિર્દેશિત કરવામાં આવી છે.તે અને વિદ્યુત અગાઉ 'કમાન્ડો-3'માં સાથે કામ કરી ચૂક્યા છે. આદિત્યએ પોતાના કરિયરમાં આશિક બનાયા આપને' અને 'ટેબલ નંબર 21' જેવી ફિલ્મો પણ ડિરેક્ટ કરી છે. તેઓ પ્રખ્યાત ગીતકાર આનંદ બક્ષીના પૌત્ર છે.'ક્રેક' 23 ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે.ફિલ્મમાં વિદ્યુત ઉપરાંત નોરા ફતેહી, અર્જુન રામપાલ અને એમી જેક્સન મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે.

# અમદાવાદમાં ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગની મેચ યોજાશે



## ગુજરાતની ટીમ સહિત અન્ય 5 ટીમ આ લીગમાં ભાગ લેશે; વર્લ્ડના ટોચના રાઈડર્સ સાથે રેસ કરશે

અમદાવાદ તા 09

CEAT ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (ISRL) તેની પહેલી સિઝનમાં જ ભારતમાં મોટરસ્પોર્ટ્સના ક્ષેત્રે ઈતિહાસ સર્જવા જઈ રહી છે. આ લીગમાં CM ભૂપેન્દ્રભાઈ પટેલ પહેલી સિઝનની બીજી રેસનું ઉદ્ઘાટન કરશે. અમદાવાદમાં તારીખ 11 ફેબ્રુઆરીએ એકા ક્લબ (ટ્રાન્સસ્ટેડિયા અરેના) ખાતે સુપરક્રોસની મેચ યોજાશે. CEAT ISRLના સહ-સ્થાપક અને લિલેરિયા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર વીર પટેલે જણાવ્યું હતું કે 'ગુજરાતે મારો જુસ્સો શોધવા માટે મને પહેલું પ્લેટફોર્મ આપ્યું છે અને આજે હું મારા રાજ્યે મને આપેલો સહકાર, પ્રેમ તથા માર્ગદર્શન માટે આભારી છું. સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ એ માત્ર

રેસિંગ માટે જ નથી, સિઝન-1ની પ્રથમ રેસ પૂણે ખાતે યોજાઈ હતી, જેમાં 10,000થી વધુ પ્રેક્ષકોએ ચાર કેટેગરીમાં ફેલાયેલા આંતરરાષ્ટ્રીય ચેમ્પિયન અને ઉભરતી ભારતીય પ્રતિભાઓને ચિયરઅપ કર્યુ હતું. 450સીસી ઈન્ટરનેશનલ રાઈડર્સ, 250સીસી ઈન્ટરનેશનલ રાઈડર્સ, 250સીસી ઈન્ડિયા-એશિયા મિક્સ અને 85સીસી જુનિયર ક્લાસ. વિશ્વના વિવિધ ખૂણેથી ટોચના રાઈડર્સ ભારતમાં ભેગા થઈ રહ્યા છે ત્યારે આ સિરીઝ વૈશ્વિક સ્તરે સુપરક્રોસમાં પ્રભુત્વ માટે અલ્ટીમેટ બેટલગ્રાઉન્ડ બની રહેશે. લીગ વિવિધ વયના અને કુશળતા ધરાવતા રાઈડર્સ માટે સુરક્ષિત અને સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પુરું પાડે છે. CEAT ISRLએ ફેડરેશન ઑફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઑફ ઈન્ડિયા (FMSCI) દ્વારા માન્યતા પ્રાપ્ત છે. તે ભારતમાં મોટરસ્પોર્ટ્સના મૂળ સારને પુનઃવ્યાખ્યાયિત કરવાની એક સફર છે.' તેમણે વધુમાં કહ્યું કે 'લગભગ 80 ટકા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિત્વ સાથે પોડિયમ માટે 48 રાઈડર્સ સ્પર્ધા કરી રહ્યા છે જે CEAT ISRLની ગ્લોબલ અપીલ દર્શાવે છે. આ ફ્રેન્ચાઈઝી આધારિત સુપરક્રોસ રેસ એક અનન્ય પ્રકારની રેસ છે અને અમે ભારતને સુપરક્રોસ વિશ્વના કેન્દ્રસ્થાને લાવવાનું લક્ષ્ય ધરાવીએ છીએ.' વિશ્વભરના 100થી વધુ રાઈડર્સે તાજેતરમાં પૂરી થયેલી રાઈડરના ઓક્શન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 48 રાઈડર્સે CEAT ISRLની 6 ફ્રેન્ચાઈઝી ટીમમાં સ્થાન મેળવ્યું છે. ISRLના ટીવી અને OTT બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ Viacom18 પાસે છે.

**વર્લ્ડના ટોચના રાઈડર્સ ભાગ લેશે :** સિઝન-1ની પ્રથમ રેસ પૂણે ખાતે યોજાઈ હતી, જેમાં 10,000થી વધુ પ્રેક્ષકોએ ચાર કેટેગરીમાં ફેલાયેલા આંતરરાષ્ટ્રીય ચેમ્પિયન અને ઉભરતી ભારતીય પ્રતિભાઓને ચિયરઅપ કર્યુ હતું. 450સીસી ઈન્ટરનેશનલ રાઈડર્સ, 250સીસી ઈન્ટરનેશનલ રાઈડર્સ, 250સીસી ઈન્ડિયા-એશિયા મિક્સ અને 85સીસી જુનિયર ક્લાસ. વિશ્વના વિવિધ ખૂણેથી ટોચના રાઈડર્સ ભારતમાં ભેગા થઈ રહ્યા છે ત્યારે આ સિરીઝ વૈશ્વિક સ્તરે સુપરક્રોસમાં પ્રભુત્વ માટે અલ્ટીમેટ બેટલગ્રાઉન્ડ બની રહેશે. લીગ વિવિધ વયના અને કુશળતા ધરાવતા રાઈડર્સ માટે સુરક્ષિત અને સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પુરું પાડે છે. CEAT ISRLએ ફેડરેશન ઑફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઑફ ઈન્ડિયા (FMSCI) દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

**વિશ્વની પ્રથમ રેસિંગ ફ્રેન્ચાઈઝી :** ISRL વિશ્વની પ્રથમ ફ્રેન્ચાઈઝ રેસિંગ લીગ છે. જેમ ક્રિકેટમાં આઈપીએલ, ફૂટબોલમાં આઈએસએલ અને કબડ્ડીમાં પીકેએલ છે, તેવી જ રીતે ISRLની શરૂઆત બાઈક રેસિંગમાં થઈ છે. પ્રથમ સિઝન દેશના 3 અલગ-અલગ સ્થળો પર યોજાશે. પ્રથમ સિઝનનો પ્રથમ ચરણ રવિવાર, 28 જાન્યુઆરીએ પુણેમાં સમાપ્ત થયો. અંતિમ 2 લેગ અમદાવાદ અને નવી દિલ્હીમાં યોજાશે. વિશ્વભરના 100થી વધુ રાઈડર્સે તાજેતરમાં પૂરી થયેલી રાઈડરના ઓક્શન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 48 રાઈડર્સે CEAT ISRLની 6 ફ્રેન્ચાઈઝી ટીમમાં સ્થાન મેળવ્યું છે. ISRLના ટીવી અને OTT બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ Viacom18 પાસે છે, જેમાં ટીવીના Sports 18 અને OTTના Jio Cinema પાસે છે.

# ડેરીલ મિચેલ બીજી ટેસ્ટમાંથી બહાર ઓસ્ટ્રેલિયા સામે T20 પણ નહીં રમે



## વિલિયમસનનું પણ T20 સિરીઝમાં રમવા પર શંકા

ન્યૂઝીલેન્ડ તા 09

ન્યુઝીલેન્ડનો બેટ્સમેન ડેરીલ મિચેલ દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. તે ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણી પણ રમી શકશે નહીં. તેના પગમાં ઈજા છે અને છેલ્લા 7 મહિનાથી તે આ ઈજા સાથે સંઘર્ષ કરી રહ્યો છે. હવે તેને સ્વસ્થ થવા માટે બ્રેક આપવામાં દક્ષિણ આફ્રિકા સામે રમી હતી. તેણે 2 ઈનિંગ્સમાં 34 અને 11 રન બનાવ્યા ન્યૂઝીલેન્ડના કોચ ગેરી સ્ટેડે કહ્યું, 'અમે તેને અગાઉ પણ આરામ આપ્યો હતો પરંતુ ડોક્ટરોએ કહ્યું કે તેને વધુ આરામની જરૂર છે. તેને સતત મેચ વચ્ચે લાંબો બ્રેક આપવો મુશ્કેલ છે. સ્ટ્રેલિયા સામેની T20 શ્રેણી સુધી તેને લગભગ 3 અઠવાડિયાનો આરામ મળશે. આ દરમિયાન અમે તેના સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ. હતા. પાકિસ્તાન સામે પાંચમી T20 પણ નથી રમી મિચેલ છેલ્લા 6 કે 7 મહિનાથી તેના પગની ઈજા સાથે સંઘર્ષ કરી રહ્યો છે. તે ઈજાગ્રસ્ત પગ સાથે ODI વર્લ્ડ કપ પણ રમ્યો હતો. ઈજાના કારણે તે જાન્યુઆરીમાં પાકિસ્તાન સામે છેલ્લી T20 રમી શક્યો ન હતો. તે હવે સંપૂર્ણ રીતે ફિટ થવા માગે છે, જેથી તે ઓસ્ટ્રેલિયા સામેની 2 ટેસ્ટમાં પોતાનું 100% આપી શકે.ન્યૂઝીલેન્ડે ડેરીલ મિચેલના સ્થાને કોઈ ખેલાડીની જાહેરાત કરી નથી. જોકે, વિલ યંગ ટીમમાં હાજર છે, તેથી તેને બીજી ટેસ્ટમાં મિચેલની જગ્યાએ પ્લેઈંગ-11માં સામેલ કરી શકાય છે. કોચે કહ્યું કે ફાસ્ટ બોલર વિલ ઓ'રર્ક બીજી ટેસ્ટમાં ડેબ્યૂ કરી શકે છે. જો આમ થશે તો બેટિંગ ક્રમમાં પણ ફેરફાર થઈ શકે છે. કેન વિલિયમસન ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણી માટે પણ ઉપલબ્ધ રહેશે નહીં. વિલિયમસન ત્રીજી વખત પિતા બનવા જઈ રહ્યો છે, તેથી તે બ્રેક પર રહેશે. જો કે, ટ્રેન્ટ બોલ્ટ T20 શ્રેણીમાં કમબેક કરી શકે છે, જે હાલમાં UAEમાં ILT20 રમી રહ્યો છે. તે 21 ફેબ્રુઆરી પછી કોઈપણ પ્રકારની ફ્રેન્ચાઈઝી ક્રિકેટ નહીં રમે. કોચે કહ્યું, 'વિલ બેકઅપ બેટર છે, તેથી તે મિચેલને સંપૂર્ણપણે બદલી શકે છે. ગ્લેન ટીમને જોઈને ખુશ છીએ. મિચેલ ચૂકી જશે, પરંતુ ઈજાને ધ્યાનમાં રાખીને તેને આરામ આપવો એ વધુ સારો વિકલ્પ છે.

# લો બોલો... હવે કેપ્ટનનું સ્થાન પણ ટીમમાં નક્કી નથી



શ્રીલંકાની અફઘાનિસ્તાન સામેની વનડે શ્રેણી ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. જેને લઈ શ્રીલંકાએ ટીમની જાહેરાત કરી દીધી છે. જેમાં એક મોટો અને ચોંકાવનારો ફેરફાર ટીમમાં કરવામાં આવ્યો છે. શ્રીલંકાએ એશિયા કપ વિજેતા કેપ્ટનને જ ટીમમાંથી બહાર કરી દીધો છે. શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચેની વનડે શ્રેણી માટે ટીમોની જાહેરાત કરવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, શ્રીલંકાએ આ શ્રેણીમાં મોટો ફેરફાર કર્યો છે. તેમણે પોતાના પૂર્વ કેપ્ટન દાસુન શનાકાને ટીમમાંથી બહાર કરી દીધો છે.શ્રીલંકાએ ગુરુવારે અફઘાનિસ્તાન સામેની 3 મેચની ODI શ્રેણી માટે 16 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. દાસુન શનાકાને આમાં સ્થાન મળ્યું નથી. આ સિવાય બે અન્ય ખેલાડીઓને પણ બાકાત રાખવામાં આવ્યા છે. જેમાં નુવાંડી ફર્નાન્ડો અને જ્યોફી વેન્ડરસેને પણ બાકાત રાખવામાં આવ્યા છે.વનડે વર્લ્ડ કપ 2023માં શ્રીલંકા નવમા સ્થાને રહી હતી, ત્યારબાદ જ દાસુન શનાકાએ કેપ્ટનશીપ છોડી દીધી હતી. ત્યારથી કુસલ મેન્ડિસ શ્રીલંકન ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો છે. શનાકાને ઝિમ્બાબ્વે શ્રેણીમાં તક મળી હતી પરંતુ હવે તેને અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું નથી.

# વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામેની આગામી બે ટેસ્ટમાંથી બહાર

## પારિવારિક કારણોસર નહીં રમે; જાડેજા-રાહુલની ટીમમાં કમબેક કરી શકે

નવી દિલ્હી તા 09



ઈંગ્લેન્ડ સામેની 5 ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ બે ટેસ્ટ ન રમ્યા બાદ વિરાટ કોહલી હવે આગામી બે મેચમાંથી પણ બહાર થઈ ગયો છે. ESPN ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, ભારતના સ્ટાર બેટર રાજકોટ અને રાંચીમાં યોજાનારી ત્રીજી અને ચોથી ટેસ્ટમાં નહીં રમે. તો, પ્રથમ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા રવીન્દ્ર જાડેજા અને કેએલ રાહુલ ત્રીજી ટેસ્ટ માટે ટીમમાં કમબેક કરી શકે છે. બંને ખેલાડીઓ વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટમાં રમ્યા ન હતા. કોહલી પારિવારિક કારણોસર બ્રેક પર મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિરાટ કોહલી પારિવારિક કારણોસર બ્રેક પર છે. એવું માનવામાં આવે છે કે તે હાલમાં વિદેશમાં છે. બીજી ટેસ્ટ બાદ તેને લગતા સવાલો પર કોચ રાહુલ દ્રવિડે કહ્યું હતું કે ટીમ મેનેજમેન્ટ શ્રેણીની બાકીની મેચ માટે કોહલીની ઉપલબ્ધતા જાણવા માટે તેનો સંપર્ક કરશે. થોડા દિવસો પહેલા એબી ડી વિલિયર્સે પણ લાઈવ સ્ટ્રીમમાં કહ્યું હતું કે કોહલી તેના બીજા બાળકની અપેક્ષા રાખી રહ્યો છે. હું માત્ર એટલું જ જાણું છું કે તે ઠીક છે. સમય વિતાવી રહ્યો છે, તેથી જ તેણે પ્રથમ બે ટેસ્ટ મેચ રમી નથી.ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ત્રીજી ટેસ્ટમાં આરામ આપવામાં આવી શકે છે. બુમરાહની જગ્યાએ ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને ત્રીજી મેચમાં તક મળી શકે છે.

# મિચેલ માર્શ કોરોના પોઝિટિવ આવ્યો:તો પણ વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ T20 રમશે

સિડની તા 09



ઓસ્ટ્રેલિયન કેપ્ટન મિચેલ માર્શ વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની T20 હોમ સિરીઝ પહેલા કોરોનાથી સંક્રમિત થઈ ગયો છે. ગુરુવારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ વાતની પુષ્ટિ કરી હતી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું છે કે માર્શ શ્રેણીમાં ટીમની કમાન સંભાળશે. મેચ દરમિયાન તેને અલગ ડ્રેસિંગ રૂમમાં રાખવામાં આવશે. આ સાથે તે મેદાન પર ખેલાડીઓથી અંતર જાળવી રાખશે. ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન પણ તાજેતરમાં જ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ચેપ લાગ્યા બાદ તેણે વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે શ્રેણીમાં ભાગ લીધો હતો.

9 ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ T20 મેચ ટેસ્ટ અને T20 સિરીઝની પ્રથમ મેચ 9 ફેબ્રુઆરીએ હોબાર્ટમાં રમાશે. બીજી મેચ 11 ફેબ્રુઆરીએ એડિલેડમાં અને ત્રીજી મેચ 13 ફેબ્રુઆરીએ પર્થમાં રમાશે. અગાઉ, બે ટેસ્ટ મેચની શ્રેણી 1-1થી ડ્રો રહી હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ત્રણ વન-ડે શ્રેણીમાં ક્લીન સ્વીપ કર્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ સામેની T20 સિરીઝ બાદ મિચેલ માર્શને ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર T20 સિરીઝ માટે પણ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમ 21 ફેબ્રુઆરીએ ન્યૂઝીલેન્ડ સામે તેની પ્રથમ T20 મેચ રમવાની છે. જૂનમાં યોજાનારા T20 વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમ વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂઝીલેન્ડ સામે 2 સિરીઝ રમશે. બંને શ્રેણીમાં મિચેલ માર્શ સુકાની કરશે. ટુર્નામેન્ટ પહેલા ટીમની છેલ્લી સિરીઝ ન્યૂઝીલેન્ડ સામે હશે. આવી સ્થિતિમાં માત્ર માર્શ જ વર્લ્ડ કપમાં કાંગારૂ ટીમની કમાન સંભાળી શકે છે.

# આ ખેલાડી હતો કપિલ દેવનો 432મો શિકાર, બાદમાં કરિયરનો આવ્યો દુઃખદ અંત

નવી દિલ્હી તા 09



કપિલ દેવે ટેસ્ટ ક્રિકેટમાં પોતાનો 432મો શિકાર કોને બનાવ્યો? શું તમે જાણો છો? આ એક એવો બેટ્સમેન છે જે પોતાના દેશનો મોટો ખેલાડી હતો પરંતુ તેની કારકિર્દી અચાનક જ ખતમ થઈ ગઈ. એકવાર તે ટીમમાંથી થયો પછી ફરી ટીમમાં કમબેક કરી જ ના શક્યો.

તેમની 16 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં, કપિલ દેવે 687 વિકેટ લીધી છે, જેમાંથી તેણે ટેસ્ટ ક્રિકેટમાં 434 વિકેટ લીધી છે. ક્રિકેટના આ ફોર્મેટમાં તેનો 432મો શિકાર શ્રીલંકાના હસન તિલકરત્ને હતો. હવે તમે કહેશો કે અચાનક કપિલ દેવના 432મા શિકાર વિશે વાત કરવાની જરૂર કેમ પડી? તો એટલા માટે કે કપિલે આ શિકાર 30 વર્ષ પહેલા 8 ફેબ્રુઆરીએ કર્યો હતો. આ તે સમય હતો જ્યારે હસન તિલકરત્ને શ્રીલંકન ક્રિકેટના મોટા ખેલાડીઓમાંના એક હતો. જ્યારે કપિલ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના છેલ્લા વર્ષમાં હતો. તેમની 16 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં, કપિલ દેવે 687 વિકેટ લીધી છે, જેમાંથી તેણે ટેસ્ટ ક્રિકેટમાં 434 વિકેટ લીધી છે. ક્રિકેટના આ ફોર્મેટમાં તેનો 432મો શિકાર શ્રીલંકાના હસન તિલકરત્ને હતો. હવે તમે કહેશો કે અચાનક કપિલ દેવના 432મા શિકાર વિશે વાત કરવાની જરૂર કેમ પડી? તો એટલા માટે કે કપિલે આ શિકાર 30 વર્ષ પહેલા 8 ફેબ્રુઆરીએ કર્યો હતો. આ તે સમય હતો જ્યારે હસન તિલકરત્ને શ્રીલંકન ક્રિકેટના મોટા ખેલાડીઓમાંના એક હતો. જ્યારે કપિલ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના છેલ્લા વર્ષમાં હતો. ભારત અને શ્રીલંકા વચ્ચેની તે ટેસ્ટ 8 ફેબ્રુઆરી 1994થી અમદાવાદમાં શરૂ થઈ હતી, જેમાં કપિલ દેવે હસન તિલકરત્નેના રૂપમાં તેની 432મી વિકેટ લીધી હતી. તે ટેસ્ટમાં શ્રીલંકાની ટીમ પ્રથમ બેટિંગ કરવા આવ્યો.

# બળાત્કારના આરોપનો સામનો કરનાર ખેલાડી લીગમાંથી બહાર

હોકી ખેલાડી વરુણ કુમાર પર આરોપ લગાવવામાં આવ્યો છે. વરુણ કુમારે પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેણે કાયદાકીય લડાઈ લડવા માટે રજા લીધી છે, પરંતુ વારંવાર આરોપો અંગે સ્પષ્ટતા કરી રહ્યા છે. વરુણ કુમાર રાષ્ટ્રીય ટીમનો ખેલાડી છે અને અર્જુન પુરસ્કાર વિજેતા પણ છે. આ બધા વચ્ચે વરુણ કુમારે લીગમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. બળાત્કારના આરોપનો સામનો કરનાર ખેલાડી લીગમાંથી બહાર, ટીમ ઈન્ડિયાને લાગ્યો ઝટકો ભારતીય હોકી ટીમના ખેલાડી અને અર્જુન એવોર્ડ વિજેતા વરુણ કુમાર આ દિવસોમાં મુશ્કેલીમાં છે. વરુણ કુમાર પર તાજેતરમાં પોક્સો એક્ટ હેઠળ બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેને તેણે ખોટો ગણાવ્યો હતો. આ મામલાની વચ્ચે વરુણ કુમારે હવે FIH પ્રો લીગમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. તેણે આ કાનૂની લડાઈ લડવા માટે કર્યું છે.

# ધોનીના આ જૂના 'મિત્ર'ની ફિલ્ડિંગ અને ફિટનેસ જોઈ કોહલીને ભૂલી જશો

નવી દિલ્હી તા 09

વિરાટ કોહલીની ફિટનેસને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. ક્રિકેટમાં જ્યારે પણ ફિટનેસ પર વાત થાય છે ત્યારે તેનો ઉલ્લેખ થાય છે. પરંતુ, ધોનીના એક જૂના સાથીએ 44 વર્ષની વયે વિરાટ જેવી જ દમદાર ફિટનેસનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ખાસ વાત એ છે કે આ ખેલાડી વિરાટ કરતા 9 વર્ષ મોટો છે. ક્રિકેટમાં ખેલાડીઓ 44 વર્ષની ઉંમર સુધીમાં નિવૃત્ત થઈ જાય છે. પરંતુ, કેટલાક એવા ખેલાડીઓ છે જે 44ની ઉંમરે પણ 22 જેટલો જુસ્સો ધરાવતા હોય છે. આવો જ એક ખેલાડી છે આફ્રિકાનો ઈમરાન તાહિર, જે સાઉથ આફ્રિકામાં ચાલી રહેલ T20 લીગમાં ધમાલ મચાવી રહ્યો છે. તાહિર ધોનીનો જૂનો મિત્ર છે અને તે IPLમાં CSK તરફથી રમી ચૂક્યો છે. SA20માં 7 ફેબ્રુઆરીએ રમાયેલી મેચમાં તાહિરે એક નહીં પરંતુ બે એવા કેચ લીધા હતા, જેને જોઈ યુવા ખેલાડીઓ પર શરમાઈ જાય.

અમે જે કેચ વિશે વાત કરી રહ્યા છીએ તે સરળ કેચ નહોતા. ફિટનેસ વિના તેમને પકડવા શક્ય નથી. તાહિરે જે રીતે એક જ મેચમાં એક નહીં પરંતુ બે અદ્ભુત કેચ પકડ્યા, તેને જોઈ ફેન્સ એક સેકન્ડ માટે વિરાટ કોહલીની ફિટનેસ ભૂલી ગયા હતા. ક્રિકેટમાં જ્યારે ખેલાડીઓની ફિટનેસની વાત થાય છે ત્યારે વિરાટ કોહલીનું ઉદાહરણ વારંવાર આપવામાં આવે છે. પરંતુ, ઈમરાન તાહિરના આ બે કેચ એક ખેલાડીની જબરદસ્ત ફિટનેસનું ઉત્તમ ઉદાહરણ છે.

# મેનેજમેન્ટ સામે બળવો કર્યો, કોચની વાત ન માની

ઈશાન ક્યાં છે? શું કરે છે? અને તે ટીમમાં ક્યારે પરત ફરશે? આ બધા પ્રશ્નો છે જે ક્રિકેટ ચાહકો વારંવાર પૂછી રહ્યા છે. પરંતુ સત્ય એ છે કે ઈશાન ટીમમાં ક્યારે વાપસી કરશે તે કોઈને સ્પષ્ટપણે ખબર જ નથી? પરંતુ એક વાત સત્ય છે કે મેનેજમેન્ટ ઈશાનની હરકતોથી નારાજ છે. આ બધા વચ્ચે તે બરોડામાં હોવાના સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટનો વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન હાલ ચર્ચામાં છે. આફ્રિકા પ્રવાસ અધવચ્ચે છોડીને આવ્યા બાદ તે ટીમ ઈન્ડિયામાંથી ગાયબ જ થઈ ગયો છે. હાલ ચાલી રહેલ ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝની પહેલી બે મેચમાં પણ તે ટીમમાં સામેલ ન હતો. છેલ્લા કેટલાક સમયમાં ઈશાન અને મેનેજમેન્ટ વચ્ચે અણબનાવ હોવાની વાતો પણ સામે આવી છે. એવામાં આગામી ત્રણ મેચમાં તેને સાથ મળ્યું મુશ્કેલ જ લાગી રહ્યું છે.ક્રિકબઝના એક અહેવાલ મુજબ ઈશાન કિશન છેલ્લા ભાઈઓ એટલે કે હાર્દિક અને કૃણાલ પંડ્યા સાથે પ્રેક્ટિસ કરી રહ્યો છે.

# વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા ફરી ટકરાશે

આફ્રિકા તા 09

ઉદય સહારનની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયા પહેલા જ ફાઈનલમાં પહોંચી ચૂકી છે, ભારત નવમી વખત અન્ડર-19 વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચ્યું છે. હવે બીજી સેમીફાઈનલના પરિણામથી સ્પષ્ટ થઈ ગયું છે કે ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો ટકરાશે. વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા ફરી ટકરાશે, પાકિસ્તાન સેમીફાઈનલમાં હારી ગયું અન્ડર-19 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો જંગ નક્કી થઈ ગયો છે. ગુરુવારે રમાયેલી સેમીફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને હરાવ્યું છે અને હવે રવિવારે એટલે કે 11મી ફેબ્રુઆરીએ ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો વર્લ્ડ કપ ટ્રોફી માટે ટકરાશે. છેલ્લી ઓવર સુધી ચાલેલી સેમીફાઈનલમાં પાકિસ્તાન 1 વિકેટથી હારી ગયું હતું. એક સમયે એવું લાગતું હતું કે




ઓસ્ટ્રેલિયા મેચમાં પાછળ રહી ગયું હતું, પરંતુ છેલ્લી ઓવરોમાં રમત પૂરી થઈ ગઈ હતી. જો આ મેચની વાત કરીએ તો પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા માત્ર 179 રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી માત્ર 3 ખેલાડીઓ જ ડબલ ફિગર પાર કરી શક્યા હતા. સેમીફાઈનલમાં અઝાન ઔવેસે 52 રન અને અરાફાત મિન્હાસે 52 રન બનાવ્યા હતા. બાકીના તમામ બેટ્સમેનો સંપૂર્ણ રીતે નિષ્ફળ સાબિત થયા, આ સિવાય ઓસ્ટ્રેલિયાની વાત કરીએ તો ટોમ સ્ટારકરે 6 વિકેટ લઈને પાકિસ્તાની બેટિંગની કમર તોડી નાખી હતી. ટોમે માત્ર 9.5 ઓવરમાં માત્ર 24 રન આપીને 6 વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ આ લક્ષ્યાંક છેલ્લી ઓવરમાં 9 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. શ્વાસ લેતી મેચમાં ઓસ્ટ્રેલિયા માટે હેરી ડિક્સન અને ઓલિવર પીકે શાનદાર બેટિંગ કરી હતી. એક સમયે ઓસ્ટ્રેલિયાની ટીમે 59ના સ્કોર પર 4 વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ આ પછી ઓસ્ટ્રેલિયાએ વાપસી કરીને હવે ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. અંતમાં ઓસ્ટ્રેલિયા માટે રાફે મેકમિલને 19 રનની ઈનિંગ રમી હતી જે મેચ વિનિંગ ઈનિંગ સાબિત થઈ હતી.

# અમેરિકા નહીં આ દેશ છે ઉ.કોરિયાનો દુશ્મન નંબર 1

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને ફરી એકવાર પોતાના દુશ્મનોને ખુલ્લો પડકાર ફેંક્યો છે. કિમ જોંગ ઉને કહ્યું હતું કે તે પોતાના દુશ્મનોનો સફાયો કરવા માટે સમગ્ર સૈન્ય શક્તિનો ઉપયોગ કરતા પણ ખચકાશે નહીં. ખરેખર કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયા અને અમેરિકાનું નામ લીધા વગર બંને દેશો સામે નિશાન તાક્યું હતું. સૈન્ય સ્થાપનાની વર્ષગાંઠ પર તેમણે કહ્યું, 'જો દુશ્મન અમારા દેશ સામે બળપ્રયોગ કરવાનો પ્રયાસ કરશે, તો અમે ઇતિહાસને બદલવાનો સાહસિક નિર્ણય લઈશું અને તેમને ખતમ કરવા માટે અમારી તમામ મહાસત્તાનો ઉપયોગ કરવામાં ખચકાઈશું નહીં. અહેવાલ અનુસાર કિમ જોંગે દક્ષિણ કોરિયા સાથે ફરી ક્યારેય વાટાઘાટો નહીં કરવાની તેમની પ્રતિજ્ઞા દોહરાવી હતી.



## ન્યૂઝ ટ્રેક

### 'ચતુર' ભારત આપણો વિશ્વાસ કરતું નથી

વર્તમાન વિશ્વ પરિસ્થિતિમાં અમેરિકા નેતૃત્વ આપી શકે તેમ, ભારત માનતું નથી તેથી તે રશિયા સાથે નિકટવર્તી બની રહ્યું છે વૉશિંગ્ટન : રિપબ્લિકન પાર્ટીનાં પ્રમુખ પદ માટેનાં ઉમેદવાર તરીકે, પક્ષમાં ચૂંટાવાની આશા રાખતાં ભારત વંશીય નિકી હેલીએ આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારત અમેરિકા સાથે ભાગીદારી જરૂર ઇચ્છે છે પરંતુ અત્યારે પરિસ્થિતિ તેવી ઉપસ્થિત થઈ છે કે ભારત હવે માનતું નથી કે અમેરિકા વિશ્વને નેતૃત્વ આપી શકશે, અને તેથી જ તે રશિયાનું નિકટવર્તી બની રહ્યું છે. તેઓએ કહ્યું : 'મેં ભારત સાથે પણ કામગીરી કરી છે, મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ વાતચીત કરી છે. ભારત આપણું ભાગીદાર થવા માગે જ છે.

### જાણો, અમેરિકાની પોર્ન સ્ટારના ઇરાન પ્રવાસનો વિવાદ શું છે ?

અમેરિકાની પોર્ન સ્ટાર વિટની રાઈટે ગુપચૂપ રીતે ઈરાનની મુલાકાત લેતા વિવાદ થયો છે. અમેરિકાના લોકોથી માંડીને ઈરાનિયન પણ પોર્ન સ્ટારને થુંથું કરી રહયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકા પોર્ન સ્ટારે ગત મંગળવારે પોતાના અધિકૃત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાની ઈરાન યાત્રાના ફોટા પ્રદર્શિત કર્યા હતા. ૩ર વ્હિટની રાઈટે હિજાબ પહેર્યો હતો. માથાથી પગ સુધી ઢંકાયેલી હોવાથી જુદી જ લાગતી હતી. આ પોર્નસ્ટારનું અસલી નામ બ્રિટની રેને વ્હિટિંગટન છે. તેને સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો હતો કે ગત સપ્તાગ ઈરાનનો પરત આવી હતી. ઈરાનયાત્રા દરમિયાન અમેરિકા દુતાવાસમાં પણ ગઈ હતી. આને લગતા ફોટોગ્રાફ પણ શેર કર્યા છે.

### વિશ્વમાં ૬૦ દેશો દેવાળીયા બનવા તરફ, યુએસ બેઝ આર્થિક સર્વેક્ષણે ચોંકાવ્યા

વિશ્વમાં ૬૦ થી વધુ દેશો આર્થિક સંકટમાં ફસાય તેવી શકયતા છે. સતત બોજ વધવાથી દેવાળીયા બનશે તો વિશ્વમાં મંદીના વાદળો ઘેરાતા વાર લાગશે નહી. આ ચેતવણી અમેરિકાના એક આર્થિક સર્વેક્ષણ ગ્રુપ દ્વારા આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર બોસ્ટન યુનિવર્સિટીના ગ્લોબલ ડેવલપમેન્ટ પોલિસી સેન્ટર દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. નાઉ અને નેવર નામના રિપોર્ટમાં આર્થિક અસ્થિરતા,કર્જની વધતી જતી માત્રા અને મૂડીમાં વ્યાજદર વધવાથી આ સ્થિતિ સર્જાઇ છે. વિશ્વમાં ૧૦૦ થી વિકાસશીલ દેશોમાં ૧૫ દેશો દેવાના ડુંગર હેઠળ દબાયેલા છે જયારે કુલ ૬૦ જેટલા દેશો આર્થિક સંકટ સામે ઝઝુમી રહયા છે. આ દેશોના નામ બહાર પાડવામાં આવ્યા નથી પરંતુ આમાં આફ્રિકા, પેસિફિક મહાસાગર અને ઓશનિયા ક્ષેત્રના નાના દેશોનો પણ સમાવેશ થાય છે.

## વિદેશ મંત્રાલયે કહ્યું- ત્રીજા રાઉન્ડની વાતચીત ટૂંક સમયમાં, માલદીવને આવતી મદદમાં ઘટાડાની વાતને નકારી

# માલદીવમાં સૈનિકોની જગ્યા ટેકનિકલ સ્ટાફ લેશે

માલદીવ તા 09

માલદીવમાં હાજર ભારતીય સૈનિકોની જગ્યાએ હવે ભારતીય ટેકનિકલ સ્ટાફ લેવામાં આવશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે મીડિયા બ્રીફિંગ દરમિયાન આ માહિતી આપી હતી. જયસ્વાલે ભારત તરફથી માલદીવને આપવામાં આવતી મદદમાં ઘટાડો કરવાની વાતને પણ ખોટી ગણાવી હતી. કહ્યું- આમાં કોઈ ઘટાડો થયો નથી. બંને દેશો વચ્ચે ત્રીજો રાઉન્ડ ટૂંક સમયમાં યોજાશે. માલદીવ માટે બજેટમાં વધારો માલદીવ અને ભારત વચ્ચે ચાલી રહેલા રાજદ્વારી તણાવ અને ત્યાં હાજર લગભગ 80 સૈનિકોને પાછા ખેંચવાના મુદ્દા પર જયસ્વાલે કહ્યું- હાલમાં ત્યાં હાજર જવાનો (સૈનિક શબ્દનો ઉપયોગ કર્યો નથી)ની જગ્યાએ ભારતના ટેકનિકલ સ્ટાફને તહેનાત કરવામાં આવશે. તેમણે આ મુદ્દે વિગતવાર કંઈ કહ્યું ન હતું. ભારત દ્વારા માલદીવને આપવામાં આવેલી મદદના પ્રશ્ન પર વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું- આ વખતના બજેટમાં માલદીવ માટે 770.9 કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.




### ભારતીય વિદ્યાર્થીની હત્યાના આરોપીની ધરપકડ

જયસ્વાલને અમેરિકામાં ભારતીયો અને ભારતીય મૂળના વિદ્યાર્થીઓ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેના પર તેમણે કહ્યું- ત્યાં 5 ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયા છે. જેમાંથી 2 ભારતીય હતા જ્યારે 3 ભારતીય મૂળના વિદ્યાર્થીઓ હતા. વિદ્યાર્થી વિવેક સૈનીની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તમામ કેસની તપાસ ચાલી રહી છે. અમે આ બાબત પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

### કેનેડાના આરોપો ખોટા છે

તાજેતરમાં, કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિદેશી દળો કેનેડાની ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ત્યાંની સરકારે આ મામલાની તપાસ માટે એક કમિશનની રચના કરી છે. જ્યારે જયસ્વાલને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું- અમે આવા અહેવાલો પણ જોયા છે. કેનેડાની ચૂંટણીમાં ભારત હસ્તક્ષેપ કરી રહ્યું હોવાના આક્ષેપો પાયાવિહોણા છે. અન્ય દેશોની લોકતાંત્રિક પ્રક્રિયામાં દખલગીરી કરવી એ ભારત સરકારની નીતિ નથી. સત્ય તેનાથી વિરુદ્ધ છે. કેનેડા અમારી આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુએ તેમના દેશમાં હાજર ભારતીય સૈનિકોની પરત ફરવાની તારીખ 15 માર્ચ નક્કી કરી હતી. 2 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીમાં બંને દેશો વચ્ચે વિવિધ મુદ્દાઓ પર વાતચીતનો બીજો રાઉન્ડ યોજાયો હતો. નક્કી કરવામાં આવ્યું હતું કે ભારતીય સૈનિકો હવે 15 માર્ચ 2024ના બદલે 10 મે 2024 સુધીમાં પરત ફરી શકશે.આ મામલામાં નવી વાત એ છે કે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે 'ટેકનિકલ સ્ટાફ' સૈનિકોની જગ્યા લેશે. તેમણે આ મુદ્દે ક્યાંય સૈન્ય કે સૈનિક શબ્દનો ઉપયોગ કર્યો નથી.

## શું તમે જાણો છો પાડોશી દેશને કોને નામ આપ્યું 'પાકિસ્તાન' તે મો. અલી ઝીણા નહોતો ?

પાકિસ્તાન તા 09

ઝીણાએ પાકિસ્તાનનો ઘણો પ્રચાર કર્યો અને પછી પોતાની રાજકીય પાર્ટી મુસ્લિમ લીગ બનાવીને પાકિસ્તાનની રચનાનો તમામ શ્રેય લીધો હતો પણ પાકિસ્તાન નામ ઝીણાએ નહોતુ આપ્યું, પાકિસ્તાનમાં આજે સામાન્ય ચૂંટણી ચાલી રહી છે, ત્યારે મોટા ભાગના લોકોને ખબર નહીં હોય કે પાકિસ્તાન નામ કોને આપ્યું હતું અને મોટા ભાગના લોકો માનતા હશે કે પાકિસ્તાન નામ ઝીણાએ આપ્યું હશે પણ એ વાત ખોટી છે. શું તમે જાણો છો પાડોશી દેશને કોને નામ આપ્યું 'પાકિસ્તાન' તે મોહમ્મદ અલી ઝીણા નહોતો ? જાણો તેના વિશે 15 ઓગસ્ટ 1947ના રોજ ભારતથી અલગ થયેલો ભાગ આજે વિશ્વમાં પાકિસ્તાન તરીકે ઓળખાય છે. પરંતુ શું તમે જાણો છો કે આ જમીનના ટુકડાનું નામ પાકિસ્તાન કોણે રાખ્યું છે? જો તમારા મગજમાં મોહમ્મદ અલી ઝીણાનું નામ આવી રહ્યું છે તો



તમે ખોટા છો. ચાલો આ લેખમાં તમને જણાવીએ કે એ વ્યક્તિ કોણ છે જેના મનમાં પહેલીવાર પાકિસ્તાનનું નામ આવ્યું. પાકિસ્તાન નામ આપનાર વ્યક્તિ કોણ હતી ઝીણા ભારતના ભાગલાનો ચહેરો હોવા છતાં, ચૌધરી રહેમત અલીએ સૌ પ્રથમ એવો વિચાર રજૂ કર્યો હતો કે ધર્મના આધારે મુસ્લિમો માટે પાકિસ્તાન એક અલગ દેશ હોવો જોઈએ. તેમનો વિચાર એવો હતો કે ભારતના ચાર મોટા મુસ્લિમ બહુમતી રાજ્યોને મર્જ કરીને એક નવો દેશ બનાવવો જોઈએ, જેનું નામ પાકિસ્તાન હોવું જોઈએ. જો કે આટલું શિક્ષણ મેળવ્યા પછી પણ તેમની અંદર રહેલી કોમવાદી વિચારસરણીનો અંત આવ્યો ન હતો. આ જ કારણ હતું કે ત્યાંથી પાછા આવ્યા બાદ તે પાકિસ્તાનનો સમર્થક બની ગયો હતો. ચૌધરી રહેમત અલીની સાંપ્રદાયિક વિચારસરણીનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે 1930ની આસપાસના અભ્યાસ દરમિયાન તેઓ ઈચ્છતા હતા કે દક્ષિણ એશિયામાં એક મુસ્લિમ દેશ હોવો જોઈએ. નાખ્યો હોય પરંતુ અંતે મોહમ્મદ અલી ઝીણાએ સત્તા સંભાળી. ચૌધરી રહેમત અલીના વિચારોને આગળ વધારતા, ઝીણાએ પાકિસ્તાનનો ઘણો પ્રચાર કર્યો અને પછી પોતાની રાજકીય પાર્ટી મુસ્લિમ લીગ બનાવીને પાકિસ્તાનની રચનાનો તમામ શ્રેય લીધો.

## રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન સામે અનેક પડકાર, રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સૈન્ય પ્રમુખને પદેથી હટાવ્યાં

રશિયા તા 09

રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ યુક્રેનના સૈન્યમાં મોટાપાયે ફેરફાર કર્યા છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આર્મી ચીફ જનરલ વાલેરી ઝાલુઝનઈ (Valerii Zaluzhnyi) ને પદ પરથી હટાવી દીધા છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઝાલુઝનઈ (50) સામે કાર્યવાહીની અટકળો ચાલી રહી હતી. યુક્રેનના સંરક્ષણમંત્રી રૂસ્તમ ઉમેરોવે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે યુક્રેનના સશસ્ત્ર દળોના નેતૃત્વમાં ફેરફાર કરવાનો નિર્ણય લઈ લેવાયો છે. યુદ્ધની સ્થિતિ ક્યારેય એકસમાન રહેતી નથી. યુદ્ધ બદલાતુ રહે છે અને ફેરફારની જરૂર છે. યુક્રેન સામે અનેક સંકટ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સૈન્ય પ્રમુખ બદલવાનો નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે યુક્રેન રશિયા સામેના યુદ્ધમાં અનેક સંકટનો સામનો કરી રહ્યું છે. જ્યારે રશિયન સૈન્યએ યુક્રેન સામે હુમલાઓ તેજ કર્યા છે, ત્યારે યુક્રેનને અન્ય દેશોથી સહાય મળવા સામે સંકટ તોળાઈ રહ્યું છે અને આ જ કારણે નાગરિકો અને સૈન્ય નેતૃત્વ વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ છે.અગાઉ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું હતું કે તેમણે સૈન્ય જનરલ સાથે મુલાકાત કરી હતી અને બે વર્ષ સુધી યુક્રેનનો બચાવ કરવા બદલ તેમનો આભાર માન્યો હતો.

## નાટો દેશો મળીને પણ હરાવી ના શક્યા, અમારી તાકાતથી વાકેફ થયા

નવી દિલ્હી,તા. 9

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, અમેરિકા, યુરોપ અને નાટોને પણ રશિયાની તાકાતનો ખ્યાલ આવી ગયો છે. પુતિન અમેરિકન ન્યૂઝ ચેનલ ફોક્સ ન્યૂઝના હોસ્ટ ટ્રકર કાર્લસનને ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા. કાર્લસન પશ્ચિમી મીડિયામાં જાણીતો ચહેરો છે. આ ઈન્ટરવ્યુ આપતા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, યુક્રેનમાં રશિયાને હરાવવું અસંભવ છે અને આવી સ્થિતિમાં નાટોએ પણ સ્વીકારવું જોઈએ કે યુક્રેન પર રશિયાનો કબજો છે. અમેરિકા, નાટો અને યુરોપને પણ ખબર પડી ગઈ છે કે, રશિયાની તાકાત શું છે. ફેબ્રુઆરી 2022માં યુક્રેન પર થયેલા હુમલાનો બચાવ કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમી દેશોની મદદથી પણ રશિયાને હરાવી શકાય નહીં. કાર્લસને પોતાના બે કલાકના ઈન્ટરવ્યુ દરમિયાન પુતિનને અનેક પ્રશ્નો પૂછ્યા હતા. જેમાંથી એક સવાલ હતો કે, શું રશિયા પોલેન્ડ અને લાતવિયા પર પણ અટેક કરવાનો પ્લાન બનાવી રહ્યાં છે? મહત્વનું છેકે, પોલેન્ડ અને લાતવિયા પણ નાટોના સભ્ય દેશો છે. આ સવાલના જવાબ પર રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે, મને પોલેન્ડ અને લાતવિયામાં કોઈ રસ નથી. માત્ર આ બે દેશો જ નહીં, અન્ય કોઈ દેશમાં અમને કોઈ રસ નથી. શા માટે આપણે હુમલો કરીશું? યુદ્ધ એક સ્થિતિમાં જ થઇ શકે છે. જો પોલેન્ડ હુમલો કરશે તો રશિયાએ જવાબ આપવો પડશે. કાર્લસને એક વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટર ઈવાન ગેર્શકોવિચ વિશે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

## ઇઝરાયલના સમર્થનને લીધે અમેરિકન કંપનીઓનો મુસ્લિમ દેશોમાં બહિષ્કાર

ન્યૂયોર્ક તા 09

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ચાર મહિનાનો ગાળો થઇ ગયો છે. ઈઝરાયેલનું સમર્થન કરવાના કારણે અમેરિકન કંપનીઓ અને અમેરિકન પ્રોડક્ટસનો હવે બહિષ્કાર કરવાની શરૂઆત થઇ ગઇ છે. જેના કારણે ચિંતાતુર અમેરિકાએ હવે યુદ્ધવિરામ માટે સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકન છેલ્લા ચાર મહિનાના ગાળામાં જ પાંચમી વખત જેરુસલેમ પહોંચી ગયા છે. એશિયા અને ઈન્ડોનેશિયામાં બહિષ્કારની શરૂઆત થઇ ગઇ છે. પોતાની કંપનીઓને થઇ રહેલા નુકસાનના કારણે અમેરિકાએ ગાઝામાં યુદ્ધવિરામ માટેના પ્રયાસો ઝડપી બનાવી દીધા છે. મુસ્લિમો દેશોમાં પણ પ્રોડક્ટસનો બહિષ્કાર કરી રહ્યા છે. ઈઝરાયલ હવે 14 લાખની વસતી ધરાવતા રાફેહ શહેર પર હુમલાની તૈયારીમાં ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કેહવે રાફેહમાં કાર્યવાહી કરાશે. ઈઝરાયલે પ્રસ્તાવ આપતા કહ્યુ છે કે પહેલા



તેના તમામ બાનમાં રહેલા લોકોને મુક્ત કરવામાં આવે ત્યારબાદ હમાસ નેતા યાહ્યા સિનવારને અન્યત્ર દેશમાં જવા વિચારી શકીએ છીએ. ઉત્તર ગાઝાથી લોકોના પલાયન બાદ રાફેહમાં 14 લાખ લોકો રહે છે. જે પૈકી મોટા ભાગના વિસ્થાપિત છે. વસતી ધરાવતા વિસ્તારમાં સૈન્ય અભિયાનને લઈને પણ કેટલાક લોકો ચિંતાતર છે. ગાઝાના 95 ટકા લોકો પર ભુખમરાનુ સંકટ છે. બાયકોટ અમેરિકા : અરબથી લઇને ઈન્ડોનેશિયા સુધી બહિષ્કાર, તુર્કિયે સંસદમાં મતદાન

મેકડોનાલ્ડ: ઈઝરાયલના સમર્થનના કારણે બહિષ્કાર કરવામાં આવે છે. કંપનીના કહેવા મુજબ 2023ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં મિડિલ ઈસ્ટ અને એશિયામાં વૃદ્ધ 0.7 ટકા છે. એક વર્ષ પહેલા આ આંકડો 3.4 ટકા હતો. કંપનીએ ઈઝરાયલ જવાનોને મફત ભોજનની વ્યવસ્થા કરી છે. કોકાકોલા: ઈઝરાયલમાં પ્લાન્ટના કારણે અરબ દેશોએ 1967થી 1991 સુધી કોકા કોલાનો બહિષ્કાર કર્યો હતો.

કોકને માર્કેટમાંથી દુર કરવા માટે નવેમ્બર 2023માં તુર્કિયેમાં 2023ના અંતિમ ત્રિમાસિક ગાળામાં વેચાણમાં 22 ટકાનો ઘટાડો થયો છે. ડોમિનોઝ: બહિષ્કાર કરનાર લોકોનો દાવો છે કે ડોમિનોઝે પણ ઈઝરાયલ જવાનોને ફ્રી ફુડ આપવાની વ્યવસ્થા કરી હતી. દુનિયાભરની ફ્રેન્ચાઈસને ફટકો પડ્યો છે. મલેશિયામાં ડોમિનોઝ બ્રાન્ડના સ્ટારનુ વેચાણ 2023ના બીજા ત્રિમાસિક ગાળામાં 8.9 ટકા સુધી ઘટી ગયુ હોવાના સમાચાર મળ્યા છે.

## જ્યાં વસે ગુજરાતી...:25 વર્ષ પહેલાં માતા ગુજરાતથી US આવ્યાં

વૉશિંગ્ટન તા 09

યુએસના પિટસબર્ગમાં પોતાના સિંગલ પેરેન્ટ માતાને ફૂડ ટ્રક "ઇન્ડિયા ઑન વ્હીલ્સ"નું સંચાલન કરવામાં મદદ કરવાથી લઇને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ટેક સ્ટાર્ટઅપ શરૂ કરવા સુધીની સફર ખેડનાર ભારતીય અમેરિકન ભાવિની પટેલ હવે યુએસ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડી રહ્યાં છે. ગત વર્ષે 30 વર્ષીય ભાવિની પટેલે પેન્સિલવેનિયાના 12માં કોંગ્રેસનલ ડિસ્ટ્રીક્ટમાંથી યુએસ કોંગ્રેસ માટે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. જે અત્યારે ડેમોક્રેટિક પાર્ટીના સહકર્મી સમર લી પાસે છે. છેલ્લા અનેક વર્ષોથી લી તેમના જિલ્લામાં કેટલાક મુદ્દાઓ પ્રત્યે તેમના વલણ અને કાર્યવાહીને કારણે અપ્રિય બન્યા છે. ઉલ્લેખનીય છે કે સમર લી એવા કેટલાક સાંસદોમાંથી એક છે, જેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી અમેરિકન કોંગ્રેસના ઐતિહાસિક સંયુક્ત સંબોધનનો વિરોધ કર્યો હતો. 23 એપ્રિલે થનારી પ્રાથમિક ચૂંટણી માટે, ભાવિની પટેલે અત્યાર સુધી $3,10,000ની રકમ એકત્ર કરી છે, તેમાંથી મુશ્કેલીથી 70% રકમ રાજ્યની અંદરથી એકત્ર કરવામાં આવી છે.તાજેતરમાં



ભાવિની પટેલે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે અમને ખાસ કરીને સ્ટીમફિટર્સ, ઓપરેટિંગ એન્જિનિયર્સ અને SMART જે એક રેલરોડ ટ્રાન્સપોર્ટેશન યુનિયન છે, તેમના તરફથી સમર્થન મળવા ઉપરાંત મજૂરોના પણ અનેક યુનિયનનું સમર્થન પ્રાપ્ત થયુ છે. જ્યારે આપણે યુનિયનના સમર્થન વિશે વિચારીએ છીએ, ત્યારે તે ખરેખર નોંધપાત્ર બાબત છે, ખાસ કરીને પેન્સિલવેનિયાથી આ બાબત વધુ નોંધપાત્ર છે, જ્યાં મજૂરોની ચળવણની તાકાતનો આટલો મજબૂત ઈતિહાસ રહેલો છે. તદુપરાંત તેમને અંદાજે 33 ચૂંટાયેલા અધિકારીઓ તરફથી પણ સમર્થન પ્રાપ્ત થયું છે. જેમાં નાના શહેરોના મેયર સહિત કાઉન્સિલના સભ્યોના નામ પણ સામેલ છે. એક એક વ્યક્તિ સાથે વાતચીત કરી છે. આ વિસ્તારના લોકો આ કેમ્પેઈનને સમર્થન આપવા માટે ખૂબ જ ઉત્સાહિત છે, જેમનો ઉદ્દેશ્ય પેન્સિલવેનિયાને વિકાસના રસ્તા પર લઇ જવાનો છે. જણાવી દઇએ કે ભાવિની પટેલના માતા મૂળ ગુજરાતના છે. પોતાની માતાના સંઘર્ષને લઇને ભાવિની પટેલે જણાવ્યું કે જ્યારે તેઓ આ દેશમાં આવ્યા હતા ત્યારે તેમની પાસે કઇ હતું નહીં. તેમણે માત્ર મારો અને ભાઇનો ઉછેર કર્યો હતો. અમારે અલગ અલગ શહેરોમાં રહેવું પડ્યું હતું. મારી માતાએ ખૂબ જ સહન કર્યું છે. તેઓ રેસ્ટોરન્ટમાં વાસણ ધોવાથી લઇને મોટલ ઈન્ડસ્ટ્રી સુધી અનેક પ્રકારના કામ કરતી હતી. બાદમાં તેમણે વેસ્ટર્ન પેન્સિલ્વેનિયામાં ફૂડ ટ્રકનું કામ શરૂ કર્યું. મારો પરિવાર છેલ્લા 25 વર્ષથી ફૂડ ટ્રકનું સંચાલન કરી રહ્યો છે. અમારા ફૂડ ટ્રકનું નામ ઇન્ડિયા ઑન વ્હીલ્સ છે.

## પાકિસ્તાન ચૂંટણીમાં પૂર્વ PM ઈમરાન ખાને જેલમાંથી આપ્યો વોટ

પાકિસ્તાનમાં આજે યોજાઈ રહેલી સામાન્ય ચૂંટણી દરમિયાન પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન જેલમાં છે. તેમણે બેલેટ પેપર દ્વારા પોતાનો મત આપ્યો હતો. જોકે, તેની પત્ની બુશરા બીબી મતદાન કરી શકી ન હતી અને પોલીસે તેની ધરપકડ કરી હતી. ઈમરાન ખાનની પાર્ટીના અન્ય મોટા નેતાઓ જે જેલમાં છે તેઓ પણ ત્યાંથી જ વોટ કર્યો હતો. પાકિસ્તાનમાં નવી સરકાર બનાવવા માટે મતદાન ચાલી રહ્યું છે. જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મત આપ્યો છે. તેમણે મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે. ઈમરાન ખાનની પત્ની બુશરા બીબી મતદાન કરવાનું ચૂકી ગઈ છે. જણાવી દઈએ કે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને અન્ય જેલમાં બંધ રાજકીય નેતાઓએ પણ ગુરુવારે જેલમાંથી પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મત આપ્યો, કારણ કે દેશમાં મહત્વપૂર્ણ સામાન્ય ચૂંટણીઓ ચાલી રહી છે. પાકિસ્તાનના એક ન્યૂઝ પોર્ટલે અહેવાલ આપ્યો છે કે ભૂતપૂર્વ વડા પ્રધાનની પત્ની બુશરા બીબીએ મતદાન કર્યું ન હતું કારણ કે તેણીને એક કેસમાં દોષિત ઠેરવવામાં આવી હતી અને પોસ્ટલ વોટિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલમાં બુધવારે અદિયાલા જેલના સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે જે રાજકીય નેતાઓએ પોસ્ટલ દ્વારા વોટ આપવાનું કામ કર્યું તેમાં ભૂતપૂર્વ વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશી, પંજાબના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ચૌધરી પરવેઝ ઈલાહી, અવામી મુસ્લિમ લીગના વડા શેખ રશીદ અને ભૂતપૂર્વ માહિતી પ્રધાન ફવાદ ચૌધરીનો સમાવેશ થાય છે.

## ગાઝા શહેર પર ઈઝરાયેલની મોટી એર સ્ટ્રાઈક, 5 બાળકો સહિત 13 લોકોના મોત



ગાઝા તા 09

મૃતકના મૃતદેહને કુવૈતની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હોસ્પિટલના કહ્યા મુજબ રાત્રી દરમિયાન થયેલા હુમલાઓમાં બે મહિલાઓ અને 5 બાળકો સહિત ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે. ગાઝા શહેર પર ઈઝરાયેલની મોટી એર સ્ટ્રાઈક, 5 બાળકો સહિત 13 લોકોના મોત ગાઝા પટ્ટીના રાફામાં મોડી રાત સુધી ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસની યુદ્ધવિરામની શરતોને નકારી કાઢ્યાના કલાકો બાદ આ હુમલાઓ થયા છે. પટ્ટીની અડધાથી વધુ વસ્તી રાફા ભાગી ગઈ છે, જે માનવીય સહાયતા પહોંચાડવા માટે મુખ્ય એન્ટ્રી પોઈન્ટ પણ છે. મૃતકના મૃતદેહને કુવૈતની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હોસ્પિટલના કહ્યા મુજબ રાત્રી દરમિયાન થયેલા હુમલાઓમાં બે મહિલાઓ અને 5 બાળકો સહિત ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે. છેલ્લા 4 મહિના દરમિયાન ઈઝરાયેલના હવાઈ અને જમીની હુમલાઓમાં 27000થી વધુ પેલેસ્ટાઈન લોકોના મોત થયા છે. વિસ્તારની મોટાભાગની વસ્તી ખોરાકની અછતનો ગંભીર રીતે સામનો કરી રહી છે. વડાપ્રધાન નેતન્યાહુએ કહ્યું છે કે હમાસ પર પૂર્ણ વિજય ના થાય ત્યાં સુધી હુમલાઓ ચાલુ રહેશે. જણાવી દઈએ કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ બુધવારે સંઘર્ષ વિરામ અને બંધકોને છોડવા સંબંધિત કરાર માટે હમાસની શરતોને નકારી કાઢી. નેતન્યાહુએ શરતોને ભ્રામક ગણાવી અને કહ્યું કે ગાઝા પર હમાસના નિયંત્રણને પૂર્ણ કરવા સુધી યુદ્ધ ચાલુ રહેશે. તેમને જીત સુધી હમાસની વિરૂદ્ધ યુદ્ધ લડવાનો સંકલ્પ લીધો. ગાઝા એન્ટની બ્લિંકન સાથે મુલાકાતના તરત બાદ આ ટિપ્પણી કરી હતી.

### માર્ગદર્શિકામાં નિમણૂક પ્રક્રિયા સહિત ઘણા મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યા

# પૂજારીની નિમણૂક પ્રક્રિયા, પ્રસાદ વિતરણ, ભક્તોની સુવિધામાં વધારો... કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણયો

**ધોરણ 6થી 12 સુધીના તમામ બાળકોને મફત પુસ્તક-ડ્રેસ આપવામાં આવશે. શાળાઓને સંગીતનાં સાધનો આપવામાં આવશે**



વારાણસી : શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં ચાર દાયકા બાદ પૂજારી સેવા માર્ગદર્શિકા લાગુ થવાનો માર્ગ વિસ્તૃત થઈ ગયો છે. મંદિરના ટ્રસ્ટની ગુરુવારે આયોજિત 105મી બેઠકમાં આની પર ચર્ચા કરવામાં આવી. સમસ્ત મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કર્યા બાદ પરિષદે સર્વસંમતિથી સંમતિ વ્યક્ત કરી દીધી. પ્રદેશ સરકારે 1983માં મંદિરનો કબ્જો લીધો હતો.જે બાદ પ્રસ્તાવ તો ઘણી વખત પાસ થયા પરંતુ સેવા માર્ગદર્શિકા હવે બની શકી છે. જેમાં પૂજારીઓની નિમણૂક પ્રક્રિયા, પગાર, સેવાનિવૃતિ સહિત તમામ મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યા છે. મંદિરમાં લગભગ 50 પૂજારી હશે જેમાં મુખ્ય, જુનિયર અને સહાયક પુરોહિત વગેરે જેવી શ્રેણીઓ હશે.

મંદિર ટ્રસ્ટની બેઠકમાં નક્કી કરવામાં આવ્યુ કે ધોરણ 6થી 12 સુધીના તમામ બાળકોને મફત પુસ્તક-ડ્રેસ આપવામાં આવશે. શાળાઓને સંગીતનાં સાધનો આપવામાં આવશે. એકાદ-બે મહિનામાં તેનો અમલ કરવામાં આવશે.

એક કરોડ રૂપિયા સુધીનું બજેટ ટ્રસ્ટ તરફથી આપવાની સંમતિ આપવામાં આવી. આ સિવાય વિશ્વનાથ મંદિરમાં પ્રથમ વખત સંસ્કૃતની આંતર-શાળા સ્પર્ધાઓ સહિત વિવિધ સ્તરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. જેમાં વડાપ્રધાનને પણ આમંત્રણ આપવામાં આવશે. આ દરમિયાન ટ્રસ્ટી સભ્ય સંપૂર્ણાનંદ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. બિહારીલાલ શર્માના આગ્રહ પર યુનિવર્સિટીને મકાનનું સમારકામ અને સારસંભાળ માટે એક કરોડ રૂપિયા સુધીનું બજેટ ન્યાસ પરિષદ તરફથી આપવાની સંમતિ આપવામાં આવી. દરરોજ બાબાનો ભોગ-પ્રસાદ શહેરના સ્ટેશન, બસ સ્ટેશન અને ઘાટો પર રહેતા લોકોને વહેંચવામાં આવશે. મંદિર અન્નક્ષેત્રમાં ભોગ-પ્રસાદ તૈયાર કરાવીને પેક કરાવવામાં આવશે અને મંદિરના વાહનથી બપોરે વહેંચવામાં આવશે. તિરુપતિ બાલાજી અને મહાકાલ મંદિરની જેમ શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં પણ પ્રસાદની અલગ રેસિપી તૈયાર કરવાનો પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો. ભૂમિ-ભવનના ઉપયોગ માટે આર્કિટેક્ટ કંપની ઈનપેનલમેન્ટ કરવા પર ચર્ચા થઈ.

દર્શનાર્થીઓની વધતી સંખ્યાને જોતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો અને જમીન-મકાનોની ખરીદી કરીને રોડ પહોળો કરવો અને પાર્કિંગનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો. બેઠકની અધ્યક્ષતા ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. નાગેન્દ્ર પાંડેએ કરી હતી. મુખ્ય કારોબારી અધિકારી વિશ્વભૂષણ મિશ્રાએ ગત બેઠકમાં લેવાયેલા નિર્ણય અને આગામી સત્ર માટેના બજેટનો અનુપાલન અહેવાલ રજૂ કર્યો હતો. જેને ટ્રસ્ટ દ્વારા સંમતિ આપવામાં આવી હતી.

## ન્યૂઝ કોર્નર

### રાજ્ય સરકારો પોતાની પસંદગી મુજબ પછાત વર્ગોને અનામત આપી ન શકે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : એડમિશન અને સરકારી નોકરીઓમાં અનામત આપવા માટે રાજ્ય સરકારોને અનુસુચિત જાતિ (એસસી) અને અનુસુચિત જન જાતિ (એસટી)માં ઉપ વર્ગીકરણ કરવાનો અધિકાર છે કે નહીં તેની સમીક્ષા દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે રાજ્ય સરકારો પછાત વર્ગોને અનામતના લાભો આપવામાં પસંદગીલક્ષી બની શકે નહીં. જો રાજ્ય સરકારો આમ કરશે તો તુષ્ટિકરણનો ખતરનાક ટ્રેન્ડ શરૂ થશે.

ઈવી ચિન્નૈયા વિરુદ્ધ આંધ્ર પ્રદેશના 2004ના ચુકાદાની સમીક્ષા કરવાની માગ કરતી અરજીઓની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડના નેતૃત્ત્વવાળી સાત સભ્યોની બનેલી ખંડપીઠે એટર્ની જનરલ આર વેંકટરમણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા, વરિષ્ઠ વકીલ કપિલ સિબલ તથા રાજ્યોની તરફથી હાજર થયેલા વકીલોની દલીલો સાંભળ્યા પછી સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતુ કે પછાત વર્ગોને અનામતના લાભો આપતી વખતે તે અન્યોને આ લાભથી વંચિત કરી શકે નહીં.

### મનમોહનસિંહજી લોકશાહી મજબૂત કરવા માટે હંમેશા યાદ રહેશે : મોદીએ કરેલી પ્રશંસા

નવી દિલ્હી : રાજ્યસભામાં કાર્યકાળ પૂરો થતાં નિવૃત્ત થનારા પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારોભાર પ્રશંસા કરી હતી, અને કહ્યું હતું કે દેશમાં લોકશાહી મજબૂત કરવામાં તેઓનું પ્રદાન હંમેશાં યાદ રહેશે. રાજ્યસભાના સાંસદ તરીકે અને વડાપ્રધાન તરીકે ૨૦૦૪થી ૨૦૧૪ સુધીમાં તેઓએ કરેલાં પ્રદાનની પ્રશંસા કરતાં નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે મનમોહનસિંહજીએ જે રીતે તેઓના કાર્યકાળ દરમિયાન ગૃહ અને રાષ્ટ્રને માર્ગદર્શન આપ્યું તે લોકશાહીના અને ભારતના ઈતિહાસમાં સતત સ્મરણીય બની રહેશે. આ સાથે તેઓએ જણાવ્યું કે મનમોહનસિંહજી હંમેશાં રાજ્યસભામાં ઉપસ્થિત રહેતા અને ગૃહમાં મતદાન યોજાવાનું હોય ત્યારે તો અચૂક ઉપસ્થિત રહેતા. તેઓ છેવટે વ્હીલચેરમાં બેસીને પણ સંસદીય કાર્યવાહીમાં ભાગ લેવા ાવી પહોંચતા હતા. આથી કોઈ બળવત્તર બન્યું હશે કે ન પણ બન્યું હોય. પરંતુ લોકશાહી તેથી બળવત્તર બની જ છે. ૯૧ વર્ષના મનમોહનસિંહનો રાજ્યસભાના સભ્ય તરીકેનો કાર્યકાળ એપ્રિલમાં પૂરો થાય છે.

### હલ્દવાની હિંસા બાદ આખા ઉત્તરાખંડમાં અલર્ટ, 6 લોકોનાં મોત

# તોફાનીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ, બજાર-સ્કૂલો અને ઇન્ટરનેટ બંધ



નવી દિલ્હી : ઉત્તરાખંડમાં હલ્દવાનીના બનભુલપુરા વિસ્તારમાં સરકારી જમીનમાં બનેલા એક મદરેસા પર બૂલડોઝર ફરતાં સ્થાનિક લોકોએ નગર પાલિકા તેમ જ પોલીસના વાહનોમાં આગ લગાવી દીધી હતી. સરકારી કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાના પગલે આખાય વિસ્તારમાં તંગદિલી સર્જાઈ હતી. સરકારે ઈન્ટરનેટ સર્વિસ બંધ કરી દીધી હતી. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ઈમરજન્સી સમીક્ષા બેઠક બોલાવી હતી અને તોફાની તત્વોને દેખો ત્યાં ઠારનો આદેશ આપતા મામલો વધારે ગંભીર બન્યો હતો.

બબાલમાં મોડી રાત્રે બે વાગ્યા સુધીમાં 6 લોકોના મોત થઇ ચૂક્યા હતા. મહિલા એસડીએમ અને એસપી સહિત અંદાજિત 250થી વધુ લોકો પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થયા હતા, આ તમામની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.તંગ પરિસ્થિતિને જોતા ડીએમ વંદનાએ નાઈટ કર્ફ્યુ લગાવી દીધો છે અને તોફાનીઓને જોતા જ ગોળી મારવાના આદેશ આપ્યા છે. રાત્રે ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. ચાર કંપની પીએસી સહિત જિલ્લાભરના પોલીસ સ્ટેશન અને ચોકીઓનો સ્ટાફ બાણભૂલપુરા પહોંચ્યો હતો. બદમાશોની ઓળખ કરવામાં આવી રહી છે. આજે (શુક્રવાર) બજારો અને તમામ શાળાઓ બંધ રાખવાની સૂચના પણ આપવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે બાણભૂલપુરા એ જ વિસ્તાર છે જ્યાં ગયા વર્ષે હાઈકોર્ટે રેલવેની જમીન પર આવેલી 50 હજારની વસ્તીવાળી વસાહત ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. અતિક્રમણ હટાવવા માટે પોલીસ-વહીવટી તંત્રએ પણ સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી હતી. આ દરમિયાન મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો અને હાલમાં વિચારણા હેઠળ છે.

તાજેતરમાં મહાનગરપાલિકા અને વહીવટીતંત્રની ટીમ અતિક્રમણ સામે કાર્યવાહી કરવા મુસ્લિમ બહુલ વિસ્તારના બાણભૂલપુરાના મલિક કા બગીચા પહોંચી હતી. આ દરમિયાન અહીં ગેરકાયદે મદરેસા અને નમાઝની જગ્યા પણ મળી આવી હતી. ગુરુવારે બપોરે લગભગ 4.15 વાગ્યાની આસપાસ પોલીસ, વહીવટીતંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો બુલડોઝર સાથે અતિક્રમણ તોડવા માટે પહોંચી હતી. વહીવટી અને પોલીસ અધિકારીઓ ઉપરાંત પોલીસ અને કોર્પોરેશનના કર્મચારીઓ સહિત 700 જેટલા લોકોની ફોર્સ હતી, પરંતુ જેમ તેમ બુલડોઝર અને ટીમ આગળ વધી હતી. ચારે બાજુથી પથ્થરમારો શરૂ થયો. થોડી જ વારમાં મુસ્લિમ સમુદાયના 10 હજારથી વધુ લોકોની ભીડ એકઠી થઈ ગઈ.

### કેન્દ્ર સરકાર પર ફંડ ફાળવણીમાં ભેદભાવનો આરોપ લગાવ્યો

# કર્ણાટક-કેરળના મુખ્યમંત્રીઓએ દિલ્હીમાં કેન્દ્ર વિરુદ્ધ શા માટે થઇ રહ્યું છે પ્રદર્શન?



નવી દિલ્હી : છેલ્લા બે દિવસથી દક્ષિણ ભારતના બે મોટા રાજ્યોના મુખ્યમંત્રીઓ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન યોજી રહ્યા છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પોતાના તમામ ધારસભ્યો,સાંસદો અને વિધાનપરિષદના સભ્યોને લઈને વિરોધ પ્રદર્શન કરવા દિલ્હી પહોંચ્યા હતા. બીજી તરફ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પોતાના ધારાસભ્યો અને સાંસદો સાથે દિલ્હીમાં છે. બંને રાજ્યોના પ્રદર્શનનું કારણ એક જ છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીનો આક્ષેપ છે કે કેન્દ્ર સરકાર દક્ષિણ ભારતના રાજ્યો સાથે આર્થિક ભેદભાવ કરી રહી છે. કર્ણાટક અને ગુરુવારે કેરળના સત્તાધારી ધારાસભ્યો આ ભેદભાવનો વિરોધ કરવા માટે એકઠા થયા હતા. કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટની સરકાર છે અને રાજ્યના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને લોકોને તેમના પ્રદર્શનમાં સામેલ થવા માટે દિલ્હીના જંતર-મંતર પહોંચવાની અપીલ કરી છે. વિજયને કહ્યું હતું કે, તેઓ કેરળ પ્રત્યે કેન્દ્રની ઉદાસીનતા સામે દિલ્હીમાં વિરોધ કરી રહ્યા છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ફંડ આપવાનો ઈનકાર કરવામાં આવે છે અને રાજ્યને મળતા આર્થિક લાભમાં ઘટાડો કરી ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. આ સ્થિતિમાં કેરળના મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદો બંધારણમાં સમાવિષ્ટ સંઘીય મૂલ્યોને નબળા પાડવાના પ્રયાસો સામે વિરોધ કરી રહ્યા છે. કેરળના મુખ્યમંત્રીનું કહેવું છે કે આંદોલનનો ઉદ્દેશ્ય માત્ર કેરળ જ નહીં પરંતુ તમામ રાજ્યોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવાનો છે. “આ સંઘર્ષનો હેતુ કોઈના પર જીત મેળવવાનો નથી, પરંતુ આત્મસમર્પણ કરવાને બદલે અમે જેના હકદાર છીએ તેને મેળવવાનો છે.

કર્ણાટક બાદ હવે કેરળના મુખ્યમંત્રી પણ કેન્દ્ર સરકારનો વિરોધ કરી રહ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને તેમના સમર્થનમાં પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર નાણાકીય વ્યવસ્થા પર ભેદભાવપૂર્ણ દ્વારા રાજ્ય સરકારોનું ગળું દબાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે હાલના સમયમાં સ્થિતિ ઘણી ગંભીર બની ગઈ છે. આ સમર્થનના બદલામાં વિજયને આભાર વ્યક્ત કર્યો હતો.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય, 12,343 કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટને મંજૂરી, ગુજરાતને પણ થશે ફાયદો

નવી દિલ્હી : આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ રેલવે મંત્રાલયના છ પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેની અંદાજિત કિંમત અંદાજે 12,343 કરોડ રૂપિયા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી હતી.મંત્રીમંડળ સમિતિ દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવામાં આવેલા વિવિધ નિર્ણયોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાથી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ મળશે અને વ્યસ્ત માર્ગો પર ભીડ ઘટશે. આ પ્રોજેક્ટ્સ વાણિજ્ય તેમજ કનેક્ટિવિટીમાં સુધારો કરશે.’ કેન્દ્ર સરકારે ‘ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ’ (FIDF) ને નાણાકીય વર્ષ 2025-26 સુધી લંબાવવાનું નક્કી કર્યું છે, જેમાં 7,522.48 કરોડ રૂપિયાના પહેલાથી જ મંજૂર ફંડ અને 939.48 કરોડ રૂપિયાનું બજેટ સમર્થન છે.

### 22 વર્ષ બાદ ગુમ થયેલો પુત્ર સાધુ બનીને ઘરે આવ્યો, માતા પાસે માગી ભિક્ષા

નવી દિલ્હી : અમેઠી જિલ્લામાંથી એક ભાવુક કરી દે તેવી ઘટના સામે છે. દિલ્હીનો એક 11 વર્ષીય બાળક 2002માં ગુમ થયો હતો. પરંતુ હવે બે દાયકા આ બાળક સાધુના વેશમાં તેના અમેઠીના ખરૌલી ગામમાં પહોંચ્યો હતો. જો કે, માતાએ સાધુ બનીને ભીખ માગતા તેમના પુત્રને ઓળખી લીધો હતો. હવે સાધુ બની ગયેલા આ પુત્રનો પરિવારને મળવાનો કે ઘરે પરત આવવાનો કોઈ ઈરાદો નથી. જ્યારે આ બાળક સાધુના વેશમાં તેના ગામ પહોંચ્યો ત્યારે પરિવારના સભ્યોએ તેને ઓળખી લીધો. તેના પેટ પર સર્જરીના નિશાનથી તેની ઓળખ થઇ હતી. ‘હું પરિવારને મળવા આવ્યા નથી, પરંતુ તપસ્વી જીવનની એક મહત્ત્વપૂર્ણ વિધિ પૂર્ણ કરવા આવ્યો છું.’ એવું માનવામાં આવે છે કે, યોગીઓ માટે સન્યાસ ગ્રહણ કર્યા બાદ તેમની માતા પાસેથી ભિક્ષા મેળવવી ફરજિયાત છે. વ્યક્તિ ત્યારે જ સન્યાસી બને છે જ્યારે તેને તેની માતા પાસેથી ભિક્ષા મળે છે અને તેને સન્યાસી બનવાનો આદેશ પણ આપવામાં આવે છે.

### શ્રી અનુરાગ સિંહ ઠાકુરે સેન્ટર ઑફ એક્સેલન્સ ફોર ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સ ટેસ્ટિંગ (CoE-NSTS)નું ઉદઘાટન કર્યું

# નાડાએ "રોડ ટુ પેરિસ 2024: ચેમ્પિયનિંગ ક્લીન સ્પોર્ટ્સ એન્ડ યુનિટિંગ ફોર એન્ટિ ડોપિંગ" કોન્ફરન્સનું આયોજન કર્યું




નવી દિલ્હી : નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (નાડા)એ આજે નવી દિલ્હીમાં ‘રોડ ટુ પેરિસ 2024: ચેમ્પિયનિંગ ક્લીન સ્પોર્ટ્સ એન્ડ યુનિટિંગ ફોર એન્ટિ ડોપિંગ‘ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી અનુરાગ સિંહ ઠાકુરે ગુજરાતનાં ગાંધીનગરમાં આયોજિત આદરણીય નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ)માં સેન્ટર ઑફ એક્સલન્સ ફોર ન્યૂટ્રિશનલ સપ્લિમેન્ટ્સ ટેસ્ટિંગ (CoE-NSTS)નું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે સ્વીકૃત એનએફએસયુની અત્યાધુનિક સુવિધા ફોરેન્સિક અને સાયબર વિજ્ઞાનમાં નવીનતા અને કુશળતાના દીવાદાંડી સમાન છે. નવી દિલ્હીના ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે આયોજિત આ ઈવેન્ટ, પેરિસ ઓલિમ્પિક્સ 2024ની આગેવાનીમાં ડોપિંગ વિરોધી મુખ્ય પહેલ પર એકરૂપ થવા, ઈરાદાપૂર્વક અને વ્યૂહરચના ઘડવા માટે રમતગમત સમુદાયના હિસ્સેદારો માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે કામ કરે છે. પોતાનાં મુખ્ય સંબોધનમાં શ્રી અનુરાગ સિંહ ઠાકુરે વાજબી રમતનાં મૂળ સિદ્ધાંતો, સ્પર્ધાની ભાવના અને રમતગમતમાં પ્રામાણિકતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ભારતીય રમતવીરો દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલા સમર્પણ અને સ્થિતિસ્થાપકતાને બિરદાવી હતી તથા દેશના એન્ટિ ડોપિંગ માળખાને મજબૂત બનાવવામાં નાડાની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘રમતવીરો માટે પોષણ સંબંધિત પૂરવણી પરીક્ષણ માટે ઉત્કૃષ્ટતા કેન્દ્રની સ્થાપના ભારતમાં પોષણ પૂરક પરીક્ષણ સુવિધાઓ વિકસાવવાનાં મંત્રાલયનાં લાંબા ગાળાનાં લક્ષ્યાંક સાથે સુસંગત છે.‘ કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે, ‘રોડ ટુ પેરિસ 2024‘ થીમ વૈશ્વિક રમતગમતના મંચ પર એક રાષ્ટ્ર તરીકેની આપણી આકાંક્ષાઓ સાથે ઊંડાણપૂર્વક પ્રતિબિંબિત થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, ‘અમે લાંબી મજલ કાપી છે અને આ યાત્રા આપણાં રમતવીરોનાં સમર્પણ અને કઠોર પરિશ્રમથી ભરેલી છે, જેઓ આપણાં દેશનું નામ રોશન કરવા સતત પ્રયાસરત રહ્યાં છે.‘ ભારતીય રમતવીરોનાં પ્રદર્શન પર પ્રકાશ ફેંકતાં તેમણે કહ્યું હતું કે, ઓલિમ્પિક્સ, પેરાલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ અને અન્ય ચેમ્પિયનશિપ્સ જેવી વૈશ્વિક મેગા ઈવેન્ટમાં ભારતનું પ્રદર્શન, આપણા એથ્લેટ્સની તીવ્ર સ્થિતિસ્થાપકતા અને પ્રતિભાને પ્રતિબિંબિત કરે છે. નાડાના પ્રયાસોની પ્રશંસા કરતા શ્રી અનુરાગ સિંહ ઠાકુરે જણાવ્યું હતું કે, ‘સ્વચ્છ રમત અને એન્ટિ-ડોપિંગ પગલાંને પ્રોત્સાહન આપવા માટે નાડાના અવિરત પ્રયાસો પ્રશંસનીય રહ્યા છે.

# વિદ્યાધર નગર વિધાનસભા ક્ષેત્રમાં રૂ. 18 કરોડના ખર્ચે બનેલા ત્રણ ઊંચા જળાશયોનો શિલાન્યાસ

### વિકસિત રાજસ્થાનને વિકસિત ભારત સાથે બનાવીશું - નાયબ મુખ્યમંત્રી, દિયા કુમારી



જયપુર : નાયબ મુખ્ય પ્રધાન દિયા કુમારી અને પાણી પુરવઠા પ્રધાન કન્હૈયા લાલ ચૌધરીએ શુક્રવારે વિદ્યાધર નગર વિધાનસભા મતવિસ્તારના નેનદાદ ગામમાં આયોજિત એક કાર્યક્રમમાં વિસ્તાર માટે ત્રણ ઊંચા જળાશયોનો શિલાન્યાસ કર્યો હતો. લગભગ 18 કરોડ રૂપિયાના ખર્ચે નીનદાદ, કબીર આશ્રમ અને મચાડા હનુમાન મંદિર વિસ્તારમાં ઊંચા જળાશયો બનાવવામાં આવશે. આ ઊંચા જળાશયો પૂર્ણ થવાથી વિસ્તારની અંદાજે એક લાખ તેર હજાર વસ્તીને સ્વચ્છ અને અવિરત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે. કાર્યક્રમને સંબોધતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર ગરીબો, યુવાનો, અન્નદાતાઓ અને મહિલાઓ સહિતના તમામ વર્ગોને ધ્યાનમાં રાખીને યોજનાઓ અમલમાં મૂકી રહી છે. સરકારે રજૂ કરેલા બજેટમાં તમામ વર્ગને લાભ આપવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે સરકાર બજેટમાં કરવામાં આવેલી ઘોષણાઓને વહેલી તકે લાગુ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રીએ નાયબ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, તેમણે બજેટમાં પાણી પુરવઠા વિભાગને 15 હજાર કરોડ રૂપિયા આપ્યા છે, આનાથી દરેક ઘરમાં નળનું પાણી પહોંચાડવાના કામમાં ઝડપ આવશે. આંગણવાડી કેન્દ્ર અને શાળાનું નિરીક્ષણ- નાયબ મુખ્યમંત્રીએ નેણદડ ગામમાં આંગણવાડી કેન્દ્રનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે આંગણવાડીમાં આવતા બાળકો, ત્યાં ભણાવતા પુસ્તકો અને પોષણ અંગે આંગણવાડી કાર્યકરો પાસેથી માહિતી લીધી હતી. આ સાથે તેમણે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, નેનદડનું નિરીક્ષણ કર્યું હતું અને શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

### પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂના સમયમાં કોંગ્રેસ પાર્ટીનું ચિહ્ન બે બળદોની જોડી હતી

# ભાજપ-કોંગ્રેસના ચૂંટણી ચિહ્નો કઇ રીતે અસ્તિત્વમાં આવ્યા,રોચક માહિતી



નવી દિલ્હી : દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ બની રહ્યો છે. તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચે અજિત પવારના જૂથને અસલી એનસીપી ગણાવ્યું છે. જેના બાદ મહારાષ્ટ્રની રાજનીતિના વરિષ્ઠ નેતા શરદ પવારે પોતાના અલગ પક્ષ (શરદ સ્વાભિમાની પક્ષ, શરદ પવાર કોંગ્રેસ, Mi નેશનાલિસ્ટ) માટે ચાનો કપ, ઉગતા સૂર્ય અને ત્રણ નામ સહિત ત્રણ ચૂંટણી ચિન્હોનો વિકલ્પ ચૂંટણી પંચને મોકલ્યો છે. હકીકતમાં રાજકીય પક્ષો માટે ચૂંટણી ચિહ્ન તેની વિચારધારા દર્શાવે છે અને ચૂંટણી જીતવામાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. ઓછું ભણેલા લોકો મતદાન દરમિયાન પક્ષનું ચિહ્ન જોઈને જ મત આપતા હોય છે. એવામાં જાણીએ કે દેશની બે મોટી પાર્ટીઓ કોંગ્રેસ અને બીજેપીના ચૂંટણી ચિહ્નોનો ઈતિહાસ.

દેશના પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂના સમયમાં કોંગ્રેસ પાર્ટીનું ચિહ્ન બે બળદોની જોડી હતી. પરંતુ વર્ષ 1969 માં પાર્ટી, વરિષ્ઠ નેતા કે કામરાજ અને પંડિત નહેરુ વચ્ચે વહેચાઈ ગઈ હતી. આ વહેંચણીમાં બે બળદની જોડીવાળા ચૂંટણી ચિહ્નને ઈલેક્શન કમિશને સીઝ કરી દીધું હતું અને કામરાજના તિરંગામાં ચરખો અને પંડિત નેહરુને ગાય અને વાછરડાનું નવું ચિહ્ન જારી કરવામાં આવ્યું હતું. ફરી એક વખત ઈમરજન્સીના સમય વર્ષ 1977 માં કોંગ્રેસનું ચિહ્ન ચૂંટણી પંચે સીઝ કર્યું હતું. કટોકટી બાદ પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની કોંગ્રેસ આઈ માટે નવું ચિહ્ન હાથનો પંજો જારી કર્યું. ત્યારથી લઈને આજદિન સુધી પંજો કોંગ્રેસનું ચિહ્ન રહ્યું છે.

વર્ષ 1951 માં ભાજપ જ્યારે જનસંઘ હતી તે સમયે તેનું ચૂંટણી ચિહ્ન દીવો હતો. ત્યારબાદ વર્ષ 1980 માં ભાજપનું ગઠન થયું અને તેમાં જનસંઘ સિવાય અન્ય પક્ષો પણ એકસાથે આવ્યા હતા. જેને પગલે તમામની મંજૂરી બાદ તેનું ચૂંટણી ચિહ્ન હળ ધારણ કરેલા ખેડૂત પસંદ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર વર્ષ 1857 માં જનસંઘનું ચૂંટણી ચિન્હ બદલાયું હતું. આ સમયે દેશમાં બ્રિટીશ શાસન વિરુદ્ધ બળવાનું રણશિંગું ફૂંકાઈ ગયું હતું. જાણકારો અનુસાર લોકો તે સમયે રોટલી અને કમળના બીજનો ઉપયોગ એક સ્થળેથી બીજા સ્થળે માહિતી પહોંચાડવા માટે ઉપયોગ કરતા હતા. આ સંજોગોમાં કમળને રાષ્ટ્રવાદ અને દેશપ્રેમની વિચારધારા સાથે જોડવામાં આવ્યું. ત્યારથી જનસંઘના નેતાઓએ તેને પક્ષનું ચિહ્ન બનાવવાનો નિર્ણય લઈ લીધો હતો.

# મહારાષ્ટ્રમાં પાર્ટીઓમાં તોડફોડ લોકસભામાં ભાજપનો ખેલ બગાડશે! I.N.D.I.A ને બમ્પર ફાયદો

નવી દિલ્હી : લોકસભા ચૂંટણી દરમિયાન સૌથી વધુ લોકોની નજર મહારાષ્ટ્ર પર રહેશે. તેનું મુખ્ય કારણ રાજ્યની રાજકીય ગતિવિધિઓ છે. મહારાષ્ટ્ર એકમાત્ર એવું રાજ્ય છે જેણે 2019ની સામાન્ય ચૂંટણી પછી ગઠબંધનની રાજનીતિમાં મોટો ફેરફાર જોયો છે. શિવસેના અને એનસીપી વચ્ચેના વિભાજનથી લઈને આ પક્ષોની ‘માલિકીના અધિકારો’ અંગે તાજેતરમાં મહારાષ્ટ્રમાં ભારે હોબાળો થયો.

આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે શું મહારાષ્ટ્રનું બદલાયેલું રાજકીય વાતાવરણ સંસદીય ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ને મદદ કરશે કે તેની વિપરીત અસર જશે? ચાલો સમજીએ. એક સરવે અનુસાર જો જાન્યુઆરીમાં ચૂંટણી યોજાઈ હોત તો ભાજપ અને તેના સહયોગીઓને ભારે નુકસાન થયું હોત. સર્વે અનુસાર મહારાષ્ટ્રની કુલ 48 લોકસભા બેઠકોમાંથી ભાજપ અને તેના સહયોગી પક્ષોને 22 બેઠકો મળી શકી હોત. એનડીએને 2019માં મળેલી બેઠકો કરતાં આ 19 બેઠકો ઓછી છે. સર્વે અનુસાર, જો 2024ની લોકસભાની ચૂંટણી જાન્યુઆરીમાં યોજાઈ હોત તો કોંગ્રેસની આગેવાની હેઠળના I.N.D.I.A ગઠબંધનને મહારાષ્ટ્રમાં 26 બેઠકો મળી હોત. જેના પરથી કહી શકાય કે 2019ની સરખામણીમાં કોંગ્રેસ અને તેના ગઠબંધનને 21 સીટોનો સીધો ફાયદો થયો હોત.

સર્વે મુજબ એનડીએ (NDA) નો વોટ શેર 40 ટકા રહ્યો હોત. જ્યારે કોંગ્રેસને 12 બેઠકો મળી હોત. આ સિવાય શરદ પવારની આગેવાની હેઠળના NCP જૂથ અને ઉદ્ધવ ઠાકરેની શિવ સેનાને 14 બેઠકો મળી શકે તેમ હતી. જ્યારે વિપક્ષી I.N.D.I.A ગઠબંધનનો વોટ શેર 45 ટકા રહેવાનો અંદાજ હતો. 2019ની લોકસભા ચૂંટણી પછી મહારાષ્ટ્રમાં રાજકીય ગતિવિધિઓ ઝડપથી બદલાઈ. પાર્ટીઓની અંદર અને બહાર ઘણું બધું થયું. શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (NCP) વચ્ચે વિભાજન થયું હતું અને હવે ચૂંટણી પંચ દ્વારા જાહેર ‘અસલ પક્ષો’ ભાજપ સાથે છે.

Punjab Land of Unlimited Opportunities

# ભગવંત સિંહ માન

## મુખ્યમંત્રી, પંજાબ

દ્વારા

# ઘર-ઘર મફત રાશન

## ની શરૂઆત



✓ પ્રથમ તબક્કામાં

**24.49 લાખ લાભાર્થીઓ**

✓ દર મહિને

**તાજું રાશન**

મુખ્ય અતિથિ

# શ્રી અરવિંદ કેજરીવાલ

મુખ્યમંત્રી, દિલ્હી

ફેબ્રુઆરી 10 , 2024, 11:00 વાગ્યે સવારે
અનાજ બજાર, રાહુન ગામ
(ખન્ના - સમરલા રોડ), લુધિયાણા જિલ્લા



# સુશાસન, મફત રાશન.

-ભગવંત સિંહ માન,
મુખ્યમંત્રી, પંજાબ

ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, પંજાબ.